બિસ્મીલ્લાહીર રહમાનીર રહીમ – સલ્લલ્લાહો અલય્ક યા વલીય્યલ અસ્ર અદરીકના.

## શિયાઓનું બંધારણ

રસૂલે ખુદા (સ.અ.વ.) નો ઇરશાદ છે કે : 'ઇન્ની તારેકુમ ફી કોમુસ્સ સકલૈન કિતાબલ્લાહે વ ઇતરતી વ ઇતરતી .... અર્થાત હું તમારી વચ્ચે બે મુલ્યવાન અમાનત કુરઆન અને મારી ઝુર્રીયતને મૂકીને જઇ રહ્યો છું.'

શિયાઓએ કુરઆન અને માઅસુમીન અલયહેસ્સલામના ઇરશાદાતને પોતાના જીવનના સિદ્ધાંત અને જીવન ક્રમ બનાવી લીધા છે. કારણ કે આ બંને કોઇ પણ યુગમાં ક્યારેય પણ જુદા નહીં થાય આજ ઇરશાદમાં આપ (સ.અ.વ.) આગળ ફરમાવે છે. : 'લન યફતરેકા હત્તા યરેદા અલય્યલ હવ્ઝ' એટલે કે એકબીજાથી હરગીજ જુદા નહીં થાય ત્યાં સુધી કે કયામતના દિવસે બંને સાથે સાથે રસૂલે ખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં હૌઝે કવસર પર આવી મળશે. આનાથી સ્પષ્ટ થાય છે કે કુરઆન અને ઇતરતથી વિખૂટા પડવાનો અર્થ ઇસ્લામના ટુકડે ટુકડા કરી નાખવા તેવો થશે. જ્યારે ઇસ્લામના ટુકડે ટુકડા થઇ જશે. ત્યારે તે ''ઇસ્લામે મોહમ્મદી'' નહીં કહેવાય, પણ બીજો કોઇ ઇસ્લામ કહેવાશે.

શિયા સમાજ માટે અનુસરણનું કેન્દ્ર

જે પરિવાર કુરઆની વહી નાઝીલ થવાનું કેન્દ્ર છે, તે પરિવાર શિયા પરિવારો અને સમાજ માટે અનુસરણ કેન્દ્ર છે. એ ઘર છે જ્યાં સ્વયં નબીએ અકરમ (સ.અ.વ.) અને ફરિશ્તાઓ હંમેશા આવ – જા કરતા હતા એ ઘરમાં સંપૂર્ણ ઇસ્લામ અને સંપૂર્ણ ઇસ્લામ અને સંપૂર્ણ ઇમાન સુરક્ષિત હતું અમીરૂલ મોઅમેની અલયહીસ્સલામના પવિત્ર ઘરમાં હઝરત મોહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ અને મવલાએ કાએનાત, પિતાની હેસિયતથી શિયાઓ માટે દ્રષ્ટાંતરૂપ હતા. શિયા માતાઓ માટે માસુમને કોનૈન ફાતેમા ઝહેરા સલામુલ્લાહે અલયહા સંપૂર્ણ નમૂના – એ – અમલ હતા. શિયા સંતાનો માટે ઇમામ હસન અલયહીસ્સલામ ઇમામ હુસૈન અલયહીસ્સલામ અને જનાબે ઝનયબે કુબરા તમેના નકશે કદમ પર ચાલવા માટે મદદરૂપ છે. શિયાઓ હંમેશા એ વાત માટે પ્રયત્નશીલ રહે છે કે તેઓનું અનુસરણ કરી તેમના માર્ગદર્શન પ્રમાણે જીવન વીતાવે.

શિયાઓ ઇસ્લામની અન્ય બાબતોની સાથે બે વિશેષ બાબતોમાં માન્યતા ધરાવે છે. અને તે વિશેષતાથી બીજા ફીરકાઓથી જુદા ઓળખવામાં આવે છે. જે બે બાબતો છે. (૧) અદાલત (૨) ઇમામત

(૧) અદાલત : શિયાઓ 'અદલ' ને ઉસૂલે દીનનો ભાગ સમજે છે. તમેજ અંબિયા અલયહેમુસ્સલામ અદલો ઇન્સાફ ફેલાવવા માટે આવ્યા હતા, તેમ માને છે. અને પોતાને અંબિયા અલયહેમુસ્સલામના વારસદાર સમજે છે તેમજ અદલો ઇન્સાફ જાળવવાને પોતાની જવાબદારી સમજે છે. તેમજ દુનિયામાં અદલો ઇન્સાફની હુકુમત કાયમ કરવા માટે લોકોને તૈયાર કરવા માટે પ્રયત્નશીલ રહે છે. જેથી ઇમામે ઝમાના અલયહીસ્સલામ દ્વારા એક અદલો ઇન્સાફ પૂર્ણ હુકુમતની સ્થાપના થઇ જાય અને દુનિયા ભરમાંથી ઝુલ્મ – અત્યાચારની નાશ થાય.

(૨) ઇમામત : શિયાઓ પાયાના દ્રષ્ટિકોણ અને એકાએક પૈકીનો એક અકીદો 'ઇમામત' વિશેનો પણ છે. અંબિયા અલયહેમુસ્સલામની રિસાલતનો સિલસિલો ઇમામત દ્વારા રહ્યો છે. આ રીતે ખુદાના પયગબરોની નબુવ્વત અને રિસાલતનો ક્રમ પુરો થવા પછી તેઓની ફરજો અને ઇલાહ બંધારણ અને કાનૂનોનો અમલ કરવવાની જવાબદારી એવી વ્યક્તિઓ ઉપર હોવી જોઇએ. જેઅ પયગમ્બરે ખુદાની શબીહ (સમાન) હોય અને તેઓની કાર્યપદ્ધતિનો અમલ ચાલુ રહે. જેથી અંબિયાએ કેરામના આશય અને હેતુતેમજ તેઅ એ ઉઠાવેલી ઝેહમતોને ભૂલાવી ન દેવાય. જે પવિત્ર હસ્તીઓ, અ મહાન ફરજ બજાવવાની જવાબદારી ઉઠાવી ઉમ્મતને માર્ગદર્શન આપવાના ભારને પોતાના ખભા ઉપર ઉઠાવવે છે તેઓ ''માસૂમ ઇમામો'' હોય છે અને તે ઇમામો જ અંબિયા અલયહેમુસ્સલામની જેમ માસુમ અને ગુનાહોથી પાક હોય છે. એવી વ્યક્તિઓમાંથી આજે પણ એક પવિત્ર હસ્તી, અંતિમ રહેનુમા, પેશ્વા, ઇમામે હસન અસ્કરી અલયહીસ્સલામના દિલબંધ હઝરત ઇમામ વક્ત, અંબિયા અને અઇમ્મએ માસુમની અલયહેમુસ્સલામના વારસ મૌજૂદ છે. તેઓ તેમના આગમન (ઝહુર અને કયામ) અને ઇનકલાબથી અદલે – ઇલાહીના કાનૂનોને નવું જીવન અર્પણ કરશે. વિશ્વમાં એ હઝરત (અ.સ.) નું આગમન અને ઇન્કલાબ પયગમ્બરના પવિત્ર કયામની અંતિમ કડી હશે. તેઓના સ્વાગત માટે આજે પણ દુનિયાના લોકોની આંખો પ્રતિક્ષા કરી રહી છે. ઉપરના બંનેના પાયાના સિદ્ધાંતો (અદાલત અને ઇમામત) ને લક્ષમાં લેતા શિયાઓની જવાબદારી સ્પષ્ટ થઇ જાય છે કે તેઓ નબુવ્વત અને ઇમામતની જાળવણીની મહાન જવાબદારીનો સંગીન બોજ કેવી રીતે નીભાવે છે ? અને કેવી રીતે અદલ – ઇન્સાફનો ફેલાવો કરવા, ઝુલ્મ – સિતમથી પોતે દૂર રહી ઇમામે ઝમાના (અ.સ.) ના ઝુહુર અને ઇન્કેલાબ માટે રસ્તો સાફ કરવાની જવાબદારી નીભાવે છે ?

એક સાચા શિયાની લાક્ષાણિકતા એ છે કે ઇસ્લામ અને ઇન્સાનિયતનું રક્ષણ કરવા, જુલ્મ અને અત્યાચાર સામે ટક્કર લેવા અને અદલો ઇન્સાફના અમલીકરણ મો દરેક જમીનને 'જમીને કરબલા' અને દરેક દિવસને 'આશુરાનો દિવસ' સમજે છે. કારણ કે એક બાજુથી તો એ રિસાલત અને ઇમામતનો દાવેદાર અને રક્ષક છે અને બીજા બાજુથી રિસાલત અને ઇમામતના અહકામ તેમજ અદલો ઇન્સાફ એવી શરતચૂક અને આપણો ગૈર ઇસ્લામી અમલ આપણી વિચારધારા અને ઇસ્લામ માટે એવી લપડાક બની જશે જેની ક્ષાતિપૂર્તિ કરવી આપણા માટે અશક્ય બની જશે ?

આથી આપણે એ હકીકત પ્રત્યે સજાણ રહેવું જોઇએ કે : આપણે પહેલા કરતા વધારે જવાબદારીઓ વહન કરીએ. આપણા કાર્ય અને ચારિત્ર્ય આપણી કાર્યપ્રણાલિકા ઇન્સાની અને ઇસ્લામની હોવી જોઇએ. આપણો અમલ અદલો ઇન્સાફ, તકવા અને પરહેઝગારી, પ્રતિભા અને ઇસ્લામી દ્રષ્ટિકોણથી પૂર્ણ હોવી જોઇએ તમામ ક્ષેત્રોમાં ઇસ્લામની મહાનતા બુઝુર્ગી અને પ્રતિભાનું રક્ષણ કરવું જોઇએ. આપણે બીન ઇસ્લામી ચારીત્ર્ય પ્રદર્શીત કરીને મિલ્લતે શિયા માટે શરમ અને લજ્જાનું કારણ ન બનવું જોઇએ.

# મહદી (અજ.) નું સૌંદર્ય

ઇમામ મહદી (અ.સ.) ની વિલાદત તેમનું કૂળ તેમના આગમન અને તેમના માર્ગદર્શન ઇલાહી હુકુમતની સ્થાપના વગેરે, બધી બાબતો વિશે પયગમ્બરે અકરમ (સ.અ.વ.) ની હદીસો તેમના જાનશીનો અને સહાબાએ કેરામના પવિત્ર મુખેથી સાંભળીને લોકો જ્યાં બનાવટી રીતે બની બેસનાર 'જુઠા મહદી' ની કલ્પના કરવા લાગ્યા. તેની સાથો સાથે જે તે વખતના સત્તાધિશોના દિલમાં અદલો ઇન્સાફ કાયમ કરનાર મહદી વિશેની વાતો સાંભળીને એવી ધાસ્તી બેસી ગઇ કે તેઓ સત્તાના સુત્રો સંભાળતાની સાથે જ એવું વિચારવું લાગ્યા કે જો મહદી વિશેની કોઇ બાતમી મળી જાય તો તેમને તલવારનું નિશાન બનાવીને નિરાંતનો દમ લઇ શકાય. આજ કારણોસર અઇમ્મએ માઅસુમીન (અ.સ.) ની દરેક વ્યક્તિઓને દરેક પ્રકારના જુલ્મ અને અત્યાચારોનો સામનોકરવો પડ્યો હતો. આ ઉપરાંત એવા અગણિત લોકોએ 'મહદી' હોવાનો દાવો કર્યો હતો જેમના દુરાચારી અને દુષ્ટ હોવામાં શંકાને કોઇ સ્થાન ન હતું. નોંધપાત્ર વાત તો એ છે કે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમથી લઇને ઇમામ હસન અસ્કરી (અ.સ.) સુધીના તમામ માઅસુમોએ અવાર નવાર મહદી અલયહીસ્સલામ વિશે - તેઓના શરીરના દેખાવથી માંડીને આંતરિક અને રૂહાની અઝમત અને હોદ્દા સુધીની બાબતોની તસ્વીર અને નિશાનીઓ એટલે સુધી કે તેઓ (અ.સ.) ના ઝહુર પહેલા અને ઝહુર પછીની બાબતો અને ઇલાહી હુકુમતની આછી ઝલક પણ પ્રસ્તુત કરી દીધી હતી. આજ કારણસર જ્યારે જ્યારે પણ જેટલા મહીદીવીયતના બનાવટી દાવેદારોએ મહદીવીયતનો દાવો કર્યો, તેઓનો ભાંડો થોડા જ દિવસમાં ફૂટી ગયો, તેવા જુઠ્ઠાઓ હક પસંદ અને ઇમાનદારોની નજરોમાં ઝલીલ એ તીરસ્કૃત બની ગયા તેઓનો ભ્રમ એવો ખુલ્લી ગયો કે પછી તેઓ હડધૂત થઇ ગયા. કારણ કે જ્યારે તેઓએ રસુલે ખુદા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ અને અઇમ્મએ માઅસુમની અલયહેમુસ્સલામની હદીસો દ્વારાઇમામ મહદીની વિલાદતની ગુપ્ત વાત, તેઓની ટેવો, તેમના ફઝાએલ તેઓ અને તેઓના સુચારિત્ર્ય સાથે મહદવીયતનો દાવા કરનારની ટેવો, શકલ, વિગેરેને સરખાવતા ખોટા દાવેદારો તુરતજ જુદા તરી આવ્યા જેના પરીણામે તેઓના જુઠા દાવેદાર હોવાનું સરળતાથી સાબિત થઇ ગયું.

પ્રસ્તુત લેખમાં અમે ઇમામ મહદી અલયહીસ્સલામની ચેહરાની સુંદરતા અને દેખાવ હદીસોના પ્રકાશમાં રજુ કરીએ છીએ.

સદક રસૂલુલ્લાહે સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ

જગતના તમામ મુસ્લિમો રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમના પવિત્ર મુખમાંથી નીકળેલા શબ્દો વિશે કોઇ શંકાકે સંદહ કરતા નથી. અને તેમન વાતને રદીયો પણ આપતા નથી કારણ કે તમામ મુસ્લિમો એ વાત જાણે છે કે પયગમ્બરે અકરમ (સ.અ.વ.) જે કાંઇ બોલે છે તે અલ્લાહની વહી હોય છે. આપ (સ.અ.વ.) આપની પોતાની મેળે કો પણ વાત ઇરશાદ ફરમાવતા નથી. આ વાતની જામીનગીરી કુરઆને આ શબ્દોમાં લીધી છે !

વમા - યન્તેકો - અનિલ - હવા - ઇન - હોવા - વહયુન - યૂહા (સુરએ નજમ આયત ૩-૪)

''અને ન તો ખ્વાહીશાતે નફસથી મુખથી કોઇ વાત કાઢે છે (આપ સ.અ.વ. જે કાંઇ બયાન કરે છે તે) આ વહી છે જે તેઓ પર નાઝીલ થાય છે.''

પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.) એ અપના જાનશીન વિશે ખૂબજ સ્પષ્ટ રીતે ફરમાવ્યું છે. આપ (સ.અ.વ.) હઝરત મહદી અલયહીસ્સલામના ચહેરાના સુંદરતા આપ (અ.સ.) ની દેખાવ અને સુરુપતા વિશે ઇરશાદ ફરમાવ્યું છે. :

કયાફહ - હઝરત - મહદી (અ.સ.) અનીર રસૂલ (સ.અ.વ.)

''અલય મહદીયો - મીન્ની અજલલ - જબહતે અકનલ અન્ફે.''

''મહદી મારાથી છે, તેઓ વિશાળ અને પ્રકાશિત પેશાની અને ઘાટીલા નાકવાળા હશે.''

ઉપરોક્ત હદીસને સાહેબે મુન્તખબુલ અસ્રે સોનને અબુ દાઉદ, પુસ્તક ૨, પાના નંબર ૨૦૮ ના સંદર્ભ થી નોંધેલ છે. આ કિતાબની ગણના સીહાહે સિત્તામાં થાય છે. હાકીમે નેશાપુરીએ પણ પોતાના ઉસ્તાદના હવાલાથી અલ મુસ્તદરક હૈદરાબાદથી પ્રકાશિત ૧૩૩૪ હીજરી પુસ્તક ૪ પાના નંબર ૫૫૭ ઉપર આ હદીસ નોંધી છે. આ હદીસ નોંધ્યા પછી તેઓએ આ પ્રમાણે લખ્યું છે. : ''હાઝા હદીસુન સહીહુન'' આ હદીસ સહી (સાચી, વિશ્વસનીય - આધારભૂત) છે.

ઇમામે મહદી કવકબે દુર્રી :

સાહેબે સવાએ કે મોહર્રેકા ઇબ્ને હજરે મક્કીએ તીબરાનીના હવાલાથી આ હદીસ નોંધી છે કે - અનીર રસૂલ (સ.અ.વ.)

અલ મહદીયયો - મિન અ વુલ્દી - વજહોહો વલ કવકબે દુર્રીયયે ............ (અલતાજુલ જામેઉલ ઉસૂલ ૩૬૪/૫)

રસૂલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું : ''મહદી મારી અવલાદમાંથી હશે અને તેઓનો ચહેરો ચમકતા સિતારા જેવો હશે.''

આજ પ્રકારની હદીસ મવલાએ કાએનાત અમીરૂલ મોઅમેનીન અલયહીસ્સલામથી વારીદ થઇ છે. આપે ફરમાવ્યું : યખરોજો રજોલુન મિન વુલ્દી આખેરીઝઝમાને અબયઝો મુશ્રેબુન હુમ રહ

મારા સંતાનો પૈકી એક શખ્સ આખરી ઝમાનામાં ઝહુર કરશે તમેનો ચહેરો ચાંદ જેવો એક ફુલ જેવો હશે.

ઇમામ બાકિર અલયહીસ્સલામે ફરમાવ્યું : વજહોહો કવકબુન દુરરીય્યુન મુશરબુન બેહુમ્રતીન. (અઝઝામુનના સિબ ૨૧૪)

''તેઓનો ચહેરો લાલચોળ અને સિતારા જેવો ઝળહળતો હશે.''

હઝરત મહદી અલયહીસ્સલામની મુબારક સુરત વિશે ઇમામે સાદિક અલયહીસ્સલામ ફરમાવે છે કે : તેઓનો ચહેરો ખૂબસૂરત ઘઉં જેવા સોનેરી રંગનો અને ફૂલ જેવો હશે.

વૃદ્ધાવસ્થામાં યુવાન

ઇમામ મહદી અલયહીસ્સલામ ઝહુર ફરમાવશે ત્યારે આપની વય કોણ જાણે કેટલી હશે. પરંતુ તેઓની વિલાદતને અજો ૧૧૫૦ (અગિયારસો પચાસ) વર્ષનો સમય વીતી ચૂક્યો છે.અને એજ આજના હિસાબે ઘણી વય ગણાય. આટલી લાંબી વયના માણસ વૃદ્ધજ કહેવાય છે પરંતુ રિવાયતમાં હઝરત મહદી (અ.સ.) વિશે આનાથી ઉલટું જોવા મળે છે. ખાનદાને વહી અને નબુવ્વતના આઠમા સિતારા હઝરત ઇમામે રેઝા અલયહીસ્સલામ ફરમાવે છે કે : તેઓની નિશાનીએ છે કે વૃદ્ધાવસ્થામાં તેઓના ચહેરાની સુંદરતા અને દેખાવ યુવાન જેવો હશે. એટલે સુધી કે જોનાર વ્યક્તિ આપ (સ.અ.વ.) ને જોશે ત્યારે ચાલીસ વર્ષ કે તેથી પણ ઓછી સમજશે. અને તેઓની નિશાનીઅ એ છે કે લાંબો વ્યક્ત તેઓ ઉપર અસર નહીં કરે અને મૌત આવતા સુધી તેઓ (ના શરીર) ઉપર વૃદ્ધાવસ્થાના કોઇ ચિહનો દેખાશે નહીં. (મુન્તખબુલ અસર ૨૨૧)

યાદ રહે : અંદાજે આ હદીસ અથવા આના જેવી હદીસોથી ફાયદો ઉઠાવીને લોકોને એ વાત સાબિત કરવાના પ્રયત્નો કર્યા છે કે મહદી અલયહીસ્સલામના ઝહુર વખતે આબપની વય લગભગ ચાલીસ વર્ષની હશે. એટલે કે તેઓની વિલાદત તેમના ઝુહુરના ચાલીસ વર્ષ પહેલા થશે. આ દષ્ટિકોણ પાયા વગરનો અને રિવાયતોથી ઉંધો (ખોટો) છે.

ઇમામ મહદી (અ.સ.) ની વૃદ્ધાવસ્થા મુસલમાનો માટ કસોટી

ઇમામ મહદી અલયહીસ્સલા ફરમાવે છે કે ખુદાની આકરી કસોટીઓ પૈકીની એક કસોટી એ છે કે (તેઓ) સાહેબુઝઝમાન બિલ્કુલ નવયુવાનની જેમ જાહેર થશે, જ્યારે લોકો (તેઓની લાંબી વયના કારણે) તેઓની વૃદ્ધા હોવાની કલ્પના કરશે. (મુન્તખબુલ અસ્ર ૨૫૮, અઅલામુલ વરા,૪૦૭)

પુનમના ચાંદ જેવો ચહેરો અને વાંકડીયા વાળ

ઇમામ અમીરૂલ મોઅમેનીન (અ.સ.) ફરમાવે છે કે : મહદી (અ.સ.) ની આંખો કાળી, વાળ વાંકડીયા, ચહેરો ચાંદ જેવો, અને પેશાની વિશાળ અને ચળક્તી હશે અને તેઓના જમણા ગાલ ઉપર એક તલ હશે.

ઇતિહાસકારો લખે છે કે તમામ અઇમ્મએ માઅસુમીન (અ.સ.) પૈકી ઇમામ અલી રઝા અલયહીસ્સલામ સૌથી વધારે ખુબસુરત હતા. તેથી જ આપ (સ.અ.વ.) જ્યારે જનસમૂહમાં તશરીફ લઇ જતા ત્યારે મુખ ઉપર નકાબ નાખી નાકબ નાખી ચહેરો ઢાંકી દેતા. તેમ છતાં, નૂરે ઇમામત નકાબની બહાર છલકાઇને દેખાતું હતું. પરંતુ ઇમામ રઝા અલયહીસ્સલામ જ્યારે, તેઓના ચોથા અને પયગમ્બર (સ.અ.વ.) ના અંતિમ જાનશીન હઝરત મહદી અલયહીસ્સલામનું સ્વરૂપ અને તે હઝરતની શકલો સુરતનું વર્ણન ફરમાવે છે ત્યારે આ પ્રમાણે કહે છે કે, ''તેઓ મારા અને મુસા અલયહીસ્સલામ સમાન (શબીહ) હશે તેઓ ઉપર નૂર (પ્રકાશ) નું એક વતૃળ ઘેરી વળેલું હશે અને તેઓના પવિત્ર ચહેરા ઉપરથી નૂરે ઇલાહી છલકાતું હશે અને તેઓના સમતોલ, મધ્યમસર સર્જન અને ઝળહળતા ચહેરા થકી ઓળખવામાં આવશે. તેઓના અખ્લાક રસૂલે ખુદા (સ.અ.વ.) જેવા હશે.'' (મુન્તખબુલ અસર - ૪૨૨)

અત્રે બીજી એક વાત નોંધપાત્ર છે, અને તે એ કે આપ (સ.અ.વ.) મુસા બિન ઇમરાન (અ.સ.) ની શબીહ હશે. ઇતિહાસમાં છે કે હઝરત મુસા કદાવર શરીરવાળા ખૂરસુરત હતા.

પયગમ્બરે અકરમ સલ્લાહો અલહે વ આલેહી વસલ્લમ પણ એક હદીસમાં ઇરશાદ ફરમાવે છે : ''મહદી મારા વંશમાંથી છે, તેઅવનો ચહેરો ચમકતા ચાંદ જેવો હશે. તેઓનો રંગ, રંગે - અરબી (ઘઉંવર્ણુ) તેઓનું શરીર જીસ્મે ઇસ્રાઇલી (ઉંચુ અને કદાવર) હશે.'' (મુન્તખબુલ અસ્ર ૧૮૫)

ઉપરોક્ત હદીસને થોડા ફેરફાર સાથે ઘણા આલીમોએ નીચે મુજબની કિતાબોમાં નોંધી છે.

(૧) નુરૂલ અબ્સાર ભાગ - ૨ પાના નંબર ૧૫૪

(૨) અસઆફુર રાગેબીન ભાગ - ૨ પા. નંબર ૧૩૫

(૩) યનાબીઉલ મવદદત પાના નંબર ૪૬૯

(૪) અલ બુરહાન ફી અલામાતે મહદ આખેરૂઝઝમાન અને કશફુલ ગમ્મ વગેરે.

ઇમામ મહદી (અ.સ.) ની બયઅત કરનારાઓ

ઇમામ મહદી અલયહીસ્સલામના ગુણો અને દેખાવ ખાસ કીરને તેઓના સ્વરૂપ વિશેની જાણરી મળી ગયા પછી મોમિનોને તેઓને ઓળખવામાં કોઇ મુશ્કેલી રહેશે નહીં. અને તેઓ (અ.સ.) ને સરળતાથી ઓળખી લેશે અને તેઓ (અ.સ.) ની બયઅત પણ કરી લેશે. પ્રસ્તુત લેખના અંતમાં અમે ઇમામ ઝમના (અ.સ.) ના મિત્રો અનેજાનિસારોની એક ખાસ સિફતનું વર્ણન કરી રહ્યા છીએ અને તે સિફત એ છે કે ઇમામ (અ.સ.) ના શિયા એકે દિલ અને એક સરખી વિચારધારા ધરાવનારા હશે અને એકતા અને એકમતથી ઇમામ (અ.સ.) ની પ્રતિક્ષા કરનારા હશે.

મૌલાએ કાએનાત અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અલયહીસ્સલામ એક ખુત્બામાં ઇમામ અસ્ર અલયહીસ્સલામના મદદગારોનો ઉલ્લેખ કરીને, મક્કાએ મોઝઝમામાં હઝરત મહદી

(અ.સ.) ના ઝુહુરનું એક દ્દશ્ય પ્રસ્તુત કરતા ફરમાવે છે.

કઅન્ની - અન્ઝોરો - એલયહીમ અ વઝઝયયો - વાહેદુન - વલ કદદો - વાહેદુન - વલ જમાલો - વાહેદુન - વલ્લેબાસો - વાહેદુન ! કઅન્નમા અ યતલોબૂન - શયઅન અ ઝાઅ - મિનહુમ - ફહુમ અ મોતહયયેરૂન - ફી - અમરેહીમ. હત્તા યખરોજા - એલયહીમ - મીન - તહતે યસારીલ - કઅબતે - ફી - આખરેહા-રજોન - અશબહુન્નાસે - બે રસૂલિલ્લાહે (સ.અ.વ.) ખલકન - વ ખુલ્કન વ હુસ્નન - વ જમાલન - ફયકૂલૂન - અન્તલ મહદીયયો ? ફયોજીબોહુમ વયકુલો : અનલ મહદીયયો બાયેઉ (રોઝગારરે હાઇ ૧/૪૧૬, અલ મલાહીમ વલ ફતન પાનાં નંબર ૧૨૨)

અનુવાદ : જાણે કે હું મારી આંખો વડે જોઇ રહ્યો છું. દરેકે દરેક એકજ રંગ અને એક જ કદના છે. તેઓનું સૌદર્ય એક સરખું છે, જાણે કે બધાજ પોતાના કોઇ ખોવાયેલાને શોધી રહ્યા છે. બધા એક દિલ બનીને એક જ દીશા ભણી કૂભ કરી રહ્યા છે.એ બધા સ્તબ્ધ અને પોતાના કામોમાં ઝડપી (દોડતા) નજરે પડે છે. કે એટલામાં એકાએક એક મર્દ (વીર) ખાનએ કાઅબાની દીવાલના છેલ્લા ભાગ પાસેથી ખાનએ કાઅબાના ગીલાફમાંથી બહારની કળશે, જે સરત સુરતમાં ખીલકત અને અખ્લાકમાં પયગમ્બર (સ.અ.વ.) ને બેહદ મળતા અવાતા હશે. (આ લોકો) તેને પૂછશે કે : શું તમે મહદી છો ? તે કહેશે કે હા, હું મહદી છું, પછી તેઓ બધા મેમની બયઅત કરશે.

માનવંત આવચક મિત્રો, આપણા ઇમામ (અ.સ.) ના ઝુહુર વખતે એ વાત ઘણે ભાગે શક્ય છે કે, આપણી ગફલત, સુસ્તી અને આળને કારણે આપણે ઇમામને ઓળખી ન શકીએ આથી સાચી પ્રતિક્ષા કરનારાઓ (મુન્તઝીર) ની એ ફરજ છે તેઓ દરરોજ પોતાના ઇમામ પ્રત્યેની મોહબ્બતને વ્યક્ત કરે અને તે વિશે પોતાના ઘણી જ તાકીદ કરવામાં આવી છે. આ વાયદા અને વચનને પાકો કરવા માટે દદરોજ નમાઝે - સુબ્હ પછી ‘દુવાએ અહદ’

પડવી જોઇએ. જે મફાતિહુલ જીનાન પા. નંબર ૫૩૯ (ફારસી) અને પાના નંબર ૫૪૨ (ઉર્દૂ) પર આપવામાં આવેલ છે. જે દુવાના પ્રારંભના શબ્દો આ પ્રમાણે છે. અલ્લાહુમ્મ રબ્બન - નરીલ અઝીમ....

પ્રસ્તુત લેખનો સારાંશ એ છે કે હઝરત મહદી અલયહીસ્સલામનો દેખાવ ધ્યાન આકર્ષક હશે અને તેઓનો ધ્યાનઆકર્ષક દેખાવ અરબી ભાષાનાં શબ્દોમાં વ્યક્ત કરવામાં આવ્યો છે. તેના શબ્દો અને મહાવરાનો પૂરે પૂરો ઉપયોગ કરવામાં આવ્યો છે જેમ કે : અજલલ જબહતે અકનલ અન્ફે, કવ્કેબે – દુર્રી અબયઝો, મુશરેબનુ હુમરહ, વજહુલ અકમર, જબીનુલ અઝહર અને જલાબીબુન વગેરે. આ ઉપરાંત બીજી અગણિત બીજી હદીસોમાં શબ્દો અને મહાવરાનો ઉપયોગ થયો છે. લંબાણ થઇ જવાની શક્યા જોતા અહિં તેનું વિગતવાર વર્ણન કર્યું નથી.

હઝરત મહદી રૂહી વ અરવાહોનાલહુ ફીદાની વિલાદત વિશે ઘણી રીતે એઅતેરાઝ કરવામાં આવ્યા છે, પરંતુ અત્રે અમે લેખને સંક્ષિપ્ત કરવાના હેતુથી ફક્તે બે એઅતેરાઝનો ઉલ્લેખ કરીન તેનો જવાબ આપવાની કોશિશ કરીશું તેમજ એ પણ અપેક્ષા રાખીશું કે સમજુ અને અકલમંદ લોકોને આ બે એઅતેરાઝના જવાબથી બીજા એઅતેરાઝના જવાબ પણ મળી જશે.

સૌથી પહેલા પ્રકારના એઅતેરાઝમાં અમૂક લોકો કહે છે કે : જો હઝરત મહદ (અ.સ.) ની વિલાદત થઇ ચૂકી છે તો અમને સહીહ બુખારી અથવા 'મુસ્લિમ' (ગૈરે શિયા હઝરાતની હદીસો વગેરેની કિતાબોમાં આ બંને નામ છે.) માં બતાવી દો. તે પછ અમે માની લેશું. હકીકતમાં આ એઅતેરાઝનો પાયો ન તો અકલ અને સમજણ ઉપર છે અને ન તો શરીયત ઉપર છે બલ્કે વિલાદતનો ઇન્કાર કરીને ખુદા – એ – અઝઝ વ જલ્લ ની કુદરતે કામેલા ઉપર શંકા થઇ રહી છે. આ ઉપરાંત આ એઅતેરાઝ કેટીી બોદો અને અર્થહીન છે, કે જરા પણ દ્રષ્ટિ અને સમજ ધરાવનારી વ્યક્તિને આવો અએતેરાઝ સાંભળીને હસવું આવી જાય. શું એ વાત વ્યાજબી છે કે દરેક વાત સાચી હોવાની કસોટી સહીહ બુખારી કે સહીહ મુસ્લીમી થી જ કરવામાં આવે ? એટલું સારું છે કે ઇમામ ઝમાનાની વિલાદતની ઐતિહાસિક સાબિતી કુરઆને મજીદમાં હોવાની સાબિતી માંગવામાં નથી આવી ! ઉપરના એઅતેરાઝના ઘણા જવાબ આપી શકાય તેમ છે. પરંતુ અમે માત્ર ત્રણ જવાબ આપીને સંતોષ માનીએ છીએ.

(૧) શું ઇતિહાસની કોઇ મહાન વ્યક્તિની વિલાદતની તારીખ વિગત – એટલે સુધી કે રસૂલે ખોલફાએ રાશેદીનની વિલાદતની તારીખ માટે સહીહ બુખારી અથવા તો સહીહ મુસ્લીમને માપદંડ ગણવામાં આવી છે ? જો આ પ્રશ્નનો જવાબ નકારમાં હોય તો પછી અમારી પાસે આ બાબતનો આગ્રહ શા માટે રાખવામાં આવે છે ?

(૨) સહીહ બુખારી અને મુસ્લીમ, હદીસોમાની કિતાબોની છે. ઇતિહાસની નથી. આ ઉપરાંત જ્યારે કે ઇમામ બુખારી ખુદનું અસ્તિત્વ હીજરી ૨૫૫ અથવા ૨૫૬ સુધી જોવા મળતું નથી અને તેઓના જમાનામાં હઝરત (અ.સ.) ની વિલાદત થઇ ન હતી તો પછી તેઓ તેમની કિતાબમાં તેનો ઉલ્લેખ ક્યાંથી કરે ? અલબત સિહાહે સિત્તામાં તે લોકો એ રસૂલે કરેલી આગાહીઓન ઉલ્લેખ અવશ્ય કર્યો છે. જેમ કે મહદી અવલાદે ફાતેમા (સ.અ.) માંથી હશે. ઇમામે હુસૈન (અ.સ.) ના ફરઝંદમાંથી હશે અને જમીનને અદલો ઇન્સાફથી ભરી દશે તો પછી પ્રશ્ન એ ઉપસ્થિત થાય છેક તેમની વિલાદત વિશે કેવી રીતે અને ક્યાંથી ખાત્રી કરવી ? આ વિશે અમે લેખના ઉતરાર્ધમાં સાક્ષીઓ રજુ કરીશું.

(૩) આજના યુગમાં આપણે કોઇની જન્મ તારીખની ખાત્રી કરવા માંગતા હોઇએ તો તે માટેનો પુરાવો મ્યુનીસીપાલનું કોર્પોરેશનનું રજીસ્ટર હોઇ શકે અથવા જીલ્લા પંચાયત કે ગ્રામ પંચાયતનું જન્મ તારીખનું રજીસ્ટર આધાર પૂરાવો હોઇ શકે. આમ, હઝરત મહદી અલયહીસ્સલામ માટે પણ આપણે ઇતિહાસનું રજીસ્ટર અથવા તો બીજા શબ્દોમાં ઐતિહાસિક કિતાબોનો આધાર લેવો પડશે. આ બાબતમાં કોઇ પણ સદીના ઇસ્લામના પટસ્થ ઇતિહાસકાર પાસેથી જાણકારી મેળવી શકાય. જો આ વિષયના અનેક ઇતિહાસકારોના કથન વિધાનો વાંચવાની ઇચ્છા હોય તો ''દાનીશમંદાને આમ્મા અ વ – મહદી – એ મવઉદ'' નામની કિતાબમાં એકસો વીસ ઇતિહાસકારોના વિધાો નોંધવામાં આવ્યા છે, જે વાંચીને યકીન કરી શકાય છે.

બીજો એઅતેરાઝ ઇસ્લામના દુશ્મનો અને ખાસ કરીને ઇમામે ઝમાના અલયહીસ્સલામના દુશ્મનો કરી રહ્યા છે અને તે એ કે : શિયા કિતાબોમાં હઝરત મહદી અલયહીસ્સલામની વિલાદતના સાક્ષી માત્ર બે રાવી છે. જે પૈકી એક બિચારી સ્ત્ર છે, જે ઇમામ મોહમ્મદ તકી અલયહીસ્સલામની નેક દુખ્તર જનાબે હકીમા ખાતુન અને એક ઇમામ હસન અસ્કરી (અ.સ.) ખાદીમ ઓકયદ. આ બંને સાક્ષીઓ અપૂરતા છે. કારણ કે પહેલા રાવી સ્ત્રી છે. ઇસ્લામમાં સ્ત્રીની ગવાહી અડધી ગણવામાં આવે છે. અને બીજા સાક્ષી તરીકે બીચારદ ખાદીમ છે. એવું બની શકે કે તેની કોઇ ગૈર સમજ થઇ ગઇ હોય.

ઉપરના એઅતેરાઝના જવાબ પ્રસ્તુત કરતા પહેલા અમે એહલેબયત (અ.સ.) ના દોસ્તદારો અને ઇમામે ઝમાના (અ.સ.) ના ખાદીમોએ એ વાતનો બોધપાઠ લેવો જોઇએ કે : ઇમામે ઝમાના અલયહીસ્સલામ વિશે એઅતેરાઝ કરનારાદુશ્મનોએ આ એઅતેરાઝ કરતા પહેલા કેટલી શિયા કિતાબોનો અભ્યાસ કર્યો હશે ? અને હકીકત જાણી લીધા પછી હકીકત પ્રત્યે આંખ આડા કાન કીને આ એઅતેરાઝ કર્યો હશે ? આપણે બધાએ પણ ઇમામ અલયહીસ્સલામના ખાદીમ હોવાના સંબંધને કારણે વધુમાં વધુ

અભ્યાસ કરવો જોઇએ.

આ લેખ વધારે લાંબો ન થઇ જાય એ વાતને લક્ષમાં રાખીને અહીં ફક્ત બેહારુલ અન્વારની રિવાયતો પ્રસ્તુત કરીએ છીએ. ફક્ત બેહારની તેરમી જીલ્દ (જુની આવૃત્તિ) નો અભ્યાસ કરવામાં આવે તો ઇમામ (અ.સ.) ની વિલાદતની ખબર આપનાર ઓછામાં ઓછા ૧૮ (અઢાર) રાવીઓના નામ મળી આવે છે. જેમાંથી કેટલાકનો ઉલ્લેખ અત્રે કરી રહ્યા છીએ.

ફરઝંદની વિલાદત વિશે ઇમામ હસન અસ્કરી (અ.સ.) ની બે લેખિત ગવાહી

(૧) મોઅલ્લા ઇબ્ને મોહમ્મદનું બયાન છે કે ઇમામે હસન અસ્કરી (અ.સ.) ની આ વિષય પરની તૌકીઅ વારીદ થઇ. જેમાં લખ્યું હતું. ''.... જ્યારે ઝબીરી કત્લ થઇ ગયો, એ માણસને એ જ બદલો મળવો જોઇએ જે ખુદાના વલીઓ વિશે ખુદા પર તહોમત મૂક્તો હતો. તે (ઝબીરી) એ ચાહતો હતો કે તે મને એવા સંજોગોમાં કત્લ કરી નાખે કે મારો વંશ આગળ વધે નહીં પરંતુ જોયું કે ખુદાની કુદરત કઇ રીતે જાહેર થઇ. એટલે સુધી કે હુજ્જતની વિલાદત થઇ ચૂકી.'' (બેહારુલ અન્વાર પુસ્તક ૧૩, પાના નંબર ૩ જુની આવૃત્તિ)

(૨) અહમદ બિન હસન કુમ્મીનું બયાન છે કે : ''.... ઇમામ હસન અસ્કરી (અ.સ.) નો પત્ર આવ્યો કે ફરઝંદની વિલાદત થઇ છે જે (વાતને) ગુપ્ત અને છુપી રાખી અમે ફક્ત કેટલાક ખાસ લોકોને જ તેની જાણ કરી.''

પૌત્રની વિલાદત વિશે દાદાની ખુશ ખબર

(૩) તતિમ્મએ ખબર બુશર બિન સુલયમાન .... ''અબુલ હસન ઇમામ અલીનકી અલયહીસ્સલામે તેઓના બહેન હકીમાને ફરમાવ્યું : અય બિન્તે રસુલિલ્લાહ તેમને (નરજીસને) તમારા ઘેર લઇ જાવ અને ત્યાં તેમને સુન્નત અને ફર્ઝ બાબતોની તાલીમ આપો.''

''ફ ઇન્નહા ઝવજતો - અબી મોહમ્મદ (સ.) વ ઉમ્મુલ કાએમ (અ.સ.)'' કારણ કે તેણી ઇમામ હસન અસ્કરી (અ.સ.) ના પત્ની અને હઝરતે કાએમ (અ.સ.) ની માતા છે. ઇમામ (અ.સ.) પોતે જે વાત ઇરશાદ ફરમાવે તે બાત અનીવાર્ય પણે બનતી હોય છે. આ ઉપરાંત ઉપરનું અરબી વાક્ય ''ખબર આપનાર'' છે. જે વાત અરબી વ્યાકરણની દૃષ્ટિએ અનીવાર્ય પણે (અચૂક) થનાર હોય તે વાત માટે વાપરવામાં આવે છે. તેથી આ વાક્ય પણ એ વાતની દલીલ છે કે જે બનાવની ખર આપવમાં આવી છે તે અવશ્ય બનશે.

આકાઝાદા (પુત્ર) વિશે કનીઝની ગવાહી

(૪) ઇમામ હસન અસ્કરી અલયહીસ્સલામની કનીઝ નસીમાએ ઇબ્રાહીમ બિન મોહમ્મદ સમક્ષ બયાન કર્યું કે : હઝરત હુજ્જત (અ.સ.) ની વિલાદતના બીજા દિવસે હું તેઓની સામે ગઇ. મને છીંક આવી ત્યારે આપે (ઇમામે ઝમાના અલયહીસ્સલામે) ''યરહમોકલ્લાહ'' કહ્યું. (બેહાર પુસ્તક ૧૩, પાના નંબર ૩ અને ૧૧૪)

(૫) નસીમ અને મારીયા બંનેનું એકમતે બયાન છે કે : ''જ્યારે ઇમામે ઝમાના (અ.સ.) ની વિલાદત થઇ (અને તેમની માતાના પેટમાંથી બહાર તશરી લાવ્યા) ત્યારે આપે (ઇમામે અ.સ.) જમીન ઉપર ઘૂંટણ ટેકવી દીધેલા હતા અને શહાદતની આંગળી (હાથની પહેલી આંગળી) આસમાન તરફ બુલંદ હતી પછી હઝરત અલયહીસ્સલામને છીંક આવી ત્યારે ફરમાવ્યું :'' 'અલ-હમ્દો-લિલ્લાહે રબ્બીલ આલમીન.' (સંદર્ભ ઉપર મુજબનું પાનું -૩)

ઇમામ (અ.સ.) ના ફરઝંદની વિલાદત વિશે ઘરના ગુલામોની સાક્ષી

(૬) ઇમામ હસન અસ્કરી (અ.સ.) ના ખાદીમ અબૂ ગાનીમ નું બયાન છે કે : અબુ મોહમ્મદ ઇમામ હસને અસ્કરી (અ.સ.) ને ત્યાં એક ફરઝંદ પૈદા થયા. તેમનું નામ 'મીમ - હય - મીમ - દાલ' રાખ્યું. આપ (અ.સ.) ત્રીજા દિવસે તે નવજાત શિશુને પોતાના અસ્હાબ સમક્ષ લઇ ગયા અને કહ્યું ''હાઝા - સાહેબો - કુમ - મિન - બઅદી - વ - ખલીફતી અ અલયકુમ.'' (મારા પછી આ તમારા માર્ગદર્શક અને મારા ખલીફા થશે.) આ એજ કાએમ છે જેમનો ઇન્તેઝાર કરવામાં આવશે. જ્યારે દુનિયા ઝુલ્મ અને અત્યાચારથી ભરપુર થઇ જશે ત્યારે તેઓ તેને અદલો ઇન્સાફથી પૂર્ણ કરશે. (બેહાર પુસ્તર ૩, પાના નંબર ૩)

(૭) ઇમામ હસન અસ્કરી અલયહીસ્સલામના ખાદીમે અબુ નસ્રનું બયાન છે કે હું ઇમામ ઝમાના (અ.સ.) ની ખિદમતમાં હાજર થયો. તેઓ લાલ સંદલ (ચંદન) મંગાવ્યું. મેં તે લાવી આપ્યું. મેં તે લાવી આપ્યું. ત્યારે આપે (અ.સ.) પૂછ્યું : શું તું મને ઓળખે છે ? ત્યારે મેં કહ્યું : આપ મારા આકા, અને અકાના ફરઝંદ છો. ફરમાવ્યું...... ''હું ખાતેમુલ અવસીયા છું.'' (બેહાર પુસ્તક ૧૩, પાના નંબર ૧૧૪)

ઇમામ (અ.સ.) ના ફરઝંદ વિશે અસ્હાબની ગવાહી

(૮) ઇમામ હસન અસ્કરી અલયહીસ્સલામના સહાબી ઇબ્રાહીમનું બયાન છે કે : હઝરતે ચાર ઘેટા મારી પાસે મોકલ્યા તેની સાથે એક લખાણ મોકલ્યું. (જેમાં લખ્યું હતું) બિસ્મિલ્લા હિર રહમા નીર રહીમ.

આ મારા ફરઝંદ મહદી તરફથી છે. તમે પણ ખાવ અને અમારા શિયાઓને પણ ખવરાવો.

(૯) અહદમ બિન ઈસ્હાકનું બયાન છે કે ''.... પછી ઇમામ હસન અસ્કરી (અ.સ.) પૂનમના ચાંદ જેવા લગભગ ત્રણ વર્ષના ફરઝંદને ખભા ઉપર લઇને, ધાર્યા, અને ફરમાવ્યું કે જો તને જાણ કરવા પાછળના કોઇ હેતું ન હોત તો હરગીઝ હું તને (મારા ફરઝંદને) દેખાડત નહીં. આ મારો ફરઝંદ હમનામ અને હમ કુન્નીયતે રસુલ્લાહ (રસૂલ્લાહ સલલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ) (એટલે રસુલ (સ.અ.વ.) નું નામ અને એમની કુન્નીયત) છે.''

(બેહાર પુસ્તક ૧૩, પાના નંબર ૧૧૩)

બજારમાંથી ગોશ્ત લાવી આપનારની ગવાહી

(૧૦) હમઝા નિ નસ્રે તેના પિતાથી રિવાયત કરી છે તેમનું બયાન છે કે : વિલાદતના પ્રસંગે ઘરવાળાઓએ ખુશી મનાવી. જ્યારે શાહઝાદાને શણગારવામાં આવ્યા ત્યારે મને ગોશ્તની સાથે ગૂદેદાર (પાયની ઘી સાથેની) નળી ખરીદી લાવવાનો હુકમ આપવામાં આવ્યો. અને મને કહેવામાં આવ્યું કે આ અમારા નાના આકા માટે છે. (બેહાર પુસ્તક ૧૩ પાના નંબર ૮)

વિલાદતની મુબારક બાદી પાઠવનારની સાક્ષી

(૧૧) હુસયન બિન હસન અલવીને બયાન છે કે ..... 'હું સામરામાં ઇમામ હસન અસ્કરી (અ.સ.) ની પાસે એમના ફરઝંદ કાએમની લિાદતની મુબારકબાદી માટે હાજર થયો.' (બેહાર, પુ. ૧૩ પાના નંબર ૬)

પિતાની બિમારી વખતે સારવાર

(૧૨) ઇસ્માઇલ બિન અલી નવબખ્તીનું બયાન છે. ''.. ફરઝંદે મુસ્તગી (એક પ્રકારના ગુદરના નામ) નો અર્ક પિતાને પીવરાવ્યું પછી નમાઝ માટે વુઝુ કરાવ્યું. તે પછી બીમાર પિતાએ ફરમાવ્યું : બેટા મુબારક થાય, તમે સાહેબુઝઝમાન અને મહદી છો.'' (બેહાર, પુસ્તક ૧૩, પાના નંબર ૧૧૦)

પિતાના જનાઝામાં પુત્રની હાજરી

(૧૩) અહમદ બિન અબ્દુલ્લાહ હાશમીનું બયાન છે. ''..... હું ઇમામ હસન અસ્કરી (અ.સ.) ની વફાત પછી તેમના ઘરે ગયો. હઝરતનો જનાઝો કાઢવામાં આવ્યો. અમે ૩૯ માણસો બેઠા બેઠા પ્રતિક્ષા કરી રહ્યા હતા. તેવામાં એક બાળક આવી પહોંચ્યો. અમે તેમના પ્રભાવથી હબતાઇ ગયા. અમે બધા તેઓની પાછળ નમાઝે જનાઝા પડ્યા.'' (બેહાર પુસ્તક ૧૩, પાના નંબર ૧૦૭)

ઉપરની સાક્ષીઓ ઉપરાંત બીજી બેશુમાર બાબતો હઝરત હુજ્જત અલયહિસ્સલામની વિલાદતની સાબિતિ રુપે મૌજુદ છે, જે લંબાણ થવાના કારણે પ્રસ્તુત કરવામાં આવતી નથી. આ સંક્ષિપ્ત લેખના વાંચકોએ એ હકીકત જાણી લીધી હશે કે હઝરતની વિલાદતની સાબિતી ફક્ત હકીમાખાતુન અથવા ખાદીમ અકીદનું બયાન જ નથી, પરંતુ આ બંને ગાહ ન હોત તો પણ હઝરત (અ.સ.) ની વિલાદત સાબિત થઇ જતી હતી.

અંતમાં એક આલીમે દીનનું કથન પ્રસ્તુત કરીએ છીએ જે ઉપરના એઅતેરાઝનો એક વધુ જવાબ પણ થઇ શકે છે કે : ખાદીમથી વધુ આકાની નઝદીક બીજુ કોણ રહી શકે છે ? તેથી ખાદીમની ગવાહી તો વધારે ભરોસાપાત્ર ગણી શકાય. તેમાં ખાદીમની ગેર સમજ થવાનો કોઇ પ્રશ્ન જ રહેતો નથી. ખુદાવન્દે આલમ ગયબતના જમાનામાં અને ઝહુર પછ પણ બધાને હઝરત હુજ્જત અજ્જલલ્લાહ તઆલા ફરજહુના અદના ગુલામોમાં શામીલ કરે.

હઝરતે હુજ્જત (અજ.) ની ગયબત ના કારણો

ખુદાવન્દે મુતઆલે ઇન્સાનને શ્રેષ્ઠતાનો ઉચ્ચ દરજ્જો આપ્યો અને વિશ્વની તમામ નેઅમતો સોંપીને બીજી વસતુઓ પર કાબુ અને ફઝીલત આપી. ખુદાવન્દે આલમે ફરમાવ્યું કે : મેં ઇન્સાને સૌથી સારા અવયવો સાથે પૈદા કર્યા છે. જમીન હોય કે પર્યાવરણ, સમુદ્ર હોય કે પહાડ, જંગલ હોય કે રણ આ બધી કુદરતી સંપતિઓ ઉપર માત્ર શ્રેષ્ઠતા જ નહીં પણ કબજો અને કાબુ આપી તેની ઉપર પ્રભુત્વ આપ્યું પરંતુ તેની સાથે એ પણ ઇરશાદ ફરમાવ્યું કે : જ્યારે મેં ઇન્સાનને પાછો ફેરવ્યો ત્યારે તેને સૈથી ઝલીલ અને હલકી મખ્લૂકમાંથી ગણ્યો. ઇન્સાનની ફઝલીત અને શ્રેષ્ઠતા વ્યક્ત થઇ શકે તે માટે તને જે કાંઇ કરવું હોય તે કરવાની શક્તિ પણ આપવામાં આી તેને બધી બાબતો કરવાની શક્તિ અને છૂટ આપવાની સાથે તેની હીદાયતનો સંપૂર્ણ પ્રબંધ પણ કરવામાં આવ્યો. અને તેની રીત અને પદ્ધતિ પણ નક્કીકરી દેવામાં આવી. જેથી તે પોતાના અધિકાર ખોઠો ઉપયોગ ન કરી બેસે અને શયાતાનની ચુંગલમાં ફસાઇ ન જાય. ઇન્સાને અકલ આપીને સારી અને ખરાબ વસ્તુઓ વચ્ચેનો ભેદ પારખવાની શક્તિ આપવામાં આવી તેમજ એક લાખ ચોવીસ હજાર અંબિયાનો એક ક્રમ નિશ્ચિત કરવામાં આવ્યો જે માનવવંશને બુરાઇથી બચવા માટે એક જીવનશૈલી આપે અંબિયાઓના માર્ગદર્શનનું એક કારણ માનવને તેના છુપા દુશ્મનથી ચેતવવાનું હતું. જેથી તેની રૂહાની પ્રગતિમાં દુનિયાની ભૌતિક અગવડો અને એશોઆરામ રૂકાવટ પૈદા ન કરી શકે. એ અંબિયા પૈકી અમૂકને સરેરાશ જેટલી (માધ્યમ દરની) વય મર્યાદા આપવામાં આવી, કેટલાકોને લાંબી વય આપવામાં આવી, તો અમૂકને નાની ઉમરમાંજ ઉપાડી લેવામાં આવ્યા. કેટલાક અંબિયા એવા છે જેને પહેલા તો જાહેર કરવામાં આવ્યા, પરંતુ પછી તેમની ઉપર ગયબતનો પરદો નથી દેવામાં આવ્યો. કેટલાક નબી એવા હતા જેઓને ખાસ સાલેહ બંદાઓ માટે જાહેર કરવામાં આવ્યા પરંતુ જન સમાજ માટે ગુપ્ત રાખવામાં આવ્યા. જેમ કે હઝરત ખિઝર હઝરત ઇદરીસ વગેરે તે (અલ્લાહ) કાદીરે મુત્લક અને આલમુલ ગોયુબ છે તે પોતાની અદાલતના કારપણે વિશે પોતે જ વિશેષ જાણકારી ધરાવે છે. અલ્લાહ તઆલાએ જ પોતાની અદના મખ્લુક - ઇન્સાનને પોતાની અબુબીયતના ભદ અને રહસ્યોનું થોડું ઇલ્મ આપ્યું અને પોતાની સિફતોથી વાકેફ કર્યો.

જ્યારે નબીઓનો સીસીલો ખતમુલ મુરસલીન, અશરફુલ અંબિયા મોહમ્મદે મુસ્તુફા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ ઉપર પૂરો થયો ત્યારે તેઓની સીરત, શરીયત અને કિતાબના રક્ષણ માટે આં હઝરત (સ.અ.વ.) ના અવસીયા (અઇમ્મએ માસુમીન અ.સ.) નો સલસીલો શરૂ થયો. જે સીલસીલો કયામતના પ્રભાત સુધી ચાલુ રહેશે. અને તે સીલસીલો ચાલુ રાખવાની જવાબદારી ખુદ ઝાતે અહદીયત (ખુદાવન્દે કરીમ) ઉપર છે. અલબત વિલાયતનો હોદ્દો મન્સુસ મેનલ્લાહ (અલ્લાહ તરફથી નક્કી કરાએલો) છે. તેથી સુન્નતે ઇલાહીનો જે સીલસીલો અંબિયા માટે ચાલુ હતો તેજ સીલસીલો ઇમામતના હોદાને પાત્ર લોકો માટે ચાલુ રહેશે. ઇસ્લામનો ઇતિહાસ એ વાતની સાક્ષી આપે છે કે અમૂક અંબિયાને લાંબી ઉમર આપવામાં આવી હતી. તો કેટલાક નબીઓની વય મર્યાદા ઓછી હતી. કેટલાક અંબિયા જાહેર (માં દેખાતા) હતા તો કેટલાક નબીઓ લોકોની નજરથી છુપાઉતા, અને આજે પણ લોકોની નજરથી છુપા છે. એક લાખ ચોવીસ હજાર પયગમ્બરો પૈકી જે પયગમ્બરોના નામોનો ઉલેખ ઇતિહાસ અને આસમાની કિતાબોમાં જોવા મળે છે, તેની ટકાવારી કાઢવામાં આવે તો ગાયેબ પયગમ્મબરોની સંખ્યા ઘણી ઓછી છે. તેવી જ રીતે ખતમુલ મુસલીન (સ.અ.વ.) ના જાનશીનો પૈકી ગાયબની સંખ્યા મૌત્ર એક છે. પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.) ન આગાહી મુજબ ૧૨ ની સંખ્યા પૈકી ૧૧ અઇમ્મએ માસુમીન (અ.સ.) દુનિયાના લોકોની સમક્ષ આવ્યા અને પોત - પોતાના યુગમાં રક્ષણ કરતા રહ્યા એટલે કે ઇમામતના હોદ્દાની ફરજ આગથી વધુ ગરમ, પ્રતિકૂળ અને કાતિલ વાતાવરણમાં બજાવતતા રહ્યા. અને એ ફરજ બજાવીને પોતાની પવિત્ર પ્રતિમા વડે નૂરના મિનારા સ્થાપિત કર્યા એ નૂરના મિનારા ઇતિહાસના અંધકારમાં હકને કયામતના દિવસ સુધી ચમકાવતા રહશે. એ અઇમ્મએ માસુમીન (અ.સ.) માં પણ અગાઉના નબીઓની જેમ વય અને ઇમામતની મુદ્દત વધારે કે ઓછી જોવા મળે છે. ઇમામ હસન અસ્કરી (અ.સ.) ની વય ૨૮ વર્ષની હતી. તેઓનો ઇમામતનો યુગ હી. ૨૫૪ થી ૨૬૦ નો એટલે કે ૬ વર્ષ સુધી રહ્યો. આપના ફરઝંદે અરજુમંદની વિલાદત હીજરી ૨૫૫ માં થઇ હતી. એટલે કે આખરી ઇમામતનો હોદ્દો શરૂ થયો હતો. તે વખતે આપ (સ.અ.વ.) ની વય પાંચ વર્ષની હતી અને આપની વય કેટલી લાંબી છે તે ખુદાવન્દે અઝઝ - વ - જલ સિવાય કોઇ જાણતું નથી. જ્યારે આપ ઝહુર ફરમાવશે ત્યારે દુનિયાને એવી રીતે અદલો ઇન્સાફથી ભરી દેશે, જે ઝુલ્મો - અત્યારચારથી ભરેલ હશે. આમ તો આજે પણ આપ (અ.સ.) ની હુકુમત છે અને આપણે બધા તેઓ (અ.સ.) ની સંપતિન ઉપયોગ કરી રહ્યા છીએ. અને તમેની સત્તાના પરિધમાં નિવાસ કરી રહ્યા છીએ. આ આંતરિક અને જાહેરી હુકુમતના યુગમાં નામ ગયબત અને ઝુહુર છે.

અત્રે એકે વિસ્મયકારક વાત એ છે કે વિદ્વાનો અને દાનીશમંદો ચિંતનની તેજ ધારાઓમાં ઠોકર ખાઇ રહ્યા છે. તેઓમાં હેતો (આંતર) માનવ જાણે કે બોલી રહ્યો છે આ સમૂહને દરેક ઇન્સાન

જાણે છે કે : નિર્દોષ માણસો સાથ અન્યાય, તેઓ ઉપર કરવામાં આવતા અત્યાચાર, બેસહારા લોકોનું દુઃખ અને વકુળતા, વીરાન થએલા ઘર, પેટમાં ભડકી રહેલી ભૂખને આગના અંગારા, આંખોમાં છવાએલી સફેદી, માતાની છાતી સાથે વળગેલા નાદાર માસૂમ બાળકો, હાથોમાં ખાલી પ્યાલા, આ બધા લોક કોઇ અજાણ્યા માગૃ ઉપર ચાલી રહ્યા છે. તેઓ કોઇ મંઝીલની શોધ કરી રહ્યા છે. કોઇને કોઇ જગ્યાએ તો તેમની મંઝલ હશે જ્યાં ન્યાય અને સમાનતા હોય, કુશળતા નજરે પડતી હોય, જ્યાં તેમનો અવાજ સાંભળનાર કોઇ હોય, જ્યાં નિરાંતનોદમ તેવી ઠંડી જગ્યા હોય. તમામ મઝહબોની દીવારોની તીરાડમાંથી આ અવાજ આવી રહ્યો છે અને માનવતાના કાફલાની ગતિ તેમની મંઝલી ભણી આગળ વધી રહી છે. એટલે એક મંઝીલ એવી અવશ્ય છે. જ્યાં એ છૂટકારો ન મેળવી શકાય તેવી - અસાધ્ય બલાઓ સુરક્ષિત રાખનાર તેઓને પોતાની તરફ બોલાવી રહ્યા છે. જેના રસ્તાઓ સ્પષ્ટ દેખાઇ રહ્યા છે. પરંતુ મંઝીલ નજરોથી ગયાબ છે. જો એમ ન હોત તો આ તન્મયતા, તત્પરતા, આ હીચાલ આ આગેકૂચ થંભી જતે અને જુલ્મ અને જૌર પૈદા કરનારની તાકત કમજોર થઇ જવાની આશાનો પણ અંત આવી જાત. (આ આશાની રૂહ ગયબતનું એક કારણ છે.) કેટલો અજબ જાત. (આ આશાની રૂહ ગયબતનું એક કારણ છે.) કેટલો અજબ તર્ક છે. ત્રણ પ્રકારના કાર્યો એવા છે જે ગયાબ છે તેની ઉપર યકીન છે, જેમ કે :

(૧) માનવજાતમાં ખાસ કરીને મઝલુમોનું માર્ગદર્શન.

(૨) અંતિમ મંઝીલની આશા

(૩) નજાત (મુક્તિ) અપાવનારની કલ્પના. પરંતુ આ ત્રીજા તબક્કે પહોંચીને યકીન ડગમગવા લાગે છે, જ્યારે નજાત આપવનાર ના અસ્તિતવનોસવાલ આવે છે. ત્યારે વિદ્વાન લોક કહે છે કે ન તો તેનું કોઇ અસ્તિત્વ છે અને ન તો તે કાળ અને સ્થળમાં જોવા મળે છે. અહીં ફક્ત ઇસ્લામ જ એક માત્ર એવા મઝહબ છે. જેમાં સ્થળ અને કાળ સાથે મુક્તિ અપાવનારના અસ્તિત્વનો આદર્શ જોવા મળે છે. અને તેઓના વજુદને એવી રીતે પારખવામાં આવે છે જે રીતે વાદળાની સફેદ કીનારી જોઇને સૂરજ હોવાની કલ્પના કરવામાં આવે છે.

ઉમ્મતે ઇસ્લામના મહાન આલીમો સામાન્ય રીતે અને શિયા આલીમો વિશેષ રીતે આ પાણીદાર મોતીને તહકીક (ખાત્રી) કરી, સમજી પારખીને દલીલતેમજ ઇતિહાસ અને રિવાયતોના પ્રકાશમાં તપાસીને તેમના વજુદને સ્વીકારે છે. આ અકીદો એક એવી મજબૂત બુનીયાદ ઉપર રહેલો છે, જેને કોઇ જરા પણ હલાવી શકે તેમ નથી. આં હઝરાત (અ.જ.) નું નૂર મ્સલેહતે પરવરદિગારના પરદામાંથી નીકળીને વિશ્વના અસ્તિત્વને હુંફ આપી રહ્યું છે.

એક પ્રશ્ન જે આપણી અને બીજાઓની વચ્ચે ઘણો મહત્વનો છે અને આ પ્રશ્ન ઘણા જ પૂર્વાગ્રહ સાથે ઉઠાવવામાં આવે છે, અને તે પ્રશ્ન એ છે કે એ કઇ હસ્તી છે જે અલ્લાહના પ્રતિનિધી છે, જે દુનિયાના મઝલૂમો, બેક્સો અને નબળા લોકોને જબરદસ્ત અને જાલિમોના પંજામાંથી મુક્તિ અપાવનાર છે ? હકીકતમાં જો તે હસ્તી છે તો પછી બહાર (સામે) કેમ નથી આવતી ? ગયબતમાં શા માટે રહે છે ? અને ગયબતમાં છે તો ગયબતની આટલી લાંબી મુદ્દત - જેને અનંત (અસીમ) કહી શકાય એટલી લાંબી કેમ છે ? આખરે આ બાબતોના કારણ શું છે ?

પહેલી વાત તો એ કે આગળ આ લેખની પ્રસ્તાવનામાં કહી ગયા તે પ્રમાણે, જે બાબતો અંબિયા માટે જરૂરી ગણવામાં આવી છે સતે જ બાબતો અવસીયા (વારસદારો) માટે પણ છે. નબીઓનો ઇતિહાસ એ વાતી સાક્ષીરૂપ છે કે, નબીઓ હીદાયતના રસ્તા ઉપર ચાલવાનું કહેતા કે તુરત જ તાગતી (શયતાની) શક્તિઓ જાલિમ સત્તાધીશો સાથે ભળી જતી અને બંને શક્તિઓ સાથે મળીને નબીના માર્ગમાં એટલા બધા અવરોધરૂપ બની જતા કે તેઓ તેમના કામમાં આગળ વધી ન શકે. પરંતુ નબીઓએ તેમના મીશન (કાર્યસિદ્ધ કરવાના લક્ષ) નેછોડી દીધું ન હતું. તેઓ તમુના લક્ષની પૂર્તિ માટે આગળ વધતા જ રહ્યા. તેઓની વિચારધારામાં ક્યારેય ઢીલ કે ઓછપ આવી ન હતી. એટલું જ નહીં તેઓનો વિચાર સુદ્ધા ક્યારેય પણ ચલિત થયો ન હતો. કોઇ અંબિયા વિશે ઇતિહાસમાં એવું જોવા મળતું નથી કે તેઓ લોકો, વિરોધીઓ હુકુમત, કે સત્તાધિશોથી ડર્યા હોય. અલબત એવું બન્યું છે કે જ્યારે કોઇ કોમ ગુન્હામાં ગળાડૂબ થઇ ગઇ હોય તે (ગુન્હોમાંથી બહાર નીકળવાજ ન માંગતી હોય એટલે કે ગુન્હા રૂપીસાગરના તળિયે પહોંચી ગઇ હોય) ત્યારે જે તે જમાનાના નબીએ બદદુવા કરી હોય અથવા મુસીબતો ઉઠાવીને ગમગીન હૈયે દુનિયાથી વિદાય લીધી હોય. અથવા તો ખુદાવન્દે આલમે તે નબીને ઉમ્મતની વચ્ચેથી છૂપાવી લીધી હોય એવું પણ બન્યું છે.

હઝરત મૂસા (અ.સ.) ના મીસ્રથી ચાલ્યા જવા અંગેના વાકેઆનો ઉલ્લેખ કુરઆનમાં પણ થયો છે. હઝરત ઇસા (અ.સ.) ને ચોથા આસમાન ઉપર બોલાવી લેવામાં આવ્યા. હઝરત ખીઝર (અ.સ.) અને હઝરત ઇલ્યાસ (અ.સ.) આ કાએનાતમાં મૌજૂદ છે પરંતુ તેઓ ક્યારથી ગાયેબ છે તેઓ ઉલ્લેખ ઇતિહાસમાં પણ નથી.

આવો, હવે જરા ઇતિહાસના પાનાઓ ઉથલાવીને જોઇએ કે ઇમામ મહદી અલયહિસ્સલામની ગયબતની પૂર્વભૂમિકા શું હતી ? એ પૂર્વભૂમિકા જોતા એ વાત સ્પષ્ટ થઇ જશે કે આં હઝરત (અજ.) ની ગયબતના એતિહાસિક કારણો પણ અંબિયાની ગયબતના ઇતિહાસ જેવા જ નજરે પડે છે.

હીજરી સન ૨૨૦ માં સામર્રામાં બન અબ્બાસની હુકુમત સ્થાપિત હતી. હીજરી સન ૨૩૪ માં અબ્બાસી ખલીફા મુતવક્કીલે યહ્યા બિન હરસમાને મોકલીને હઝરત ઇમામ અલી નકી અલયહિસ્સલામને મદીનાથી સામર્રા બોલાવ્યા. આપની સાથે ઇમામ હસન અસ્કરી (અ.સ.) પણ હતા. તે સમયે આપ (અ.સ.) (ઇમામ હસન અસ્કરી અ.સ.) ની વય બે વર્ષની હતી હિજરી સન

૨૪૭ માં મુતવક્કીલ નશાની હાલતમાં હતો તયારે તેની હત્યા થઇ ગઇ. એ ચૌદ વર્ષનો યુગ જેમાં ઇમામ હસન અસ્કરી અલયહિસ્સલામે એમના પિદરે બુઝુર્ગવારની સાથે જે સખ્તીઓ અને મુસીબતો ઉઠાવી હતી તે મુસીબતો લખી ન શકાય તેટલી અસહ્ય હતી. તે જમાનામાં ઇમામે હુસૈન (અ.સ.) ની કબ્રની ઝિયારત કરવા ઉપર પ્રતિબંધ હતો, તેમજ તેમની કબ્રના નિશાન મીટાવી દેવાનો પ્રયાસ કરવામાં આવ્યા હતા, જે નિષ્ફળ નીવડ્યા હતા. ઇમામ હસન અસ્કરી (અ.સ.) અને ઇમામ અલી નકી (અ.સ.) ને તેઓના ઘરમાં નજર કેદ રાખવામાં આવ્યા હતા. તેઓ ઉપર કડક ચકી પહેરો મૂકવામાં આવ્યો હતો. ક્યારેક મુતવક્કીલ તેઓને કૈદમાં નાખી દેતો, તો ક્યારેક દરબારમાં બોલાવતો ક્યારે આપ (અ.સ.) ને શરાબની મહેફીલમાં બોલાવતો અને શરાબ પીવાનું કહેતો ઇમામ જ્યારે પીવાનો ઇન્કાર કરતા ત્યારે મસ્તીની હાલતમાં પોતે રડવા લાગતો. ઇમામો માટે જાસુસોની જાળ બીછાવી રાખવામાં આવ હતી. મુતવક્કીલના કત્લઅને મુન્તસીર અને તેના પદભ્રષ્ટ થવા પછી મુસ્તઇન ખીલાફતના હોદ્દા ઉપર આવ્યો. મુસ્તઇને ફરી બગદાદને પોતાન રાજધાની બનાવી. છેવટે મુસ્તઇને મોઅતઝીર બિલ્લાહે, સમક્ષ બયઅત કરી લીધી અને ફરીથી સામર્રા રાજધાની બની ગઇ. બસરામાં ''સ ાહેબે ઝંજે'' કત્લે આમ મચાવી દીધી હતી. ખુરાસાન અને અહવાઝમાં પણ બળવો થયો હતો, જે દબીવી દેવામાં આવ્યો હતો. એટલે કે કોઇ પણ જગ્યાએ જનતા માટે રાહત ન હતી. હીજરી સન ૨૫૪ માં ઇમામે હાદી (અ.સ.) ની શહાદત થઇ. હીજરી સન ૨૫૪ થી ૨૬૦ સુધી ઇમામ હસન અસ્કરી (અ.સ.) ની ઇમામતનો યુગ રહ્યો હીજરી સન ૨૫૫ માં વલીએ અસ્ર મહદી મવઉદ ઇમામ આખરૂઝઝમાની વિલાદત થઇ. ઇમામે હસન અસ્કરી (અ.સ.) ની શહાદત વખતે આપ (અ.સ.) ની વય ફક્ત પાંચ વર્ષની હતી.

ઇમામ હસન અસ્કરી (અ.સ.) મોઅતમિદે અપાવેલ ઝેરથતી હિજરી સન ૨૬૦ ની ૮ મી રબીઉલ અવ્વલના શહીદ થયા. આપ (અ.સ.) ના છ વર્ષના ઇમામતના યુગમાં જાસૂસીની પરિસ્થિતિ એવી હતી કે દાયણો ઇમામ (અ.સ.) ના ઘરમાં પરવાનગી વગર પ્રવેશી જતી હતી અને ઇમામે હસન (અ.સ.) ના કુટુંબની સ્ત્રીઓમાંથી કોઇ સ્ત્રી સગર્ભા છે કે નહીં તે બાબતની ચકાસણી કરતી હતી. પરંતુ ખુદાવન્દે મુતઆલે જેવી રીતે હ. મૂસા (અ.સ.) ને તેમની પવિત્ર માતાની પેટમાં સુરક્ષિત રાખ્યા હતા. તેવી જ રીતે ખુદાએ ઇમામે અસ્ર (અજ.) ને જનાબે નરજીસના પેટમાં એવી રીતે સુરક્ષિત રાખ્યા કે તેમના સગર્ભાવસ્થાના ચિહનો જ પ્રગટ થયા નહીં. જાસુસોની જાળ ઇમામ (અ.સ.) ના ઘરથી લઇને કૈદખાના સુધી ફેલાએલી હતી. એક વાર ઇમામ હસન અસ્કરી (અ.સ.) ને સાલેહ બિન વસીફ (તુર્ક) ના કૈદખાનામાં બંધ કરી દેવામાં આવ્યા. જ્યાં પહેલેથી જ આપની પહેલા આપના ખાસ વિશ્વાસુ માણસો જેમ કે અબુ હાશિમ જાફરી, દાઉદ બિન કાસિમ, હસન બિન મોહમ્મદ અકીકી, અને મહમમદ બિન ઈબ્રાહીમ અમરી કૈદ હતા. તેમાં એક જમઇ નામનો માણસ હતો. હઝરતે (અ.સ.) આપના અસ્હાબને ચેતવણી આપી કે આ માણસથી સવાધાન રહેજો તે જાસુસ છે તેની તલાશી લેતા તેની પાસેથી રોજની દીનચર્યાની નોંધનો કાગળ મળી આવ્યો. સારાંશ એ કે જાસુસોને (કૈદી સહીતના) દરેક વેશમાં મૂકવામાં આવતા હતા. હઝરત ઇમામ હસન અસ્કરી (અ.સ.) પહેલી રબીઉલ અવ્વલના બીમાર થયા અને ૮ મી રબીઉલઅવ્વલના તેમની શહાદત થઇ આ આઠ દિવસમાં ખલીફા અબ્બાસીએ હકીમોના એક સમૂહને દરેક અવાતા જતા લોકો ઉપર કડક ચોકી પહેરો રાખવા માટ રોક્યો હતો. ફરઝંદે રસુલ સાથે અબ્બાસી ખલીફા દ્વારા આવો કડક જાપ્તો શા માટે રાખવામાં આવતો હતો ? રસુલે ખુદા (સ.અ.વ.) નો ઇરશાદ છે કે હ. મુસા (અ.સ.) ની ઉમ્મત ઉપર જે વીત્યું છે તે અમારી (ઉમ્મત) ઉપર પમ વીતશે. જે રીતે ફીરઔન એ વાત જાણતો હતો કે હઝરત મૂસા તેની ખુદાઇના દાવને નેસ્તનાબુદ કરી દેશે. તેવી જ રીતે હદીસવેત્તા અને રિવાયત કર્તાઓ પણ અબ્બાસી ખલીફાને એ વાત યાદ દેવરાવતા રહેતા હતા કે : રસુલ ખુદા (સ.અ.વ.) ના બારામાં જાનીશન કયામ કરશે. અને તેઓ આ જમીનને જુલ્મ અને અત્યાચાર ના અસ્તિત્વથી પાક કરી દેશે. સાહેબે વહી રસૂલ વહી રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમનો આ કૌલ છે જે અચૂક સાચો સાબિત થશે. (આ વાત યાદ દેવરાવામાં આવતા) તે યુગના ખલીફાઓને તેમની ખીલાફતની ગાદી આગની ભઠ્ઠી સમાન લાગવા માંડતી હતી. અને ગભરામણમાં તેઓ સાવચેતીના દરેક પ્રકારના હુકમો આપવા લાગતા.

એ ભયાનક દિવસોમાં જ્યારે ચારે બાજુ જોખમના વાદળાઓ ઘેરાએલા હતા તે વખતે હિજરીસન ૨૫૫ માં ઇમામ મહદી (અજ.) ની વિલાદત થઇ. (હ. મુસા અ.સ. ની વિલાદત પણ અવા કપરા સંજોગોમાં જ થઇ હતી.) ઇમામે હસન અસ્કરી અલયહીસ્સલામ ની ઇમામ તરીકે ની ફરજો પૈકીની એક ફજ એ પણ હતી કે હઝરત હુજ્જત (અજ.) ને દુશ્મનોના જોખમથી સુરક્ષિત રાખે અને તેઓનો પરિચય પોતાના વિશ્વસનીય અને ભરોસાપાત્ર અસ્હાબને કરાવે. જેથી તે લોકોને એ વાતની જાણકારી થાય કે મહદી - એ - મવઉદની વિલાદત થઇ ચૂકી છે. અને આપ (અ.સ.) (ઇમામે હસન અસ્કરી અ.સ.)ની શહાદત પછી પાંચ વર્ષમાં ઇમામતની ફરજ અદા કરશે. પરંતુ ખુદાવંદે મુતઆલની મરજી એ હતી કે તેઓતે એ સમયની પરિસ્થિતિ જોતા લોકોની નજરોથી છુપા રાખે. લોકોમાં ભય અને આંતક, હુકુમતની કડક નજર, જાસૂસોનીફેલાએલી જાળ, ચારેબાજુ ફેલાએલો પ્રપંચ, રાજધાનીમાં આં હઝરતનું રહેણાંક, હુકુમતના સિપાહીઓની ચહલ, પહલ, ખાનવાદએ - રિસાલત ઉપર જુલ્મ, જબરદસ્તી, હઝરત (અ.સ.) ના મકાન ઉપર ચોકી પહેરો, આ બધી બાબતોને લક્ષમાં લઇને, જે રીતે આગાઉના નબીઓ માટે અલ્લાહ તરફથી ગયબતનો હુકમ થયો હતો. તેવી જ રીતે હઝરતે હુજ્જત સાહેબે અસ્ર વઝઝમાન અરવાહના ફીદાહને પણ નિશ્ચિત સમય મર્યાદા સુધી

સુરક્ષિત રાખવા માટે અલ્લાહ તઆલા તરફથી ગયબત ઈખ્તેયાર કરવાનો હુકમ થયો હતો.

ગયબત એક ઈલાહી આયોજન

જો ઉંડાણથી વિચારવામાં આવે અને ઈમામ (અ.સ.) ની ગયબતના વિવિધ કારણો વિશે મનન કરવામાં આવે તો, ઈમામની ગયબતને એક ઈલાહી આયોજન કહેવામા૦ આવે તો કંઇ ખોટું નહીં કહેવાય. ઈમામ (અ.સ.) નો ઝુહુરએ તે આયોજનનો અંતિમ ભાગ ગણાશે. માસૂમ (અ.સ.) ઈરશાદ છે.

મા – મિન મોઅજઝ તિમ – મિન મોઅજેઝાતિલ – અંબિયાએ વલ – અવસેયાએ ઈલ્લા – વ – યુઝહેરૂલ્લાહો – તબારક વ તઆલા મિસ્લહા – ફી – યદેહા એમેનાલે ઈત્મામિલ હુજ્જતે અલલ આઅદાએ. (મિક્યાલુલ મકારીમ પાના નં.૯૫)

અનુવાદ : કોઇ અંબિયા કે અવસિયાને એવા મોજીઝા આપવામાં નથી આવ્યા જેવા મોજીઝા ખુદાવન્દે મુતઆલ અમારા કાએમ (અ.સ.) દ્વારા દુશ્મનો માટે ઈત્મામે હુજ્જત (અર્થારત કોઇને જે તે વિષયની હકીકત છેલ્લી વખત સમજાવી ફરજ મુક્ત થઇ જવું) અને દુશ્મનોનીબહાના બાઝીઓને બંધ કરવા માટે નિર્દેશીત અને જાહેર કરશે.

જેમ જેમ યુગ વીતતો ગયો અને આદમના સંતાનોની વિચારધારા વિવિધ વિચાર શ્રેણીઓમાં વ્હેંચવા લાગી અને જ્ઞાનના વિવિધ ક્ષેત્ર (જ્ઞાનની સુક્ષ્મ દર્શીતા) માં ઝીણવટ ભરી આલોચનામાં વધારો થવાની સાથે રાજકીય અને હુકુમતોના જુલ્મો–અત્યાચારના પ્રકાર પણ બદલાવા લાગ્યા. જ્યારે અંતિમ નબીનો યુગ પણ પસાર થઇગયો અન એ યુગ આી ગયો જ્યારે હેતુ પ્રાપ્તી માટે આ ગયબતના વર્તુળમાં નવી નવી યોજનાઓ ઘડવા લાગી. એ તમામ વસ્તુઓ જે મકરૂહાતને અત્યંત સુંદર રીતે પ્રસ્તુત કરે છે, તે બધી વસ્તુઓ ને ભેગી કરવામાં આવે તો એ વાત જણાઇ આવશે કે તેની પૂર્વભૂમિકામાં (પર્દા પાછળ) એવા સ્વાર્થ અને મતલબ પરસ્તીની નાની – મોટી અગણિત ચળવળોએ જન્મ લઇને તે ઓઠા હેઠળ ઈલાહી આયોજનની નકલ સમા અસલ અકીદાને વિકૃત બનાવવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. એટલે કે બજારમાં અસલી સિક્કાની બદલે નકલી સિક્કાઓ આવવા લાગ્યા છે અને અવી કહેવાતી બુદ્ધિમાન વ્યક્તિઓની એક બહુમતી આવા ખોટા સિક્કાઓના ખણખણાટથી બહેકી જવા લાગી. કૈસાનીયહ, કાઝેમીયહ, ઈસ્માઇલીયહ, વહાબીયહ, બહાઇયહ, અને અહમદી – યહ ફીરકાઓ અને આવાતો ઘણાં નામોનું એક લાંબુ લીસ્ટ બને તેમ છે જે આના પ્રકાર છે. સામ્રાજ્યવાદી શક્તિઓને પીઠબળ આપીને જુલ્મ અને અત્યાચાર વરસાવવાની દાસ્તાનોથી ઈતિહાસના પાનાઓ કાળા કરી દેવામાં આવ્યા અને બાર બાર સદીઓ વીતી જવા છતાં આજે પણ એ શક્તિઓ કાર્યરત છે. છેવટે આ ખોટા (નકલી) સિતારાઓ દુનિયા સામે ખરી પડતા દૃષ્ટિ ગોચર થશે. દુનિયામાં કોઇને પણ તેમનો વિરોધ કરવાની હિંમત નહીં હોય અને તેમની વિરૂદ્ધમાં ફરીયાદ કરવાની કોઇ ગુંજાઇશ બાકી નહીં રહી હોય.

ઈલાહી વાયદો

ગયબત ઉપર આધારિત આ આયોજન હેઠળ અલ્લાહ તઆલાનો ઘણી જગ્યાએ વાયદો આપવો, એ ગયબતે ઈમામનો સ્પષ્ટ પુરાવો આપી ગયબતના કારણોને સ્પષ્ટ કરી દે છે. વાયદો અને વાયદા પાલનની વચ્ચે ક્યારેક ઓછું અને ક્યારેક વધારે અંતર હોય છે. ક્યારેક પૂર્ણતા સુધી પહોંચવામાં વાયદો પૂરો કરવામાં ક્રમ શરૂ થઇ જાય છે. અલ્લાહ તઆલાએ પોતાના મોજીઝારૂપ કિતાબ કુરઆને મજીદમાં જે વાયદો આપ્યો છે. તેના કેટલાક નમૂનાઓ અત્રે પ્રસ્તુત કરીએ છીએ.

(૧) અલ્લાહ તઆલાનો એ વાયદો છે કે : જે રીતે તેણે અગાઉ આ જમીન પર પોતાનો જાનશીન મુકર્રર ફરમાવ્યો હતો તેવી જ રીતે તમારામાંથી જેઓ ઈમાન લાવ્યા છે તેમને માટે પોતાના ખલીફા આ જમીન ઉપર નીમશે. (સુ. નુર આયત ૫૫)

(અલ્લાહે એવી વાયદો કર્યો છે કે તે તેમને અવશ્ય ભૂમિમાં વારસ બનાવશે જેમકે તેમની આગાઉના (લોકો) ના વારસ બનાવ્યા હતા...)

(૨) આ પહેલા ઝબરમાં પણ અલ્લાહ તઆલાએ એલાન ફરમાવ્યું છે કે તે આ જમીન ઉપર પોતાનો વારસદાર નિયુક્ત ફરમાવશે. (પૃથ્વીના વારસ બનશે.) (સુ. અંબિયા આયત ૧૦૫)

(૩) અય ઈમાનવાળાઓ, સાબિત કદમ રહો. ધિરજ ધરો, સંપર્ક કાયમ રાખો અને અલ્લાહથી ડરો, કદાચ તમે સફળતા પામો.

(૪) જ્યારે જમીન મુર્દા થઇ જશે ત્યારે ખુદાવન્દે મુતઆલ પોતાની સંપૂર્ણ કુદરત વડે તેને નવજીવન આપશે.

ઉપરની આયતોથી એ વાત સાબિત થઇ જાય છે કે અલ્લાહ તઆલા આ જમીન પર પોતાના ખલફા, જાનીશન અને વારસને નીમશે અને તેમને અદલો ઈન્સફાની હુકુમત અર્પશે. તેઓ થકી આ દુનિયાને અલ્લાહ નવજીવન આપશે. તેમના શાસનકાળમાં બળવાન અને નીર્બળ વચ્ચે કોઇ ફેર નહીં રહે. એટલું જ નહીં તે યુગમાં કોઇ શક્તિશાળી નિર્બળને દબાવી નહીં શકે.

અલ્લાહ તઆલાને વાયદો ખરો છે અને તેના વાયદા પ્રમાણે અચૂક બનશે. પરંતુ હજુ ઝુહુર વખતે હુકુમતે ઈલાહીમાં જે પ્રમાણે બનવાનું છે તેના સંયોગ એકઠા થઇ રહ્યા છે, જે ઝુહુર વખતે સામે આવશે.

અલ્લાહ તઆલાએ પોતાની અંતિમ હુજ્જતને ગયબની લાંબી મુદ્દત આપી છે, જેથી કરીને મોમિનોનું ઈમ્તહાન પણ લેવાઇ જાય અને સાથો સાથે દુનિયાના તમામ વિરોધીઓ ભેગા થઇને તેમનાથી બની શકે તેટલો વિરોધ કરીને વિરોધનું નાટક પણ કરી શકે.

આ એક સાફ હકીકત છે કે જુલ્મો અત્યાચારનો સમૂહ દુનિયાભરને પોતાની લપેટમાં લેવા માંડ્યો છે. આમ છતાં જુલ્મો સિતમના સમૂહમાં એટલું તોફાન કે ગતિ આવી શકી નથી કે તે

કિનારાના અવરોધોને સમગ્ર દુનિયા ઉપર ફેલાવી શકે. અથવા તો એ ઘટાટોપ અંધારા પોતાની સહીત જમીન ઉપર ઉતરવાના બાકી છે. જ્યારે તમામ બદીઓ તેની પરાકાષ્ટાએ પહોંચી જશે અને બુરાઇઓની કોઇ તમન્ના બાકી નહીં રહે ત્યારે આ ગયબતના રહસ્યનો સ્ફોટ થશે. (જરા કલ્પના તો કરો કે) ગયબત ન હોત તો શું થાત ? આ પ્રશ્નનો જવાબ સહેલો છે, કે જો હઝરત વલીએ અસ્ર (અજ.) જાહેર અને હાજર હોત તો બીજા અઇમ્મા (અ.મુ.સ.) ની જેમ તેઓને પણ શહીદ કરી નાખવામાં આવત. અલ્લાહના નૂર ઇન્સાનના સ્વાંગમાં હતું. જાલીમો એ વાતની રાહ જોઇને બેઠા હતા, કે અંબિયા અને અવીયાની અંતિમ હુજ્જત પણ આ દુનિયામાં બાકી રહેવા પામે નહીં. જેનું પરિણામ બે સ્વરૂપે આવતે (૧) કાં તો આ દુનિયા ફના થઇ જાત અથવા (૨) આવનારી પેઢી એવું તારણ કાઢતે કે તેનો (અલ્લાહનો) વાયદો સંપૂર્ણ (સાબિત) થતો નથી.

આથી એકબાજુ તો ખુદાવન્દે મુતઆલે પોતાની અંતિમ હુજ્જતને આ દુનિયામાં બાકી રહેવા માટે (તેમને) એક લાંબી ગયબતના પરદામાં સુરક્ષિત રાખી દીધા અને બીજી બાજુથી બળવાખો રોને ખુલ્લુ મેદાન (છુટો દોર) આપીને ઇત્મામે હુજ્જત (છેલ્લી તક) માં કોઇ ગુંજાઇશ બાકી ન રાખી. તેમજ ઝુહુર વખતે વિરોધીઓની જીભોને બંધ રાખવાનું અને ઇલાહી ઉપાય (વચન પાલના ની શરતનું પાલન કરવાનું બાકી રાખ્યું.

એહલેબૈત (અ.મુ.સ.) ની રિવાયતોમાં ગયબતના કારણો પૈકીનું એક કારણ એ પણ દર્શાવવા આવ્યું છે કે : જો હઝરત હુજ્જત જાહેરમાં હોત તો તેઓ (અ.સ.) ના બાપદાદાઓની જેમ, તેઓને પણ કોઇને કોઇ હુકમ દબાણમાં રહેવું પડત. હુકુમતના ટેકેદારો હંમેશા આપની ઉપર નજરો જમાવીને આપની ચોકી કરત. તે સંજોગોમાં અહકામે શરઇનો લોકો વચ્ચે પ્રચાર કરવો સરળ બની શક્ત નહીં. આ કારણસર ખુદાવન્દે આલમ હઝરત (અજ.) ના ઝુહુર માટે એવો સમય પસંદ કરશે જયારે તેઓ ઉપર હુકુમતનું દબાણ અને પ્રભાવ ન હોય તેમજ તેઓ (અજ.) ને એ કુદરત (શક્તિ) આપશે કે તેઓ દરેક જાલિમ અને અત્યાચારીને હરાવી દેશે. એટલે સુધી તેઓ દુનિયાના ખૂણે ખૂણામાંથી નાપાક ફરમાવશે ત્યારે તેમની આપની ઉપર કોઇ પણ હુકુમતમાં દબાણ નહીં હોય. સાદિકે આલે મોહમ્મદ (અ.સ.) ઇરશાદ ફરમાવે છે : સાહેબો હાઝલ અમ્રે તોઅમા વલાદતોહૂ અલા (હાઝાલ) ખલ્કે લે અલ્લા યકૂન લે અહદીન ફી ઓનોકેહી બયઅતન એઝા ખરજ. એ ઇલાહી હુકુમતના માલિકની વિલાદત લોકોની નજરોથી ગુમ રાખવામાં આવી છે, કારણ કે જ્યારે તેઓ ઝુહુર ફરમાવે ત્યારે તેઓની ગરદન ઉપર કોઇ ઝાલિમનું દબાણ નહીં હોય. જ્યાં સુધી તેઓ (અજ.) ની હુકુમતના કામકાજનો સુવ્યવસ્થિત હોવાનો પ્રશ્ન છે તો ખુદાવન્દે આલમ એ હઝરત માટે એક રાતમાં જ તમામ કાર્યો ને સુવ્વસ્થિત કરી નાખશે. કારણ કે હકીકતમાં તે 'ઇલાહી હુકુમત' હશે. હઝરત (અજ.) તો તે હુકુમતના પ્રતિનિધિ હશે.

રિવાયતો એહલેબૈત (અ.મુ.સ.) ના પ્રકાશમાં ગયબતના બીજા કારણોની સાથે એક કારણ એ પણ છે કે, આ હઝરત (અજ.) વિશે નબીઓની તમામ સુન્નત અને તરીકા સંપૂર્ણ ન થઇ જાય ત્યાં સુધી તેઓની ગયબતની મુદ્દત ચાલુ રહેશે. સુદિરે ઇમામે સાદિક અલયહિસ્સલામથી રિવાયત કરી છે કે : આપે (અ.સ.) ફરમાવ્યું : અમારા કાયમ માટે એક લાંબી ગયબતછે સુરિદે અર્ઝ કરી કે : અય ફરઝંદે રસૂલ એવું શા માટે થશે ? આપે (અ.સ.) ફરમાવ્યું : ખુદાવન્દે આલમ એ વખતે સુધી ઝુહુરનો હુકમ નહીં આપે. જ્યાં સુધી એ તમામ અંબિયાની સુન્નતના હુકમો ઉપર અમલ ન થઇ જાય, જેની ઉપર અંબિયા (અ.સ.) ઓએ અમલ કર્યો હતો. ખુદાવનદે અઝઝ વ જલ્લ ઇરશાદ ફરમાવે છે : લતરકબુન્ન તબકન અન તબક (ઇન્શેકાક : આ. ૧૯)

''એ તમામ સુન્નતો તો તમારી પહેલા હતી.'' (''ખચિત જ તમે એક સ્થિતિ પછી બીજી સ્થિતિએ પહોંચશો'') એ ક્યારે પુરી થશે તે ખુદાવન્દે આલમ સિવાય બીજું કોણ જાણી શકે છે. તેથીજ તો ઇમામ (અજ.) ના ઝુહુરનો સમય નિશ્ચિત કરવો જાએઝ નથી (એટલે કે અમૂક ચોક્કસ દિવસે ઇમામ ઝહુર ફરમાવશે તે કહેવાની મનાઇ કરવામાં આવ છે.)

એહલેબૈત (અ.સ.) ની રિવાયતોમાં દ્વારા ગયબતના અમૂક કારણો તરફ ઇશારો કરવામાં આવ્યો છે, તેથી જાણી શકાય છે. પરંતુ તેનું વર્ણન કરવું અને તેના કારણોની ઉંડાણ વિશે ખાત્રી પૂર્વક કાંઇ કહેવું એ પોતાન જાત સાથે છેપરપીંડી કરવા સિવાય બીજું કોઇ ન હોય શકે. ગયબતની પૂર્વભૂમિકામાં જે કાંઇ સ્પષ્ટ હીકમત રહેલી છે તે ખાલીકે હીકમત જાણે છે અથવા તો જે પવિત્ર ઝાતને તેનું ઇલ્મ આપવામાં આવ્યું છે તેને તેની ખબર છે. કારણ કે તેનો સંબંધ ''ઇલાહી ભેદ'' સાથે છે, અને અઇમ્મ-એ-માસૂમીન (અ.સ.) ને તે ઇલાહી ભેદ અને રહસ્યો પ્રકટ કરવાની રોકવામાં આવ્યા છે, આ હકીકતને સમજવા માટે હઝરત મૂસા અને હઝરત ખિઝર (અ.સ.) નો બનાવ લક્ષમાં રાખવો જોઇએ. હઝરતે ખિઝરે કશ્તીમાં કાણું પાડવા, છોકરાતે કત્લ કરવા, અને દીવાલનું સમારકામ કરવાના કારણો હ. મુસા (અ.સ.) ને એ સયમ સુધી ન જણાવ્યા જ્યાં સુધી બંનેનો છૂટા પડવાનો સમય ન આવ્યો. એ પહેલા તેઓ એ કામ કરતા રહ્યા, ને હ. ખિઝર (અ.સ.) ત્રણેયકામના રહસ્ય જણાવીને હ. મુસા (અ.સ.) થી છૂટા પડી ગયા. આ વિષયની વિગતને અલ ફઝલુલ હાશમીની રિવાયતમાં પ્રસ્તુત કરવામાં આવી છે. અલ ફઝલુલ અલયહેમુસ્સલામને બયાન કરતા સાંભળ્યા કે : આપે ફરમાવ્યું : એ કામના માીલક માટે ગયબત ફરજીયાત છે જેના વિશે બાતિલ પસંદ વ્યક્તિઓ શંકા અને સંદેહમાં પડી જાય. મેં પ્રશ્ન કર્યો કે : આપની ઉપર કુરબાન થઇ જાઉં એવું શા માટે ? તેઓએ ફરમાવ્યું : તે હુકમના રહસ્યને જાહેર કરવાની અમોને પણ પરવાનગી આપવામાં આવી નથી. મેં પ્રશ્ન કર્યો કે : ગયબત પાછળ શું હકીકત છે ? આપે ફરમાવ્યું :

ગફબત પાછળ એજ હીકમત છે, જેનો ઉલ્લેખ ખુદાની અગાઉની હુજ્જત (અંબિયા અ.સ.) ની ગયબત માટે કરવામાં આવ્યો છે. પરંતુ આ (ઇમામે ઝમાના અજ.ની) ગબયત પાછળ કઇ હીકમત રહેલી છે, તેનું રહસ્ય ઇમામ (અજ.) ના ઝુહુર પછી જાણવા મળશે. એટલે કે બિલ્કુલ એવી જ રીતે કે હું ખિઝર (અ.સ.) મેં હોડીમાં કાણું પાડવા, છોકરાને કત્લ કરવા અને દીવાલનું સમારકામ કરવા પાછળના રહસ્ય હ. મુસા (અ.સ.) થી જુદા પડવાનો સમય ન આવ્યો ત્યાં સુધી કર્યા ન હતા. અય ફઝલના ફરઝંદ આ હુકમ અલ્લાહના હુકમ પૈકીનું એક રહસ્ય છે. અને અલ્લાહના ઇલ્મે ગૈબમાંથી છે. જ્યારે આપણે (ઉસુલે દીનની બાબતોની જાણીને) એ વાતની ખાત્રી કરી ચુક્યા કે : અલ્લાહ તઆલાની ઝાત હીકમતપૂર્ણ છે તો આપણે એ વાતનું સમર્થન કરવું પડશે કે તેના તમામ કાર્યો (હુકમો) અને કથન પણ હીકમત ઉપર આધારિત જ હોઇ શકે, ભલે પછી તેના કારણો અને રહસ્યો આપણે જાણતા હોઇએ કે ન જાણતા હોઇએ. રિવાયતોમાં ગયબતના વિવિધ કારણોને ઉલ્લેખ મળી આવે છે. તેમાંના એક કારણ ગયબતના ઝમાનામાં હુજ્જતે ખુદા પર યકીન, ઇમાન અને તેઓની ઇતાઅતની જાંચ, પરખ કરવામાં આવી રહી છે - તે પણ છે. અંતઃ ઇમામે સાદિક (અ.સ.) ની એક લાંબી રિવાયતો છે, જેમાં આપે એ નિશાનીઓનું વર્ણન કર્યુ છે જે ઝહુરની પહેલા જાહેર થશે. જે રિવાયતના અંતે આપ (અ.સ.) ફરમાવે છે વ ઝાલેક - બઅદ - ગયબતીન તવલતીન - લે યઅલમલ્લાહો અ મન અ યોતીઓહૂ - બિલ - ગયબે - વ - યઅમેનો બેહ. અને આ નિશાનીઓ એક લાંબી ગયબત પછી જાહેર થશે. જેથી ખુદાવન્દે તઆલા એ વાતી ચકાસણી કરી લે કે ગયબતના જમાનામાં તેની ઇતાઅત કરનારા કેટલા છે અને તેની ઉપર યકની અને ઇમાન કોણ રાખે છે ? (મુન્તખબુલ અસ્ર પ્રકરણ ૩૫, હદીસ ૧)

ગયબતના કારણો પૈકીનું એક કારણ આપણા દુષ્ટ કાર્યો અને બેદીનીનું વાતાવરણ પણ છે. આ વાતાવરણ એવું છે જેમાં દૂર સુદૂર સુધી સાચા ઇસ્લામી અને ઇમાની વાતાવરણનું નામો નિશાન પણ નજરે પડતું નથી. આપણો સમાજ પોતાની સ્વછંદી અને કાલ્પનીક વાતો (એવી વાતો જેનું શરીયતમાં કોઇ સ્થાન કે હુકમ નથી.) ઉપર અમલ કરીને તેની ઉપર ખુશ થાય છે અને (બિન ઇસ્લામી) વાતાવરણને ઇસ્લામી વાતાવરણ સમજે છે. આથી એ વાત સ્પષ્ટ છે કે આવા વાતાવરણમાં પયગમ્બર અથવા ઇમામની જાહેર થવાની ગુંજાઇશ ક્યાંથી હોઇ શકે ?

આ વાતાવરણની સરખામણી કુફા સાથે કરવામાં આવે તો અયોગ્ય નહી ગણાય.

(એ જમાનામાં) મૌલાએ કાએનાત તમામ મુસલમાનોને અમીરે શામની વિરૂદ્ધમાં જંગ કરવા માટે આહવાન આપે છે. અને લોકો બાતિલની વિરૂદ્ધમાં બળવો પોકારે તેવું ઇચ્છે છે, પરંતુ મુસલમાનો એવા છે કે, સખત ઠંડી અને સખત ગરમીના બહાના કરીને યોગ્ય ઋતૃ આવવાની રાહ જોવાનું કહીને જંગથી પીઠ ફેરવી લે છે. જેનું પરિણામ એ આવે છેકે મૌલાએ મુત્તકેયાનને શહાદતનો જામ પીવો પડે છે. બીલ્કુલ તેવી જ હાલત આપણા સમાજની છે. તેથીજ તો ઇમામે બાકિર (અ.સ.) ગયબતનું કારણ આ શબ્દોમાં બયાન ફરમાવે છે : મરવાન અંબારીનું બયાન છે કે મને ઇમામ મોહમ્મદે બાકિર (અ.સ.) નો એક પત્ર મળ્યો જેમાં લખ્યું હતું કે : "જ્યારે ખુદાવન્દે આલમને અમારૂં લોકો સાથે રહેવું ના પસંદ બન્યું ત્યારે અમોને લોકોના સમૂહથી અળગા કરી દીધા." (મહદી મવઉદ - બેહાર ૧૩ મું પુસ્તક)

ઉપરની રિવાયતથી એ વાત બિલ્કુલ સ્પષ્ટ થઇ જાય છે કે ગયબતના કારણો અને રહસ્યો વિશે અટકળ કે તર્ક કરવો ન જોઇએ. અલબત્ત, તમારા ઇમામનો તકાઝો છે કે અઇમ્મએ માસૂમીન (અ.સ.) જે કાંઇ ફરમાવે તેને પુરતું ગણવું જોઇએ. કારણ કે આ વાત ખુદાના હુકમ અને કાર્ય પૈકીની છે, અને ખુદાની મસ્લેહત તેના સિવાય બીજુ કોઇ જાણતું નથી.

એક વાત બહુ જ સ્પષ્ટ થાય છેકે ગૈબતના કારણો વિશે આપણી અટકળો અને ગુમાનને કોઇ અવકાશ નથ. અલબત્ત, માઅસુમો (અ.સ.) જે કાંઇ બયાન કરે છે તેના ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખવો એ ઇમાનનો જ એક તકાઝો છે. કારણ કે આ વાત ખુદાના રાઝોમાંથી એક રાઝ છે. અને ખુદાની વાત ખુદાજ જાણે. ખુદા નથી ચાહતો કે ગૈબત વિશે સવાલ કરવામાં આવે. કારણ કે એ આપણજ હક્કમાં સારૂ નથી. કેમ કે એ રાઝની વાત ખબર પડી જાય તો કદાચ આપણને ખરાબ લાગે, એ માટે, આ બાતની એક રિવાયત રજુ કરીએ છીએ. નાહિયા - એ - મુકદ્દસાથી ઇમામ ઝમાન (અ.સ.) એ મોહમ્મદ બીન ઉસ્માન (આપના બીજા નાએબે ખાસ) મારફત લખી મોકલ્યું : જ્યાં સુધી ગૈબત થવા વિશેના કારણનો સવાલ છે, અલ્લાહ તઆલા ફરમાવે છે, "એ ઇમાન વાળઓ ! એ વસ્તુઓ વિશે ન પૂછો કે જેના વિશે તમે જાણી લો તો તમને ખરાબ લાગે અને તમે તેનાથી મુતઅસ્સીર થઇ જાવ (તમને તકલીફ પહોંચે)." (માએદાહ : ૧૦૧) (મહદીએ મવઉદ, બેહાર પુસ્તક : ૧૩)

અલબત્ત, ગયબતના યુગને નેઅમત સમજીને ગનીમત જાણીને એહકામે ઇલાહી અને નબી (સ.અ.વ.) ના ઇરશાદાત અનુસાર અમલ કરતા રહીએ અને એક બા - અમલ શિયા બની રહીએ. જેથી જ્યારે ખુદાવન્દે તઆલાના હુકમથી હઝરત હુજ્જત અજ્જલલ્લાહ તઆલ ફરજહ, ઝુહુર ફરમાવે ત્યારે આપણી મોહબ્બતની લાગણી કામ આવે. અને જો વઆપણા જીવનકાળ દરમ્યાન ઇમામ ઝુહુર ફરમાવે તો ઇમામ (અજ.) ની સાથે રહીને ઇસ્લામના દુશ્મનોનો મુકાબલો કરી શકીએ. તેમજ શોહદાએ કરબલાની શહાદતનો ભરપુર બદલો લઇ શકીએ. જે માટે આપણે ઇમામે હુસૈન (અ.સ.) ની શહાદતના પ્રારંભકાળથી લોહીના અશ્રુ વહાવી રહ્યા છીએ.

## ઇમામે મહદી (અજ.) વિશેની માન્યતા
## અને મદીના યુનિવર્સિટીના (ગૈર શિયા) વિદ્વાનો

મદીના મુનવ્વરહ યુનિવર્સિટી (અલ જામેઅતુલ ઇસ્લામીયહ બિલ મદીનતુલ મુનવ્વરહ) ના એજ્યુકેશન બોર્ડના સભ્ય અને પ્રોફેસર જનાબ શૈખ અબ્દુલ મોહસીન બિન હમદ અલ એબાદે યુનિવર્સિટીના એક મહત્વપૂર્ણ સેમિનારમાં જેમાં યુનિવર્સિટીના વાઇસ ચાન્સલેર નાબ શૈખ અબ્દુલ અઝીઝ બિન બાઝ પણ ઉપસ્થિત હતા, તે સેમિનારમાં એક અત્યંત મહત્વનો સંશોધનપૂર્ણ લેખ (નિબંધ) પ્રસ્તુત કર્યા. જેનો વિષય ''અકીદતો અહલીસ - સુન્નતે વલ અસર ફીલ મહદીય્યીલ મુન્તઝર'' હતો.

આ લેખ યુનિવર્સિટીના સામયીક ''મુજલ્લતુલ જામેઅતુલ ઇસ્લામીયહ'' વર્ષ પ્રથમ અંક નંબર ૩ ઝી-કઅદતુલ હરામ હીજરી ૧૩૮૮ માં પ્રકાશિત થયો આ લેખ ઘણોજ વિદ્વતા પૂર્વક લખાયેલો અને સંશોધનપૂર્ણ સદરહુ લેખ પુસ્તકની સાઇઝ ૪૦ પૃષ્ઠ અને દસ ભાગ (પરિચ્છેદ) નો છે.

જેમાં મુખ્યત્વે નીચેની બાબતોનો સમાવેશ થયો છે.

(૧) એ અસ્હાબનો ઉલ્લેખ છે, જેઓએ હઝરત રસુલે ખુદા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ પાસેથી ઇમામ મહદી અલયહીસ્સલામ વિશે હદીસો નોંધી છે.

(૨) એ આલીમો અને મોહદ્દેસીન (હદીસ વેત્તાઓ) નો ઉલ્લેખ છે, જેઓએ પોતાની કિતાબોમાં એ (નં. ૧ જણાવેલ) હદીસોનો ઉલ્લેખ કર્યો છે.

(૩) એ આલીમોનો ઉલ્લેખ છે, કે જેઓએ આ વિષય પર કિતાબો લખી છે.

(૪) એ આલીમોનો ઉલ્લેખ છે, જેઓએ આ હદીસોને મુતવાતીર (નિરંતર સીલ - સીલાબધ્ધ એવી હદીસો જેનો મૂળ સ્ત્રોત રસૂલ કે ઇમામથી મળતો અને અધિકૃત હોય) ગણાવી છે.

(૫) ઇમામ મહદી અલયહીસ્સલામ વિશેની એ હદીસો જે સહીહૈન (અધિકૃત કિતાબો) માં નોંધવામાં આવી છે.

(૬) અમૂક એવી હદીસોનો પણ ઉલ્લેખ છે જે સહીહૈન સિવાયની બીજી મોઅતબર કિતાબોમાં નોંધવામાં આવી છે તેઓ ઉલ્લેખ થયો છે.

(૭) મજકુર સામયીક લેખમાં એવા આલીમોના નામોના ઉલ્લેખ છે. જેઓએ તે હદીસોથી દલીલ પ્રસ્તુત કરી છે. અને ઇમામ મહદી (અજ.) વિશેની માન્યતાને પોતાનો અકીદો ગણાવેલ છે.

(૮I એવા લોકનો ઉલ્લેખ છે જેમણે એ હદીસોનો ઇનકાર કર્યો છે. તેમની દલીલોનો ઇલ્મી જવાબ પણ પ્રસ્તુત કરવામાં આવ્યો છે,

(૯) એ વાતનો ઉલ્લેખ છે જે જાહેરી રીતે એ હદીસો સામે વિરોધાભાસ ઉભો કરે છે, તેના જવાબ સાથેનો ઉલ્લેખ.

(૧૦) સારાંશ (નિષ્કર્ષ)

જનાબ અબ્દુલ મોહસીનનો લેખ પૂર્ણ થતા શૈખ અબ્દુલ્લાહ બિન બાઝે આ લેખની પ્રશંસા કરી, તેનું સમર્થન કર્યું અને તેના અમૂક અર્થઘટનમાં વધારો પણ કર્યા.

અત્રે અમે ચોથા ભાગના અમૂક અવતરણ પ્રસ્તુત કરહી રહ્યા છીએ. જેનાથી એ વાત બિલ્કુલ સ્પષ્ટ થઇ જાય છે કે ઇમામ મહદી (અજ.) વિશેનો અકીદો પુરતો મર્યાદીત નથી. પરંતુ એહલેસુન્નત વલ જમાઅતને અનુસરનારાઓમાં પણ આ અકીદો મૌજુદ છે અને તેઓ માટે પણ આ અકીદામાં માનવું અત્યંત જરૂરી છે.

આ લેખના વિષયથી એ વાત સ્પષ્ટ છે કે એ લોકો પણ હઝરત ઇમામ મહદી અલયહીસ્સલામનો ઇન્તેઝાર કરી રહ્યા છે.

ઉપર જણાવ્યા મુજબના અવતરણ વાચકોની ખિદમતમાં પ્રસ્તુત કરીએ છીએ.

(૧) એ અસ્હાબનો ઉલ્લેખ છે, જેઓએ હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.) પાસેથી ઇમામ મહદી (અ.સ.) વિશે હદીસો નોંધી છે.

(૨) એ આલીમો અને મોહદ્દીસ (હદીસ વેત્તાઓ) નો ઉલ્લેખ છે, જેઓએ પોતાની કિતાબોમાં અને (નં. ૧ માં જણાવેલ) હદીસોનો ઉલ્લેખ કર્યો છે.

(૩) એ આલીમોનો ઉલ્લેખ છે, કે જેઓએ આ વિષય પર કિતાબ લખી છે.

(૪) એ આલીમોનો ઉલ્લેખ છે, જેઓએ આ હદીસોને મુતવાતીર (નિરંતર સીલ-સીલાબધ્ધ એવી હદીસો જેનો મૂળ સ્ત્રોત રસૂલ કે ઇમામથી અને અધિકૃત હોય) ગણાવી છે.

(૫) ઇમામ મહદી અલયહીસ્સલામ વિશેની એ હદીસો જે સહીહૈન (અધિકૃત કિતાબો) માં નોંધવામાં આવી છે.

(૬) અમૂક એવી હદીસોને પણ ઉલ્લેખ છે જે સહીહૈન સિવાયની બીજી મોઅતબર કિતાબોમાં નોંધવામાં આવી છે તેનો ઉલ્લેખ થયો છે.

(૭) મજકુર સામયીક લેખમાં એવા આલીમોના નામોનો ઉલ્લેખ છે. જેઓએ તે હદીસોથી દલીલ પ્રસ્તુત કરી છે. અને ઇમામ મહદી (અજ.) વિશેની માન્યતાને પોતાનો અકીદો ગણાવેલ છે.

(૮) એવા લોકોના ઉલ્લેખ છે જેમણે એ હદીસોને ઇન્કાર કર્યો છે, તેમની દલીલનો ઇલ્મી જવાબ પણ પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

(૯) એ વાતનો ઉલ્લેખ છે જે જાહેરી રીતે એ હદીસો સામે વિરોધાભાસ ઉભો કરે છે, તેના જવાબ સાથેનો ઉલ્લેખ.

(૧૦) સારાંશ (નિષ્કર્ષ)

જનાબ અબ્દુલ મોહસીનનો લેખ પૂર્ણ થતા શૈખ અબ્દુલ્લાહ બિન બાઝે આ લેખની પ્રશંસા કરી, તેનું સમર્થન કર્યું અને તેના અમૂક અર્થઘટનમાં વધારો પણ કર્યો.

અત્રે અમે ચોથા ભાગના અમૂક અવતરણ પ્રસ્તુત કરી રહ્યા છીએ. જેનાથી એ વાત બિલ્કુલ સ્પષ્ટ થઇ જાય છે કે ઇમામ મહદી (અજ.) વિશેનો અકીદો શિયાઓ પુરતો મર્યાદીત નથી. પરંતુ એહલે સુન્નત વલ જમાઅતને અનુસરનારાઓમાં પણ આ અકીદો મૌજુદ છે અને તેઓ માટે પણ આ અકીદામાં માનવું અત્યંત જરૂરી છે.

આ લેખના વિષયથી એ વાત સ્પષ્ટ છે કે એ લોકો પણ હઝરત ઇમામ મહદી અલયહીસ્સલામનો ઇન્તેઝાર કરી રહ્યા છે.

ઉપર જણાવ્યા મુજબના અવતરણ વાચકોની ખિદમતમાં પ્રસ્તુત કરી છીએ.

(૧) હાફીઝ અબુલ હસન મોહમ્મદ બિન હુસયન અલ આબરી અલ સબહઝી (વફાત ૩૬૩) એ તેમની કિતાબ ''મનાકેબુશશાફઇ'' માં લખ્યું છે કે, હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.) થી નોંધવામાં આવી છે, તે મુતવાતીર (કડીબદ્ધ) અને ફાયદામંદ છે. હઝરત મહદી અલયહીસ્સલામ અહલેબય્તમાંથી હશે.

(૨) હાફીઝ મહમ્મદ બરઝન્જી (વફાત ૧૧૦૩) એ તેમની કિતાબ ''અલ અશાઅહુલ અશરાત-સ્સાઅહ'' ના ત્રીજા ભાગમાં લખે છે કે : હઝરત ઇમામ મહદી (અ.સ.) વિશેની રિવાયતો, વિવિધ રીતે એટલી વધારે સંખ્યામાં વારીદ થઇ છે કે, તેની ગણત્રી થઇ શકતી નથી. જે પૈકીની મોટા ભાગની રિવાયતો સહીહ છે કે આપ જનાબે ફાતેમા ઝહેરા સલામુલ્લાહે અલયહાના વંશજ હશે. એ રિવાયતો એટલી બધી અધિકૃત સીલસીલા સાથેની છે, કે તેનો ઇન્કાર કરવાની કોઇ સંભાવના રહેતી નથી.

(૩) જનાબે શૈખ મોહમ્મદ અલ - સફારી (વફાત હી. ૧૧૮૩) તેમની કિતાબ ''લવાએમુલ અન્વાર અલ બહીય્યાહ'' માં લખે છે કે હઝરત મહદી અલયહીસ્સલામ વિશેની રિવાયતો પુષ્કળ પ્રમાણમાં છે, અને તે રિવાયતો આંતરિક કડીબદ્ધતા હદ સુધી પહોંચેલી છે. આ રિવાયતો એહલે સુન્નત આલીમોમાં એટલી બધી વિખ્યાત છે કે તે રિવાયતોને તેઓના અકીદામાં ગણાય છે. આ રીતે ઇમામ મહદી (અજ.) ના ઝુહુર પર ઇમાન રાખવું વાજીબ છે. આ બાબતે એહલે ઇલ્મ માટે નિશ્ચિત છે અને એજ એહલે સુન્નત વલ જમાઅતનો અકીદો છે.

(૪) જનાબ કાઝી મોહમ્મદ બિન અલી અશશવકાની (વફાત ૧૨૫૦) તેમની કિતાબ ''અત્તવઝીહ ફી તવાતુર માજાઅ ફીલ મહદીયીલ મુન્તઝર વદ-દજાલ વલ મસીહ'' માં લખે છે કે : ઇમામ મહદી અલયહીસ્સલામ વિશેની જે હદીસો મળી આવે છે, તેની સંખ્યા ૫૦ છે. આ હદીસો મતવાતીર હોવામાં શંકાને સ્થાન નથી. ઇમામ મહદી વિશે સહાબા તરફથી પણ ઘણી વાતો નોંધવામાં આવી છે. આ પ્રકારના સ્પષ્ટ વિષયમાં ''ઇજતેહાદ'' ની કોઇ ગુંજાઇશ નથી.

(૫) જનાબ શેખ સદીક હસનખાન કનોજી (વફાત હી. ૧૩૦૭) એ તેઓની કિતાબ ''અલ એજાઅ લેમા કાન વ મા યકૂન બય્ન યદયઇસ્સાઅહ'' માં લખે છે કે : ઇમામ મહદી (અજ.) વિશે વિવિધરીતે અનેક રિવાયતો નોંધવામાં આવી છે. જે હકીકતમાં 'તવાતુરે મઅનવી' ની હદ સુધી વિશ્વસનીય છે. આ વાતમાં શંકાને કોઇ સ્થાન નથી કે ઇમામ મહદી (અ.સ.) આખરી જમાનામાં જાહેર થશે. અબલત તેઓનું જાહેર થવાનું વર્ષ અને મહીનો નક્કી નથી. જે કોઇ આ વાતની વિરૂદ્ધ જાય તેની કોઇ પરવા નથી.

(૬) શેખ મોહમ્મદ બિન જારફ અલકતાની (વફાત ૧૩૪૦) એ તેમની કિતાબ ''નઝમુલ મુતનાસિર મિનલ હદીસીલ મુતવાતીર'' માં લખે છે કે : ટૂંકમાં એ કે ઇમામ મહદી મુન્તઝર વિશે જે હદીસો વારીદ થઇ છે, તે મુતાવીર છે.

મજકુર લેખના અંતમાં અબ્દુલ મોહસીન કહે છે કે ઇમામ મહદી વિશેની હદીસોને ઇન્કાર કરવો અથવા તો તેમાં શંકા કરવી એ ખતરનાક બાબત છે.

અમે ખુદાવન્દે આલમ પાસે સલામતી, રક્ષણ અને હક પરસ્તીને દ્દઢ રીતે વળગી રહેવાની દોઆ માંગીએ છીએ. આ લેખના ઉપસંહાર રૂપે યુનિવર્સિટીના વાઇસ ચાન્સલેર શૈખ અબ્દુલ અઝીઝ બિન અબ્દુલ્લાહ બિન બાઝે જે પ્રવચન કર્યું તે કેસેટમાંથી નોંધીને તઓની પરવાનગી સાથે આ અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તેઓના પ્રવચનમાં તેમણે કહ્યું હતું કે : જનાબ શેખ અબ્દુલહુસૈન અલ એબાદે જે વાતો બયાન કરી છે સાચી અને હક છે. ઇમામ મહદી વિશેની વાત આલીમો વચ્ચે મશહુર અને સ્વીકૃત છે આ વિશેની હદીસો ફાયદાકારક, ઉપયોગી અને મુતવાતીર છે. આખરી જમાનામાં ઇમામ મહદી અલયહીસ્સલામ ઇસ્લામી ઉમ્મત પર ખુદાવન્દે આલમની રહમત છે. તેઓ જાહેર થશે અને અદલો હક (ન્યાય અને સત્ય) કાયમ કરશે. જુલ્મ અને અત્યાચારને નાબૂદ કરશે (તેઓ મારફત ખુદાવન્દે આલમ ઉમ્મત ઉપર ભલાઇને ધ્વજ લહેરાવશે.) તેઓ દ્વારા જ લોકોની હીદાયત કરીને માર્ગદર્શન આપશે.

જો મહદવીયતના નકલી દાવેદારો ન હોત તો લોકો મહદવીયતના અકદાને એક 'મનઘડત' અને ગૈર-ઇસ્લામી અકીદો માની લેત. આ એક સ્પષ્ટ હકીકત છે. પરંતુ જેવી રીતે ઇસ્લામના પ્રારંભથી આજ સુધી નબુવ્વતના નકલી દાવેદારો ઠેકઠકાણે નજરે પડતા રહ્યા છે, તેવી જ રીતે મહદવીયતના પ્રારંભથી લઇને આ સુધી મહદવીયતના નકલી દાવેદારો ઉભા થતા રહ્યા છે. હદ તો એ વાતની છે કે ઓગણીસમી સદીમાં અમૂક માણસોએ પહેલા તો મહદી અલયહીસ્સલામના ખાસ નાએબ હોવાનો દાવો કર્યો, થોડા દિવસ સુધી આ બાબતની તબ્લીગ કરતા રહ્યા, જ્યારે જોયું કે આ પ્રકારની દુકાનદારીમાં કોઇ ફાયદો નથી થતો ત્યારે તેજ લોકો નબુવ્વતનો દાવો કરી બેઠા. થોડા દિવસો સુધી પોતાની દુકાનોમાં નબુવ્વતનો શણગાર કરીને બેઠા પરંતુ નકલી નબુવ્વતનો દાવો અમૂક સ્વાર્થ પભરાયણ લોકો સિવાય બીજા કોઇને પ્રભાવિત કરી ન શક્યો ત્યારે છેવટે તે લોકોએ ખુદાઇનો દાવો કર્યો.

આ બધી વિગતો લખવાનો ભાવાર્થ માત્ર એ છે કે આ ખોટા અને નકલી દાવેદારોને ન્યાયપ્રિય અને તટસ્થ રીતે વિચારનારા લોકોના દ્દષ્ટિકોણથી એ વાત સ્પષ્ટ થઇ ગઇ છે કે : મહદવીયતનો અકીદો એ કોઇ મનઘડત અને ચોક્કસ ઇસ્લામીફીરકાનો જ અકીદો નથી, પરંતુ મહદવીયતનો અકીદો એ શુદ્ધ ઇસ્લામી અકીદો છે. જેની બશારત પયગમ્બર અકરમ (સ.અ.વ.) એ પોતે, ક્યારેક પોતાના ઘરના સભ્યો વચ્ચે અને ક્યારેક સહાબાએ - કેરામના સમૂહ વચ્ચે સ્પષ્ટ રીતે આપી હતી.

પયગમ્બરે અકરમ (સ.અ.વ.) ની બશારતથી એ હકીકત સ્પષ્ટ થઇ જાય છે કે : મહદવીયતનો અકીદો એ ઇસ્લામનો એક બુનીયાદી અકીદો છે. આ વાતનો ઇન્કાર કરવાનો અર્થ એ થશે કે તે ઇન્કાર કરનાર મુસલમાન કુફ્રના વર્તુળમાં પ્રવેશી જશે. આ વિશે સાહેબે યનાબીઉલ મવદ્દત સુલૈમાન કન્દુઝી હનફીએ રિવાયત નોંધી છે કે રસૂલે અકરમ (સ.અ.વ.) નો ઇરશાદ ગીરામી છે કે ''મન અન્કર ખોરૂજલ મહદીય્યે કફર.'' એટલે કે જેણે મહદી (અજ.) ના ઝુહુર અને ઇન્કેલાબનો ઇન્કાર કર્યો, નિશંક તણે કુફ્ર ઇખ્તેયાર કર્યું. આ પ્રકારની અગણિત હદીસો અને રિવાયતો જોવા મળે છે.

આમ છતાં, કેટલાક વિચારશીલ વિદ્વાનો આલીમોએ, આ અકીદા વિશે કેટલીક બીન તાર્કીક અને વિચિત્ર વાતો કરવાની ધૃષ્ટતા કરી છે તેવા લોકોએ સલફે સાલેહીન (સાલેહ પૂર્વજો) ની વિચારધારા અને કથનની પણ પરવા નથી કરી. જેમાં મીસ્રના એક મહાન લેખક અહમદ અમીન અને વિદ્વાન તફસીરકર્તા અલ્લામા તન્તાવી જૌહરી મોખરે દ્દષ્ટિમાન થાય છે. અતઃએ બઃને આલીમોનું બયાન છે કે : ''ઇસ્લામી દુનિયામાં જેટલી ચળવળ અને ક્રાંતી મહદવીયતના દાવેદારોએ કરી અને તેના પરીણામે મુસલમાનો વધુને વધુ નબળા પડ્યા છે. આ ઉપરાંત મુસલમાનોમાં આંતરિક ખુંરેજી, ફસાદ અને લડાઇ ઝગડા થયા તે બધા ફીત્નાનું મૂળ ''મહદીના ઝુહુરનો અકીદો'' છે. આ અકીદાના કારણે આપસમાં એવા મતભેદ ઉભા થયા કે જેના લીધે મીલ્લતમાં ભાગલા પડી ગયા.''

ઉપર જણાવેલ બન્ને વ્યક્તિઓ આ પ્રકારના નિવેદન કરીને મીલ્લતમાં ઝેર પ્રસરાવીને મુસલમાનોના એ અકીદાની વિચારધારા અને અકીદાથી હટવવાના પ્રયાસો કર્યા. હકીકતમાં મહદવીય્યતનો અકીદો ઇસ્લામી સમાજમાં ઝળહળતા ભવિષ્ય, આશાઓ, દ્દઢતા, સ્થિરતા અને આત્માવિશ્વાસ પ્રગટાવવાની ખાત્રી આપે છે.

જો જનાબ અહમદ અમીન મિસ્રી તેમની સમજણ, અકલ અને દ્રષ્ટિની સાથે સાથે આંતરદ્રષ્ટિનો પણ ઉપયોગ કરતે તો તેઓ ઇતિહાસ અને સમાજને સ્પર્શતા પુસ્તકોમાંથી એ વાત જાણી લેત કે : હકની વાત હોય કે નેઅમતની, હક અને સુલેહ અદાલત હોય કે અમાનત અને સત્યતાની વાત હોય, આચાર સંસ્કૃતિ અને હોયકે દીન - મઝહબ, સ્વતંત્રતા હોયકે લોકશાહી. ટૂંકમાં, દરેક વાતમાં સ્વાર્થ પિપાસુ લોકો જેઓ સત્તા, હોદ્દા કે હુકુમત પાછળ પભાગલ થએલા હોય છે તેઓએ જીવનની આ મુલ્યવાન બાબતોના નામે ખોટા અને નાજાએઝ ફાયદો ઉઠાવ્યો હતો. ઉઠાવી રહ્યા છે અને ઉઠાવતા રહેશે. હદ તો એ વાતની છે કે એ સ્વાર્થી અને તકસાધુ લોકોએ ખુદાઇ અને નુબવ્વતને પણ છોડ્યો નથી. પછી 'મહદવીયતનો અકીદો' અર્થહીન અને ખોટો અકીદો સાબિત કરવા માટે એવી કમજોર દલીલો પ્રસ્તુત કરવામાં આવી જેનાથી તેઓની સમજણ અને બસીરતનો એટલી હદ સુધી ધબ્બાઓથી ખરડાવી નાખી કે ઇલ્મી દ્દષ્ટિએ તેઓ તે કક્ષાને પાત્ર ન હતા આમ છતાં, એટલો બધો વિરોધ હોવા છતાં, કમસેકમ તે લોકો 'મહદવીયતના અકીદા' ને એટલો મજબુત અકીદો ગણ્યો છે અને એ વાત સ્પષ્ટ છે કે જે બાબતની કોઇ 'અસ્લ' કે મૂળ હોય તે વાત જ મજબુત રીતે ટકી રહે છે. અને તેઓ પાયો કે મૂળ હોવું તેજ એ વાતની દલીલ છે કે આ એક ખરો 'ઇસ્લામી અકીદો' છે.

આથી શિયા અને સુન્ની બંને ફીરકાના અમૂક એવા તકસાધુ અને સત્તા ભુખ્યા લોકો હતા જેઓ મહદવીયતનો દાવો કરીને અને મનોકામના અને હવસભુખ્યા દાવેદારો પૈકી એક 'મહદી સૂડાની' પણ છે.

મહદી સૂડાનીનો જન્મ હીજરી સન ૧૮૪૮ માં સૂડાનના ગામ દૂલગલામાં થયો હતો. તે એક વહાણ બનાવનાર કુટુંબ સાથે સંબંધિત હતો. આ એ મહદી હતો જેણે યુરોપના દેશોમાં સૌથી

વધારે ખ્યાતિ મેળવી હતી. તેનું મૂળ નામ મહમ્મદ અહમદ હતું. તેણે પોતે ઇમામ મહદી હોવાનો દાવો કર્યો.તેણે પોતાના નામ સાથે ''મહદી'' નો લકબ લગાડી દીધો. બાવીસ વર્ષની વયથી ઝોહદ અને તકવાના દેખાવના કારણે બુઝુર્ગ વ્યક્તિત્વ ધારણ કરી લીધું. લોકો તેને બહુજ માન આપતા હતા. તે શ્રેષ્ઠ વક્તા હોવાને કારણે લોકોને મિસરીઓના જુલ્મ અને અત્યાચારથી વાકેફ કરવા લાગ્યો. તેમાંય ખાસી કરીને મહદીના ઝુહુરના વિષય ઉપર તેણે ખૂબજ ભાર આપ્યો.

મહદી સૂડાની રસુલે ખુદા (સ.અ.વ.) નો બનાવટી નાયબ, અને મુસલમાનોનો કૃત્રિમ રહનૂમા બની બેઠો હતો. તેણે સૂડાનની મસરીઓ અને અંગ્રેજોની મિશ્ર વક્તા હતો તેથી પેણેવક્તવ્યની ઝાકઝમાળ રચીને મિસરીઓના જુલ્મ અને અત્યાચારનું એવી રીતે વર્ણન કર્યું જેથી સૂડાનીઓના દિલમાં મિસરીઓ માટે નફરત પૈદા થતી થઇ. એટલે સુધી કે સૂડાનીઓના શરીરમાં મિસરીઓ માટે બગાવતી આગ ભડકી ગઇ. મહદી સૂડાની પોતાના જલદ પ્રવચનોમાં મહદીના ઝુહુરના વિષય ઉપર ખૂબ જ ભાર આપનો હતો. ધીમે ધીમે તો પોતાની જાતને મહદીની ઝાત સાથે સંબંધિત કરતો ગયો. જે દરેક બનાવટી મહદીના રાજકરણની પદ્ધતિ હોય છે. અને છેવટે પોતે જ મહદી હોવાનો દાવો કરી બેઠો. મહદી સુડાની પોતે નબીએ અકરમ (સ.અ.વ.) ના વંશમાંથી હોવાનો દાવો કરતો હતો, એ શિયા ફીરકા પ્રમાણે પોતાને બારમા ઇમામ અને ઇમામ હસન અસ્કરી અલયહીસ્સલામનો ફરઝંદ કહેવડાવતો હતો. દીની તાલમી પ્રાપ્ત કર્યા પછી તે સનૂહસીયહ સૂફી સીલસીલમાં પ્રવેશી ગયો અને સફેદ નીલના (નાઇલ નદીના) દ્વીપ (ટાપુ) ''આબ્બા'' માં જઇને પોતાનો બધો જ સમય ઇબાદતમાં ગાળવા લાગ્યો. મહદી સૂડાનીના ''મહદી'' હોવાનું સમર્થન પહેલી વખત ''આબ્બા'' દ્વીપમાં થયું જે વિસ્તાર ખરતૂમથી ૧૫૦ માઇલના અંતરે દક્ષિણમાં આવેલો છે. ત્યાંના લોકોના એક સમૂહે તેના હાથ પર બયઅત કરી અને તેણે ત્યાંજ ગુપ્ત રીતે પોતે મહદી હોવાની જાહેરાત કરી.

કેટલીક ઇતિહાસકારોનું કહેવું છે કે : સનૂસીયહ સંપ્રદાય અપનાવ્યા પછી કોઇ કારણસર, કોઇ પ્રશ્ને તેને તેના ઉસ્તાદ સાથે મતભેદ થવાને કારણે. તેણે પોતે પોતાના શાગીર્દોને ભેગા કરવાનું (એટલે કે નવી મંડળી રચવાનું) શરૂ કર્યું. અને એ વખતે જ તે પોતે મહદી હોવાનો દાવો કરી બેઠો એટલું જ નહીં, તેણે પોતાને અંતિમ ઇમામ કહેવારાવવાનું પણ શરૂ કરી દીધું. તેને પ્રારંભમાં જ અબ્દુલ્લાહ અત્તાયેશા (ખલીફા) નું સમર્થન પ્રાપ્ત થઇ ગયું હતું અબ્દુલ્લાહે તેને એવી જગ્યાએ ચાલ્યા જવાની પ્રેરણા કરી શકાય તેવા કબીલાનો વસવાટ હતો. ઇસ્વીસન ૧૮૮૧ ના મે મહિનામાં મિસરની હુકુમતે તેને ખરતુમમાં હાજર થઇને સ્પષ્ટતા કરવાનો હુકમ આપ્યો. પરંતુ મહંમદ અહમદ અલ મઅરૂફ મહદી સૂડાની, તે હુકમની અવગણના કરીને (બળવો પોકારીને) સત્તાના સુત્રો સંભાળી લીધા. અને ગૈર મુસ્લીમો અને સ્વતંત્ર વિચારધારાવાળા મુસ્લીમોની વિરૂદ્ધ જેહાદનું એલાન કર્યું.

મિસરની હુકુમતે તેની આ બગાવતને દબાવી દેવા રઉફે પાશાની સરદારી હેઠળ બસ્સો સૈનિકોનું લશ્કર મોકલીને મહદી અને તેના લશ્કરને તેની સાન ઠેકાણે લાવવાનો હુકમ આપ્યો.

અગિયારમી ઓગસ્ટે મિસરના લશ્કરે જઝીરહે ''આબ્બા'' પહોંચીને મહદી અને તેના સાથીઓ પર હુમલો કર્યો જવલનશીલ અને આધુનીકલ શસ્ત્રો ન હોવાથી મહદી અને તેના સાથીદારો રાત થવા સુધી છુપભાઇ રહ્યા. રાત પડતા તેમણે મિસર લશ્કર ઉપર ચારેબાજુથી હુકલો કરી દીધો અને લશ્કરની સફાઇ કરી નાખી. એ જંગમાં વિજય મેળવ્યા પછી મહદી સૂડાની એક નિર્જન વિસ્તારમાં ચાલ્યો ગયો. જ્યાં વળતો હુમલો થવાની શક્યતા ઓછી હતી. માર્ગમાં કેટલાક સ્થાનિક નેતાઓ સાથે તેની મુલાકાત થઇ. તે લોકો પાસેથી તેને, એ વાત જાણવા મળી કે કે મિસરી હુકુમતને કારણે આખા દેશમાં વ્યાકૂળતા વ્યાપી રહી છે અને લોકો હુકુમત પ્રત્યે સંતોષની લાગણી દાખવતા નથી. ગુલામોના વેપારીઓનો વેપાર બંધ થતોજાય છે અને તેના કારણે સરકારને આર્થિકસહકારનો પણ અંત આવતો જાય છે.

મહદી સૂડાનીની યુસુફ પાશાના માણસો સાથે જબલે ગદીર (ગદીરના પહાડ) માં અથડામણ થઇ. જેના કારણે તેને પાછું ફરવું પડ્યું. યુસુફ પાશા ફશૂદહ (ફૂડૂકમ) ના પ્રતિનિધિ હતા. મે ૧૮૮૨માં મિસરી હુકુમતે મહદી સૂડાની પર હુમલો કરવા માટે યુસુફ પાશાની સરદારીમાં છ હજારનું લશ્કર મોકલ્યું.

અત્યંત સાવધાની રાખવા છતાં યુસુફ પાશાના લશ્કર ઉપર મહદી સૂડીનીના લશ્કરે રાત્રીના અંધકારનો લાભ લઇને હુમલો કર્યો અને તેના તમામ સૈનિકોને મારી નાખ્યા. આ સફળતા પછી મહદી સૂડાનીની તાકતમાં ઉત્તરોત્તર વૃદ્ધી થવા લાગી. અને માલ ગનીમતની લાલચમાં ઘણા તેની સાથે ભળી ગયા. ૧૮૮૨ના નવેમ્બર મહિનાની શરૂઆતમાં મહદીએ પોતાની તાકતનો અંદાજો લગાડી નક્કી કર્યું કે તે મીસરીઓનો મજબૂત કિલ્લો અલ – અબીદ પર કબ્જો કરી શકે છે. એ પ્રમાણે તેણે અલ – અબીદ પર ચઢાઇ કરીને ત્યાંથી જ હુકુમત કરવા લાગ્યો. મહદ સૂડાની સદી કફની અને સુતરાઉ પાટલૂન પહેરતો હતો. તેના અનુયાઇઓ પણ સાદા કપડા પહેરીને તેનું અનુસરણ કરતા હતા જાહેરી રીતે તો તે બહુ સાદાઇભર્યું જીવન વીતાવતો અને લોકો સાથે ગંભીરતા અને (કુશાદાપેશાની – ખુશ મિજાજ) હસતા મુખ સાથે હળતો મળતો પરંતુ તેનું ખાનગી જીવન ખૂબ જ એશો આરામભર્યું હતું. સ્ત્રીઓ મોહમ્મદ અહમદની મોટી નબળાઇ હતી. તે રીસાલતના યુગની નકલ કરીને તેની ઠેકડી ઉડાડતો હતો. તે પોતાની પત્નીને 'ઉમ્મુલ મોઅમેનીન આયશા' કહીને સંબોધન કરતો હતો. તેણે પોતાના ખાસ સાથીઓને સહાબાએ નબીએ અકરમ (સ.અ.વ.) ના લકબ આપ્યા હતા. જેમ કે અબૂબકર, ઉમર, હસ્સાન બિન સાબિત અને ખાલિદ બિન વલીદ વગેરે. તેણે પોતાના સામાન્ય સાથીદારોના નામ ''અન્સાર'' રાખ્યા હતા. મોહમ્મદ અહમદ અને તેના સાથીદારો પોતાને ''દરવેશ''ના નામથ ઓળખાવતા હતા. જાહેરી

રીતે તો તે ઇસ્લામના પ્રારંભકાળનું વાતાવરણ અને સમાજ અસ્તિત્વમાં લાગવા માંગતો હતો. પરંતુ હકીકત એવી ન હતી. જો અંગ્રેજો અને મિસરીઓએ સુડાનની જનતા ઉપર ઝુલ્મ અને અત્યાચારનો કોરડો વીંઝયો ન હોત અને ત્યાંના અર્થતંત્રને ભાંગી ન નાખ્યું હોત તો કદાચ કોઇ નકલી મહદી સૂડાની ઊભો ન થાત. પરંતુ જુલ્મો સિતમથી તંગ આવી ગએલી સુડાનની જનતાએ અંગ્રેજો અને મિસરીઓની વિરૂદ્ધમાં મોહમ્મદ અહમદને બળવો પોકારતા જોયો કે તરતજ તેઓને એવો ભ્રમ થયો કે આ માણસ જ આપણો સાચો મુક્તિદાતા છે. અને તે કારણસરજ સૂડાની કબીલાવાળા તેને ઘેરી વળ્યા.

જ્યારે મહદી સૂડાની પહેલી વખત ''આબ્બા'' ટાપુથી 'નોબા' પહાડીઓમાં આવેલી 'મસત' નામની જગ્યાએ પહોંચ્યો ત્યારે તેણે પોતાની એ સફરને 'હીજરત' નું નામ આપ્યું હતું. તેણે પોતાના ચાર ખલીફા અને જાનશીન નીયુક્ત કર્યા હતા. પહેલા ખલીફા તરીકે અબ્દુલ્લાહ અત્તાઇશહને નીયુક્ત કર્યા, તેને 'અબુ બકર' નો લકબ આપ્યો.

મોહમ્મદ અહમદ તેના માનવા અને કહેવા મુજબ કુરઆને કરીમને બુનીયાદ ઉપર હુકુમત ચલાવતો હતો. પરંતુ વાસતવામાં લોકો પોતાની પ્રત્યે આકર્ષવાની આ તેની ચાલબાજી હતી. તે ઝકાત અને ખુમ્સ બંને ઉઘરાવતો હતો. પરંતુ તેની વહેંચણી પોતાને મન ફાવે તે રતે કરતો હતો. તેણે ઇલ્મે દીને અને ફીકહને અભ્યાસ ઉપર પ્રતિબંધ મૂકી દીધો હતો, મહદી સૂડાની ફક્ત કુરઆનની તિલાવત કરવાનો આગ્રહ રાખતો હતો. અલબત, તેણે કુરઆન વિશે ચર્ચા વિચારમણા કરવાની સખ્ત મનાઇ ફરમાવી હતી. લઝઝતોછોડી દો અને ઝોહદના હેતુસર તેણે વહાબીઓની જેમ તંબાકુના ઉપયોને હરામ ગણાવ્યો હતો. તે તંબાકૂના ઉપયોગને શરાબના ઉપયોગ કરતા પણ વધારે ખરાબ ગણાવતો હતો. તે નાનામાં નાના અને મામુલી ગુનાહોને પણ માફ કરતો નહીં.

સૂડાન ઉપર મિસર અને અંગ્રેજોના કબ્જાના કારણે તે દેશ ખૂબ જ નાજુક પરિસ્થિતિમાંથ પસાર થઇ રહ્યો હતો. અંગ્રેજોએ મહદી ઉપર હુમલો કરવાના ઇરાદાથી વીલીયમ હેકની આગેવાની હેઠળ દસ હજાર મિસરીઓનું લશ્કર રવાના કર્યું. ત્રીજી નવેમ્બરે મહદી મિસરીઓના લશ્કર સાથે મુકાબલો કરવા કશગલ પહોંચ્યો અને તેઓને શરમનાક હાર આપી અને વખતે લગભગ સમગ્ર સુડાન ઉપર મહદી સૂડાનીનો કબ્જો હતો.

ડીસેમ્બર ૧૮૮૪ માં સલામતીન પાશા આસુરીયા (............ બાકી..........) નો માજી સૈન્ય અધિકારી હતો. તે વર્ષ ભરન લડાઇ પછી મહદીના હાથે પરાજય પામ્યો અને અંગ્રેજો સૂડાનથી નાસી છુટવાની તૈયારી કરવા લાગ્યા. અંતઃયુરોપના લોકોને સૂડાનથી નીકળી જવામાં મદદ કરવા માટે જનરલ ચાર્લ્સ જયોર્જ ગોર્ડનને રવાના કરવામાં આવ્યો. જનરલ ગોર્ડન તે પૂર્વે સૂડાનનો ગવરનર જનરલ રહી ચુક્યો હતો. અને સ્થાનિક લોકોમાં વિખ્યાત હતો. આ ઉપરાંત મહમ્મદ અહમદ જે હવે કહેવાતો 'મહદી' બની સુડાનની તમામ નાનથી મોટી જનતાનો માલિક બની ગયો હતો. જનરલ તેની સાથે તમામ પ્રકારની વાટાઘાટ કરવાની ક્ષમતા ધરાવતો હતો. ખરતુમ પહોંચીને ૧૮ મી ફેબ્રુઆરી ૧૮૮૪ ના તેણે એક જાહેરાત કરી કે : જો મહદી બધા કૈદીઓને છોડી મૂકે તો તે મહદીને સૂડાનના સત્તાધિશ તરીકે સ્વીકારી લેશે એન ગુલામોના વેપારની પણ પરવાનગી આપશે.

મહદી સૂડાની તે શરત માન્ય રાખવાને બદલે ૨૨ મી (બાવીસમી) ઓગસ્ટે ખરતુમ પર હુમલો કરવા માટે લશ્કર મોકલ્યું અને ઓક્ટોબરમાં શહેરને ઘેરી લીધું. ઘણા દિવસો ુધી તે વાતનું કોઇ પરિણામ આવ્યું નહીં. જો કે મહદી સૂડાનીનું લશ્કર યુરોપના આધુનિક જ્વલનશીલ શસ્ત્રોનો લાંબા સમય સુધી મુકાબલો કરી શકે તેમ ન હતું. પરંતુ શહેરને ઘેરી લેવામાં આવ્યું હોવાથી શહેરમાં જીવન જરૂરી વસ્તુઓની સખ્ત તંગી થઇ ગઇ. લોકો ખૂબ જ ચિંતિત અને વ્યાકૂળ થઇ ગયા હતા. પરિસ્થિતિને અનુકૂળ જાણીને મહદી સૂડાનીના લશ્કરે તા. ૨૫ - ૨૬જાન્યુઆરી ૧૮૮૫ની રાતે શહેર ઉપર હમલો કરીને શહેરમાં કત્લે આમ ચલાવી દીધી. જનરલ ગોર્ડનને તેના મહેલની બહાર ખત્મ કરી દેવામાં આવ્યો.

સૂડાન અંગ્રેજોના હાથમાંથી બિલ્કુલ સરકી ગયું. મહદી સુડાની પોતાના સાથીદારોને મુસીબતથી સુરક્ષિત રાખવા ખરતુમને પોતાની રાજધાની બનાવી લીધી, જેથી એ કોઇ બીજી મુસીબતમાં ન ફસાય. સુડાન ઉપર પુરેપુરો કબ્જો મેળવી લીધા પછી મહદી સુડાનીએ પ્રદેશની સરહદો ચારેબાજુથી બંધ કરાવી દીધી. એટલું જ નહીં, હજ માટે જવા ઉપર પણ પ્રતિબંધ મૂકી દીધો.

૨૨ જૂન ૧૮૮૫ ના દિવસે મુદતીયા (ટાયફોડ) થી તાવની બીમારીમાં ઉમદરમાનમાં આ કહેવાતા 'મહદી સૂડાની' એ દુનિયાથી વિદાય લીધી. મરતા પહેલા મોહમ્મદ એહમદે પોતાના પહેલા ખલીફા અબ્દુલ્લાહ અત્તાયશીને પોતાની જગ્યા આપી દીધી હતી. પરંતુ નબળી નિર્ણય શક્તિ અને બુઝદિલીના કારણે અંગ્રેજ કર્નલ કિચનરના હાથે તણે પરાજયનો સામનો કરાવો પડ્યો અને ફરીથી સૂડાન ઉપર અંગ્રેજોએ કબ્જો જમાવી દીધો. સૂડાન પર કબ્જો જમાવી દીધા પછી મોહમ્મદ અહમદ સાથેના દ્વેશ અને ઘમંડના કારણે તેની કબ્ર ખોદાવીને તેનું માથુ વાઢી લઇને લંડન મોકલી દીધું. અમૂક લોકોનું માનવું છે કે મોહમ્મદ અહમદનું માથું આજે પણ બ્રિટીશ મ્યુઝીયમમાં મૌજુદ છે.

ખુદાવન્દે આલમ આપણે બધાને આવા સત્તાભૂખ્યા અને લોકોને પોતાની ચુંગાલમાં ફસાવનાર બનાવટી મહદીઓથી સુરક્ષિત રાખે. (આમીન)

અહીં સુધી તો એ મહદી સુડાનીનો ઝીક્ર કરવામાં આવ્યો જેણે સુડાનમાં ''મહદવીયત'' નો દાવો કર્યો હતો. જેનું મૂળનામ મહમ્મદ અહમદ હતું. તેના જીવનનો સંક્ષિપ્ત પરિચય આ લેખમાં કરવામાં આવ્યો. અમે અગાઉ જણાવી ગયા છીએ તે મુજબ ઇસ્લામના પ્રારંભથી જ મહદવીયતનો દાવો થતો રહ્યો છે. (અને

ભવિષ્યમાં પણ આવા દાવા થતા રહેશે.) અને નાવ (બનાવટી મહદીના) દાવાનું ભલા ભોળા અથવા તો સ્વાર્થ સાધુ લોકો કબૂલ કરતા રહ્યા. જેમાંથી અમૂકની મહદવીયતનો સીલસીલો આજ સુધી વંશ પરંપરાગત રીતે ચાલુ રહ્યો છે. એ દાવાની બુનીયાદ રસુલે અકરમ (સ.અ.વ.) ની એ આગાહી છે. જેમાં આં હઝરત (સ.અ.વ.) એ ફરમાવ્યું છે કે : અમારા એહલેબૈતમાંથી મહદી જાહેર થશે જે દુનિયાને અદલો ઇન્સાફથી એવી રીતે ભરી દેશે જે રીતે તે જુલ્મ અને અત્યાચારથી ભરેલી હશે. મહદવીયતના જુઠા દાવેદારો આ હદીસમાંથી ફક્ત અમૂક ભાગને જ અપનાવ્યો છે જે તેમના સ્વાર્થને અનુકુળ હતો. ખરેખર અમાનતદારીની વાત એ છે કે રિવાયતના એ ભાગ ઉપર પણ એ લોકોની નજર પડવી જોઇતી હતી જે ભાગથી સાચા (હકીકી - વાસ્તવિક) મહદીને ઓળખાય છે. ચાલો, થોડીવાર માટે કલ્પના કરીન માની લઇએ કે મહદવીય્યતના દાવેદારોએ પોતાના સ્વાર્થ અને માલે દુનિયા પ્રાપ્ત કરવાના હેતુસર હદીસના પોતાના સ્વાર્થ પુરતા ભાગને અપનાવીને મહદી હોવાનો દાવો કર્યો, તો તે વખતે એ વિચારકો/બુદ્ધિશાળી લોકોને શું થઇ ગયું હતું કે અથવા તો થઇ ગયું છે જે લોકો પોતાની અકલમંદી અને સચ્ચાઇનો ડંકો બજાવી રહ્યા છે અને જેઓ તે (બનાવટી) મહદવીયતના દાવેદારોની તબ્લીગ, પ્રચાર અને પ્રસારમાં આગળની હરોળમાં દ્રષ્ટિગોચરમાં થઇ રહ્યા છે. તેમજ તેઓ અકલ અને દીમાગ, દ્રષ્ટિ, લખાણ અને વચન ને ચુંકે ચાં કર્યા વગર લોકોના હવાલે કરી દીધા છે. જેઓ પોતે પણ પોતાના દાવાની હકીકતને સારી રીતે જાણે અને સમજે છે. જ્યારે તેઓના દાવાને અકલ અને તર્કની કસોટીએ ચડાવવાની વાત આવે છે ત્યારે કહેવાતી તાવીલ (સ્પષ્ટીકરણા અને તશરીહ (વિવરણ) દ્વારા મૂળ સમસ્યાને એક બાજુ રાખીને આગળ વધી જવાના પ્રયાસ કરે છે.

અત્રે અમે અમારા માનવંતા વાચકોને તેમની અકલ અને બસીરતા સોગંદ આપીને તેમની સામે સરકારે રિસાલત હઝરત મોહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમની એ હદીસો પ્રસ્તુત કરીએ છીએ જેમાં ફક્ત "મહદી અ.સ." નો જ ઉલ્લેખ કરવામાં નથી આવ્યો, પરંતુ તેની સાથો સાથે મહદી અલયહીસ્સલામના ગુણોનું વર્ણન પણ સ્પષ્ટ શબ્દોમાં કરવામાં આવ્યું છે. તેમાં કોઇ પ્રકારની "તાવીલ" (સ્પષ્ટી કરણ) ની કોઇ ગુંજાઇશ રહેતી નથી. મહદવીયતના દાવેદારોએ એ હદીસોની બુનીયાદ ઉપર ઝુહુરે મહદીનો હવાલો તો આપ્યો. પરંતુ મહદીના જે ગુણોનું વર્ણન થયું હતું તેનો ઉલ્લેખ કરવાનુંઅણદેખ્યુ કરી નાખ્યું.

આપ માનવંતા વાચકો એ હદીસોના અભ્યાસ કરો, જેમાં મહદી (અજ.) ના જે ગુણ વર્ણવવામાં આવ્યા છે તેના પ્રકાશમાં અત્કયાર સુધી ઇસ્લામના ઇતિહાસમાં પૈદા થએલા (કહેવાતા) મહદીઓને નીહાળો, કે જેઓ સમાજના મોટી સંખ્યાના લોકોને અવળે માર્ગે દોરીને દુનિયાથી રૂખ્સત થઇ ગયા.

અત્રે અમે નમૂનારૂપ એ હદીસો પ્રસ્તુત કરીએ છીએ

(૧) અન અબ્દુલ્લાહ કાલ : કાલ રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ લા તનકઝેયલ અય્યામો વલા તઝહબુલ હદરો હત્તા યમ્લેકલ અરબો રજોલુન મિન અહલે બય્તી યોવાતી ઇસ્મોહુ ઇસ્મી. (મુસ્નદ અહમદ બિન હમ્બલ મિસરમાં પ્રકાશિત હીજરી ૧૩૧૩ ભાગ -૧, પાના નં. ૩૭૬)

અર્થાત : જ્યાં સુધી અરબ (પ્રદેશ) પર એક એવા શખ્સની હુકુમત કાયમ નહીં થઇ જાય, જેનું નામ મારા નામથી (મોહમ્મદ) હશે, ત્યાં સુધી દુનિયાના દિવસો પુરા નહીં થાય અને ન તો કાળ સમાપ્ત થશે.

આ હદીસના પ્રકાશમાં એ વાતી ચકાસણી કરો કે શું મહદવીયતના દાવેદારો પૈકી કોઇ આ ખાસીયત ધરાવે છે ખરા? જો એહલેબય્તે રસુલમાં સાદાતનો સમાવેશ કરી લેવામાં આવે તો પણ અત્યાર સુધીમાં મહદવીયતના દાવેદારોમાં બેજ શખ્સ સાદાતમાંથી છે. એક 'અજમ' માં પૈદા થયા છે. એટલે કે એક સૈયદ બાબ છે. બીજા સૈયદ મોહમ્મદ જોનપુરી છે, જેનો સંબંધ હિન્દુસ્તાનથી છે. મજાની વાત તો એ છે કે અરબની વાત જવા દઇએ તો પણ એ બન્ને પ્રદેશોમાં કે જ્યાં તેઓ (તેમની માન્યતા બાજુએ રહી બિચારા દેશન કોઇ એક ભાગના તેહસીલદાર (મામલતદાર) પણ બની શક્યા નથી. આ હકીકત જોતા તેમનો મહદવીયતનો દાવો કેટલો સાચો છે ? તેનો ન્યાય તોળવાનું વાચકોને સોંપીએ છીએ.

(૨) અન અબી તુફયલ અન અલી રઝેયલ્લાહો તઆલા અન્હો અન નબી સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ કાલ : લવ લમ યબ્ક મેનદ દહર ઇલ્લા યવ્મુન લબઅસલ્લાહો રજોલન મિન અહલે બય્તી યમલઅ હા અદલન કમા મોલેઅત જવરા (સહીહ અબી દાવુદ મિસરથી પ્રકાશિત નવી આવૃત્તિ, ભાગ - ૨, પાના નં. ૨૦૭)

અર્થાત : જો યુગ (કાળ) ની સમાપ્તીમાં માત્ર એક દિવસ પણણ બાકી રહી જશે તો (પણ) નિશંક ખુદાવન્દે આલમ એક શખ્સ જે મારી એહલેબૈતમાંથી હશે તેને મોકલશે, જે આખી દુનિયાને એવી રીતે ઇન્સાફથી ભરી દેશે જેવી રીતે તે ઝુલ્મ અને અત્યાચારથી ભરેલી હશે.

આપ જોઇ શકશો કે ઇસ્લામના પ્રારંભથી અત્યાર સુધીમાં મહદવીયતના ઘણા દાવેદારો પૈદા થયા અને બધાએ બહુ જ જોરશોરથી પોતે મહદી હોવાનો દાવો પણ કર્યો. પરંતુ શું કોઇ દુનિયાને અદલો ઇન્સફાથી પૂર્ણ કરી શક્યા ખરા ? હરગીઝ નહીં. અલબત એમ થયું કે નવા ફીતનાની જુના ફીત્ના પણ પુનઃ જાગૃત થતા ગયા. અને અદલો ઇન્સાફની બદલે જુલ્મ અને અત્યાચારને હવા મળી. શાંતિ અને સલામતીનું વાતાવરણ સર્જાવાના બદલે જંગ લડાઇ કત્લેઆમ અને આતંદવાદમાં વધારો થયો, અને ભયનું સામ્રાજ્ય ઉત્તરોતર વધી રહ્યું છે.

વધારે દૂર ભૂતકાળમાં જવાની આવશયકતા નથી. આપણા હિન્દુસ્તાનમાંજ ઓગણીસમી સદીમાં હઝરત મિરઝા ગુલામ

અહમદ કાદીયાની સાહેબે (મહદવીયતનો) દાવો કર્યો હતો, અને તે પણ પંજાબ પ્રદેશમાંથી. હકીકતમાં એવું થવું જોઇતું હતું એ સમગ્ર દુનિયામાંથી નહીં પણ કમસે કમ હિન્દુસ્તાનમાં તો અદલો ઇન્સાફ, શાંતિ અને સલામતી ધજા લહેરાઇ જવી જોઇતી હતી. પરંતુ આપણે બધાએ જોયું છે તેમ પહેલા તો અંગ્રેજોએ કત્લેઆમ મચાવી દીધી અને એ મોહતરમ જનાબની નજરોની સામે એ બધું બનતું રહ્યું તે વખતે તેઓએ ઇન્સાફની વાત કરવી જોઇતી હતી, તેના બદલે તેઓ પોતે પણ અંગ્રેજની પૈરવી અને સમર્થન કરતા રહ્યા. અખંડ હિન્દુસ્તાનમાં (અદલો - ઇન્સાફને કારણે) પરસ્પર ભાઇચારાની ભાવના વધવી જોઇએ, તેને બદલે મૂળ અસલ અખંડ હિન્દુસ્તાનના ભાગલા પડી ગયા. પંજાબમાંથી તેઓ (કહેવાતી) મહદવીયતની ચળવળ શરૂ કરી હતી અને તેજ પંજાબ એવી રીતે વહેંચાઇ ગયું કે પંજાબ (પાંચ પાણી) ની બદલો ''દો આબ'' (પાણી) અને 'સેહ આબ' (ત્રણ પાણી) બની ગયું. એટલું જ નહીં એ પંજાબમાં આજ સુધી (દુનિયામાં) બીજા ભાગોની જેમ કત્લેઆમ અને જુલ્મો સિતમના બજારમાં તેજી ચાલુ છે. રસૂલે અકરમ (સ.અ.વ.) ની હદીસોના પ્રકાશમાં આ બધી બાબતો એ (અસલ) મહદીની શાન નથી, જેને ખુદાવન્દે આલમ દુનિયામાં અમ્નો અમાન, અદલો ઇન્સાફ ફેલાવવા માટે મોકલનાર છે.

આજ વાત હઝરત બાબ અને જનાબે અલી મોહમ્મદ શિરાઝી સાહેબ માટે કહી શકાય છે. અને આ લેખના નાયક મહદી સુડાનીને પણ આજ માપદંડથી માપવા જોઇ અને માપવામાં આવશે. આ ટૂંકા લેખમાં વધારે વિગતનું વિવરણ પ્રસ્તુત કરવું શક્ય નથી, તેથી માત્ર ઇશારો કરીને વાચકોનું આ વિષય પરત્વે ધ્યાન ખેંચવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

## દોઆએ નુદબાહના પ્રકાશમાં ઇમામે ઝમાના અલયહિસ્સલામ

દોઆનો અર્થ થાય છે પોકારવું, અથવા મદદ માંગવી અને ‘નુદબાહ’ નો અર્થ થાય છે રડવું અથવા મોટા અવાજે વિલાપ કરવો. શિયા હદીસની કિતાબોમાં દોઆઓ વિશે ઘણી જ તાકીદ કરવામાં આવી છે, દોઆ મોમિનોનું શસ્ત્ર છે, ઇમાનનો આત્મા છે તથા ખલ્લાકે કાએનાત અને બંદાઓ વચ્ચેની એક મહત્વની કડી છે. દોઆઓના ખજાનાનું એક અણમોલ મોતી ‘દોઆ-એ-નુદબાહ’જે એક મુસતનદ (અધિકૃત) અને મહત્વની દોઆ છે. આ દોઆના શબ્દો એટલા અર્થપૂર્ણ છે કે દિલના ઉંડાણમાં ઉતરી જાય છે. આ એ વાતની દલીલ છે કે તેના શબ્દો અને વાક્યો એ કોઇ મામુલી માણસના નથી, પરંતુ એક એવી હસ્તીના કલામ છે જેનો સંબંધ ઇલાહી વિશ્વ સાથે છે. આ દોઆને અલ્લામા મજલીસી અલયહિરરહમાએ ‘ઝાદુલ મઆદ’માં, ઇમામ જાફરે સાદિક અલયીહસ્સલામથી ઇમામે અસ્ર અલયહિસ્સલામ વિશે નકલ કરી છે. તેમજ મોહમ્મદ બિન અબી કરરહ એ મોહમ્મદ બિન હુસૈન બિન સુફયાન બઝુફરીની કિતાબથી આ દોઆ ઇમામ અસ્ર અલયહિસ્સલામ વિશે નોંધી છે. આ ઉપરાંત મહાન શિયા આલીમો જેવા કે સૈયદ રઝીઉદ્દીન બિન તાઉસે તેમની કિતાબ ‘ઇકબાલ’ માં (પાના નં. ૨૯૫-૨૯૯) મોહમ્મદ બીન જાફર મશહદી હાએરીએ ‘‘અલ મઝાર’’ (દોઆ નં. ૧૦૭) માં, કુત્બે રાવંદીએ પણ અલ મઝારમાં અલ્લામા મજલીસીએ ‘‘બેહાર’’ માં અને ઝાદૂલ મઆબમાં, શૈખ અબ્બાસે કુમ્મીએ મફાતિહુલ જીનાનમાં આ દોઆને નકલ કરી છે. આવો, હવે જોઇએ કે આ દોઆમાં ઇમામ અલયહીસ્સલામે ઇમામે અસ્ર અલયહિસ્સલામના ઉચ્ચ વ્યક્તિત્વનો પરિચય કઇ રીતે કરાવ્યો છે.

(૧) ઐન બકીય્યતુલ્લતી લા તખ્લુ મેનલ ઇતરતીલ હાદેયતે.

એટલે, ક્યાં છે પરવરદિગારે દો આલમની આખરી હુજ્જત ? જે એહલેબય્તે અત્હાર ઇત્રતે તાહેરા રિસાલતના હાદીયોની એક કડી છે, જેના અસ્તિત્વથી આ સિલસિલો ક્યારેય ખાલી નથી રહી શક્તો.

અહીં ‘‘બકીયતુલ્લાહ’’ શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ શબ્દ કુરઆને મજીદની આયતે શરીફમાં લેવામાં આવ્યો છે. જે આયત આ પ્રમાણે છે. ‘‘બકીયતુલ્લાહે ખયરૂલ લકુમ ઇન કુન્તુમ મુઅમેનીન.’’ (સુરએ હદ આયત નં.૮૬)

અનુવાદ : ‘‘જો તમે મોઅમિન હો તો બીકય્યે ખુદા (હ. ઇમામ મહદી અ.સ.) તમારા માટે બહેતર હશે.’’

સ્પષ્ટ છે કે જમની હુજ્જતે ખુદાથી ખાલી હોઇ શક્તી નથી. આજે રસુલે ખુદા (સ.અ.વ.) ની આલમાંથી કોઇ આ જમીન ઉપર બાકી છે તો તે માત્ર અને માત્ર આપણા ઇમામ હઝરત મહદી અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ છે હદીસમાં છે.

લવલલ હુજ્જતો લસાખતીલ અરઝો બે અહલેહા.

‘‘જો હુજ્જતે ઇલાહીનું વજુદ ન હોય તો જમીન ધસી જાય.’’ આજે જમીનનું અસ્તિત્વ છે. તે હુજ્જતે ઇલાહીના વજુદની દલીલ છે.

(૨) અયનલ મોઅદદો લે કતએ દાબેરીઝ ઝલમતે.

‘‘ક્યાં છે એ જે ઝુલ્મની પૈરવી કરનારાઓને મીટાવી દેશે ?’’ આ વાક્યથી લઇને પ્રસ્તુત લેખના અંત સુધી ઇમામ અજ.) વિશેની એ તમામ ભવિષ્યવાણી (આગાહી) નો ઉલ્લેખ છે. અહીં એ વાત નોંધપાત્ર છે કે ઇમામ (અ.સ.) ઝુલ્મને હરગીઝ સહન નહીં કરે. ભલે પછી તે ઝુલ્મ જે તે મુસ્લીમ દ્વારા પોતાના ગુનાહો દ્વારા પોતાના નફસ ઉપર કરતો હો અથવા કોઇના હક અથવા માલ ઉપર ઝુલ્મ કરતો હોય કારણ કે ખુદાએ અઝઝ વ જલ્લના અંતિમ પ્રતિનિધિ જાહેર થઇ. (ઝુહુર ફરમાવી) ને જ્યારે ઇન્સાફનું ત્રાજવું તોળશે. (ન્યાયની બોલ બાલા કરશે) ત્યારે પોતે પણ સંપૂર્ણ ઇન્સાફ (ચાહનારા) હશે.

હુસૈન બિન ખાલિદ કહે છે કે : કોઇએ અલી બિન મૂસા અરરેઝા (અ.સ.) ને પુછ્યું : યબ્ન રસૂલિલ્લાહે વ મેનલ કાએમો મિનકુમ અહલલ બય્તે ? કાલ : અરરાબેઓ મિન વુલ્દી ઇબ્નો સય્યેદતીલ એમાએ યોતહહેરૂલ્લાહો બેહીલ અરઝ મિન કુલ્લે જવરીન વયોકદ્દેરો હા મિન કુલ્લે ઝુલ્મીન ફ એઝા ખરજ અશરાકતિલ અરજો બેનુરેહી વોઝેઅ મીઝાનુલ અદલે બયનન્નાસે ફલા યુઝલેમો અહદુન અહદા........ (કમાલુદ્દીન, શૈખ સદુક, પાના નં. ૩૭૧)

અય ફરઝંદે રસૂલ, આપ એહલેબય્ત અત્હાર પૈકી ‘‘કાએમ’’ કોણ છે ? આપે (અ.સ.) જવાબમાં ફરમાવ્યું : કાએમ મારી નસ્લમાંથી ચોથા હશે. ખુદાની ખાસ કનીઝોની સરદાર (જનાબે નરજીસ) ના ફરઝંદ હશે. ખુદાવંદે આલમ તેઓની મારફત જમીનને તમામ ઝુલ્મથી પાક કરશે, જ્યારે ઝુહુર ફરમાવશે તયારે જમીન આપના નૂરથી ઝળહળી ઉઠશે. તેઓ (અજ.) લોકો વચ્ચે અદલનું ત્રાજવું પ્રસ્થાપિત કરશે, તે વખતે કોઇ પણ ઉપર ઝુલ્મ નહીં કરે.

(૩) અય્નલ મુન્તઝરો લે એકામતિલ અમ્તે વલ એવજે.

એ પવિત્ર ઝાત ક્યાં છે, જેનો દરેક પ્રકારની વક્રતા અને દરેક પ્રકારના નિરર્થક કાર્યોને દૂર કરવા માટે ઇન્તઝાર થઇ રહ્યો છે. આજે બીજા બધા સંપ્રદાય અને અકીદાવને લક્ષમાં ન લઇને તો પણ આપણે શિયાને આલે મોહમ્મદ (અ.સ.) ના અકીદાની કમઝોરી અને ઈલ્મથી દિવસે દિવસે દૂર થતા રહેવાને કારણે, આપણા વક્ર દ્રષ્ટિકોણના કારણે મઝહબનું મૂળ સ્વરૂપ બદલાવીને વ્યક્તિગત

અકીદતે (માન્યતાઓ) ને આકાએકનું રૂપ આપવી રહ્યું છે. અને આપણે (એવા) છીએ કે તેવી બાબતોને અકલની કસોટીથી પારખ્યા વગર તેના સમર્થનમાં માથું ધુણાવીને તેવી બાબતોને કબુલ કરી લઇએ છીએ. દરે આલિમો દમ વ ખુદ (મૌન) મરજઅ ચૂપ, દાનીશમંદો હૈરાન, અય અલ્લાહ આ શું થઇ રહ્યું છે ? મર્દે મોમિન ઝલીલ (તિરસ્કૃત) થઇ રહ્યા છે અને આપણે મજા માણીએ છીએ. બદ કીરદાર દૌલતમંદ લોકો મઝહબ અને અકીદતની વાતોમાં અનાધિકૃત રીતે દખલગીરી કરી રહ્યા છે, અને આપણે તેનું સમર્થન કરવા હાથ જોડીને ઉભા રહેવા તૈયાર છીએ. આલે મોહમ્મદ (અ.સ.) નો મઝહબ/મસ્લક આ નિરર્થક કાર્યોની પકડમાં છે અને આપણે ગફલતની નીંદ્રામાં પોઢી રહ્યા છીએ. આનાથી વધારે આપણી વક્રતા - અવળાઇ અને હકથી મુખ ફેરવીને ભાગવું બીજું શું હોઇ શકે ? આપણી આ બદબખ્તીભરી પ્રવૃત્તિ જોઇને ઇમામ (અજ.) ની માઅરેફત ધરાવનાર મર્દે મોમિન તડપી તડપીને કરગરી કરગરીને ખુદાની બારગાહમાં ફરિયાદ કરીને કહે છે : પરવરદિગાર તારા એ અંતિમ પ્રતિનિધિ ક્યાં છે. જેમની તેં બશારત આપી છે અને જેઓના ઇન્તેજારને તેં શ્રેષ્ઠ ઇબાદત ગણાવી છે. તેઓને તું જલ્દી અમારી વચ્ચે મોકલ જેથી આ અત્યાચાર અને અવળાઇને ઇન્સાની અને મજહબી સમાજમાંથી નાબૂદ કરી દે, જે ઇમાન ધરાવનારઓ અને ઇન્સાની સમાજની તબાહી અને બરબાદીનું કારણ છે.

(૪) અયનલ મુરતજા લે એઝાલતિલ જવ્રે વલ ઉદવાને.

ક્યાં છે એ આશાનું સ્થાન, જે જુલ્મો સિતમ અને અન્યાયનો અંત લાવી દેનાર છે ?

ઉપરના વાક્યામાં ''મુરતજા'' શબ્દ ''રજા'' શબ્દથી બન્યો છે. એટલે કે જેની પાસેથી ઉમ્મીદ (આશા) રાખવામાં આવે તે. જ્યારે લોકો તમામ હુકુમતોથી નિરાશ થશે અને તેઓને એ વાતની અનુભૂતિ થઇ જશે કે હવે કોઇ એક વિશ્વસુધારક આ દુન્યાના દુરાચાર ફીત્ના ફસાદથી આપણને મુક્તિ અપાવી શકે તેમ નથી. અંતઃ દુનિયાના તમામ લોકોના બધી જ આશાઓ એકજ કેન્દ્ર, આપણા તરફ મીટ માંડશે અને તે કેન્દ્ર એટલે કે ઇમામતનું કેદ્ર, આપણા ઇમામે ઝમાના અલયહિસ્સલામની પવિત્ર ઝાત (ઝાતે વાલા સિફાત).

(૫) અયનલ મુદદખરો લે તજદીદીલ ફરાએજે વસ્સોનને.

ક્યાં છે એ ઝખીરએ ઇલાહી, (અલ્લાહ દ્વારા સુરક્ષીત રખાયેલ) જે વાજીબાત અને મુસ્તહબ્બાતને નવું જીવન અર્પનાર છે ?

હા, ઇમામે અસ્ર (અ.સ.) એ સુરક્ષિત રખાએલા હસ્તી છે, જેને ખલ્લાકે કાએનાતે એ માટે સુરક્ષિત રાખ્યા છે કે જ્યારે વાજીબાત અને મુસ્તહબ્બાતના મૂળ રૂપને એઅતેરાઝ અને શંકા અ સંદેહના જંતુઓ બદલી નાખશે. તેમજ બે દીની ઇલ્મીથી વાજીબા અને મુસ્તહબ્બાતને મુર્દા કરી નાખશે ત્યારે ઇમામે ઝમાના (અ.સ.) તશરીફ લાવશે અને તને નવું જીવન બક્ષશે. ત્યાર પછી વાજીબ અને મુસ્તહબ (સુન્નત) કાર્યો તેના મૂળ સ્વરૂપમાં ખુલુસ સાથે (નીર્ભેળ સ્વરૂપે, દેખાવ કે દંભ વગર) અદા થશે. ઇમાનનો યુગએવી રીતે પલટાઇ જશે કે વાજીબાત અને મુસ્તહબ્બાત છોડવાની કોઇ હિંમત પણ નહીં કરે.

(૬)અયન મોત ખયયરો લે એઆદતીલ મીલ્લતે વશરીઅતે.

એ ક્યાં છે ? જેઓને મિલ્લતે ઇસ્લામીયહને નવું જીવન આપવા અને શીયતે મુસ્તુફા (સ.અ.વ.) ને પુન : જીવિત કરવા માટે પસંદ કરવામાં આવ્યા છે.

ઇમામ (અજ.) ના ઝુહુરથી મિલ્લતે ઇસ્લામીયહમાં એક નવી રૂહ પ્રવેશી જશે. પવિત્ર શરીયતની પૈરવી સાચી રીતે થશે. લોકોમાં કોઇ ફાટ-ફૂટ કે વિખવાદ ઉભા નહીં થાય.

કુરઆને મજીદની આયત :

વઅતસેમૂ બે હબલીલ્લાહે જમીઅન વલા તફર્રકૂ. (સુ. આલે ઇમરાન આયત. ૧૦૩)

અર્થાત : બધા જ અલ્લાહની રસ્સી મજબૂતી પૂર્વક પકડી રાખો અને એક બીજાથી અલગ અલગ ન થઇ જાવ. આ આયતને અમલી સ્વરૂપ આપવામાં આવશે.

(૭) અયનલ મોઅમ્મલો લે એહ્યા ઇલ કેતાબે વ હોદૂદેહી.

ક્યાં છે એ કે જેની જાતથી કુરઆન અને તેના કાનૂનોની પુનઃ જાગૃત થવાની ઉમ્મીદ છે ?

હા, જ્યારે ઇમામે ઝમાના (અ.સ.) કુરઆનની મોહકમ અને સ્પષ્ટ અર્થોવાળી આયતોના પ્રકાશમાં મુતશાબેહ (જેનો અર્થ સ્પષ્ટ ન હોય તેવી) આયતોનો અર્થ બયાન ફરમાવશે તે વખતે ઇસ્લામના માનનારાઓને એ વાતનો અંદાજ આવશે કે તેઓની હસ્તી કેટલી ઉચ્ચ છે, જેઓને **રાસેખૂન ફીલ ઇલ્મ** કહેવામાં આવ્યા છે.લારતબીન વલા યાબેસીન એટલે સૂકી અને ભીની વસ્તુઓના ઇલ્મના માલિક કોણ છે ? તે વખતે દુનિયા આ નુરે મોબીન પાસેથી કિતાબે મોબીનની વાસ્તવીક તફસીર સાંભળશે અને દિલોજાનથી એ મુફસ્સીરે ઇલાહી (અલ્લાહ તરફથી નિશ્ચિત કરાએલા તફસીરકર્તા) ની વાતોને કબુલ કરશે.

(૮) અયન મુહ્યી મઆલેમીદદીને વ અહલેહી

ક્યાં છે એ, જે દિની તાલીમાત અને તેના માલીક (આલીમો) ને જીવંત કરનાર છે ?

આખર જમાનામાં ઇલ્મ અને આલીમોને હલકી દ્રષ્ટિએ જોવામાં આવે છે (એટલે કે ઇલ્મે દીન અને આલીમે દીનને સમાજમાં કોઇ મહત્વ જ આવતું નથી.) સંપતિ, માલ મિલ્કત, હોદ્દો, સત્તા, હુકુમત અને સલ્તનતની બોલબાલા છે. આવા પુર આશોબ (આપતિ ભરેલી ઘટાઓ) બીહામણા અને ગંદા વાતાવરણમાં અલી બીન અબી તાલિબ (અ.સ.) ના વારિસ ઇમામે ઝમાના (અ.જ.) ''અના મદીનતુલ ઇલ્મે, વ અલીય્યુન બાબોહા'' હદીસનો અર્થ સ્પષ્ટ કરશે.

(૯) અયન કાસેમો શવક્તીલ મોઅતદીન.

ક્યાં છે એ જે બળવાખોરો (દ્રોહીઓ) ની, શક્તિ,

શાનોશૌકત અને મહાનતા અને રોબને માટીમાં મેળવી દેશે ?

(૧૦) અયન હાદેમો અબનેયતીશશીરકે વન્નેફાક.

ક્યાં છે એ જે શીર્ક અને નીફાક (દંભ) ના પાયાને ખેરવીને જમીન દોસ્ત કરી દેશે ?

આજે તૌહીદના વિશ્વ (મુસલમાનો) ઉપર શંકા અને સંદેહના હુમલાઓ થઇ રહ્યા છે. શીર્ક અને નીફાકના ટેકેદારો ઇસ્લામનું નામ બદનામ કરીને તનું નામો નિશાન મીટાવી દેવા માંગે છે. તેમજ લોકો ઇસ્લામના નામ માત્રથી દૂર રહે તેવું ઇચ્છે છે. પરંતુ ઇલાહી વાયદાની સામે તમામ શયતાની શક્તિઓના પેંતરાઓ નિષ્ફળ થઇ જશે. એ ઇલાહી વાયદો આ પ્રમાણે છે.

''હોવલ્લઝી અરસલ રસુલહુ બિલ હોદા વ દીની હક્કે યુઝહેરહુ અલદ દીને કુલ્લેહી વલવ કરેહલ મુશરેકુન'' (સુ. સફ. આ.૯)

અર્થાત : તે (અલ્લાહ) એજ તો છે જેણે પોતાના રસુલને હીદાયત અને સાચા દીન (સત્યધર્મ-ઇસ્લામ) સાથે મોકલ્યો જેથી તે તે (દીન) ને તમામ ધર્મો ઉપર પ્રબળ કરી દે. પછી ભલેને તે મુશ્રીકોને (મૂર્તિપૂજકોને) નાપસંદ (કેમ ન) લાગે. અને આ દુનિયાઉપર ફક્ત ને ફક્ત મઅબૂદે હકીકીની ઇબાદત થશે. આપણા ઇમામ લોકોના દિલોની કૈફીયત અને નીય્યત પ્રમાણે તેઓ માટે નિર્ણય કરશે. જો કોઇ મુનાફીક એમ સમજતો હોય કે હું ઇસ્લામની પહેલી સદીમાં જીવી રહ્યો છું તો તેણે ઘણીજ નામોશીનો સામનો કરવો પડશે.

(૧૧) અયન મોબીદો અહલીલ ફોસૂકે વલ ઇસ્યાને વત્તુગયાને

ક્યાં છે એ જે દુરાચાર અને બીદી આચરનારાઓ ગુનાહોમાં રહેલા લોકો અને ઇલાહી હુકમની વિરૂદ્ધમાં બંડ પોકરનારાને નેસ્તનાબૂદ કરનાર છે ?

(૧૨) અયન તામેસો ફોરૂઇલ ગય્યે વશશેકાકે.

ક્યાં છે એ જે ગુમરાહી અને નિષ્ઠુરતાની ડાળીઓને કાપી નાખનાર છે.

(૧૩) અયન તામેસો આસારીઝ ઝયગે વલ અહવાએ.

ક્યાં છે એ જે અંતરની અવળાઇ અને દિલોના રોગ તેમજ ખ્વાહીશાતે નફસાનીના તમામ ચિહ્નોનું નામો નિશાન મીટાવી દેનાશ છે ?

ઇમામ (અ.સ.) ની હુકુમતનું કોઇપણ ઇન્સાન પોતાના દિલમાં બુગ્ઝ, દ્વેર્ષા વગેરે જેવી રૂહાની બીમારીઓ લઇને ફરી શકવાનો નથી. અને પોતાની નફાસની ખ્વાહીશોની પૈરવી પણ કરી શકવાનો નથી. ઇમામે ઝમાના (અ.સ.) એવા તમામ લોકોની સુધારણા ફરમાવશે. અલબત જે કોઇ સુધરવાને પાત્ર નહીં હોય તેને દુનિયાથી વિદાય કરી દેશે.

(૧૪) અયન કાતેઓ હબાએલીલ કીઝબે વલ ઇફતેરાએ.

ક્યાં છે એ જે જૂઠ અને તોહમતની દોરીઓના ટુકડે ટુકડા કરી નાખનાર છે?

હઝરત મહદી અલયહીસ્સલામની હુકુમતમાં જૂઠ, મક્કારી અને ફરેબને કોઇ સ્થાન નહીં હોય. તે એવી હુકુમતમાં હશે જેનો પાયો મૌલાએ કાએનાત અમીરૂલ મોઅમેનીન અલી બિન અબી તાલીબ અલયહીસ્સલામે નાખેલ છે. અને ઇમામે અસ્ર અલયહીસ્સલામ તે જ સિદ્ધાંતો ઉપર હુકુમત કશે. તફાવત એ હશે કે આપ (અ.સ.) ની હુકુમતમાં 'તલ્હા' અને 'ઝુબેર' જેવાનું કોઇ સ્થાન નહીં હોય.

(૧૫) અયન મોબીદુલ ઓતાતે વલ મરદ તે.

ક્યાં છે એ જે બદકારો અને નાફરમાનોને નેસ્તનાબુદ કરી દેશે ? ઝુહુર ફરમાવ્યા પછી આપના હુકમની અવગણના કરનારાઓ, બગાવત, બંડ કરનાર લોકોને તલવાર નીચે નાખી દેશે. કારણ કે આપની હુકુમતના જમાનામાં ફક્ત અને ફક્ત કુરઆન અને ખુદાના કાનૂનનેજ અમલમાં મુકાશે. અને તેની ઉપર જ સમગ્ર સૃષ્ટિના લોકોને અમલ કરવો પડશે. જેમાં જરા પણ ચું કે ચાં કરવાની કોઇ માટે ગુંજાઇશ નહીં હોય.

(૧૬) અયન મુસ્તઅસેલો અહલીલ વત્તઝલીલ વલ ઇલ્હાદે.

એ ક્યાં છે જે (અરબાબે ઇમાન સાથે) દ્વેષ અને ઇર્ષા રાખનારા ગુમરાહો અને વિધર્મીઓ (નાસ્તિકો)નો ખાતેમો કરનારા છે ?

(૧૭) અયન મોઇઝઝુલ અવલીયાએ મોઝીલ્લુલ અઅદાએ.

ક્યાં છે એ જે મોહીબ્બો અને દોસ્તોને ઇઝઝત બક્ષનાર અને દુશ્મનોને દીનને ઝલીલ અને રૂસ્વા કરનાર છે ?

ઉપરના અરબી વાક્યમાં ''અવલીયા'' શબ્દ ''મવલા'' શબ્દમાંથી કાઢવામાં આવ્યો છે. એટલે કે જો કોઇ ઇમામે ઝમાના (અ.સ.) ની ગુલામી સ્વીકારે, તો ઇમામ (અ.સ.) તેને ઇઝઝત આપશે. અને જો કોઇ સરકશી (ઉદ્દંડતા) કરશે તો તેને ઝીલ્લત અને રૂસ્વાઇનો સામનો કરવો પડશે.

(૧૮) અયનલ જામેઉલ કલેમતે અલત્તકવા.

ક્યાં છે એ જે કલમાત (સાલેહ બંદાઓ) ને તકવાની બુનિયાદ પર એકઠા કરશે ?

'કલેમત' શબ્દ કુરઆને કરીમમાં ઇન્સાનો માટે પણ વાપરવામાં આવ્યો છે. જેમ કે હઝરત ઇસા (અ.સ.) ને ''કલેમહ'' ના નામથી યાદ કરવામાં આવ્યા છે બીજા શબ્દોમાં એમ કહી શકાય કે ઇમામે અસ્ર (અ.સ.) ના અસ્હાબ અને અન્સાર માત્ર મુત્તકી અને પરહેઝગાર લોકો જ હશે. બદકાર અને ગુનેહગાર લોકો નહીં હોય. આ વાતનું ઐલાન તો ખુદ કુરઆને પણ કર્યું છે. વલ આકેબમતો લીલ મુત્તકીન.

આકેબત અને કાર્યોનો બદલો તો માત્ર પરહેઝગારો માટે જ છે.

(૧૯) અયન બાબુલ્લાહુલ્લઝી મીન્હો યુઅતા.

ક્યાં છે તે અલ્લાહના દ્વારા જેમાંથી લોકો પ્રવેશ મેળવશે ?

ઉપરના વાક્યોનો અર્થ એ છે કે : જો કોઇ ઇલ્મ અને ઇમાનની દુનિયામાં પ્રવેશવા માંગતું હોય તો તે માત્ર એહલેબય્તે અત્હાર (અ.મુ.) ના દરવાજામાંથી દાખલ થઇ શકે છે. જો તેણે તે સિવાય બીજો કોઇ માર્ગ અપનાવ્યો તો તેનું પરિણામ ગુમરાહી સિવાય બીજું કંઇ નહીં આવે.

(૨૦) અયન વજહુલ્લાહીલ્લઝી એલયહે યતવજ્જહુલ અવલેયાઓ.

ક્યાં છે એ વજહુલ્લાહ (સિફાતે ઇલાહીના અરીસા સમાન) જેની તરફ અવલિયા પણ મીટ માંડે છે ?

અઇમ્મમએ એહલેબય્તે અત્હારની દરેક વ્યક્તિ સિફાતે ઇલાહીયાના પ્રતિબીંબ સમાન છે અને વજહુલ્લાહ છે. વજહુલ્લાહનો અર્થ અલ્લાહની સુરત થાય છે. એ વાત સ્પષ્ટ છે કે અલ્લાહની કોઇ શકલો સુરત હોતી નથી. પરંતુ અહીં 'વજહ' નો અર્થ એ છે કે લોકો અગર અલ્લાહ તરફ એકાગ્ર થવા માંગે અને તેનો વસીલો મેળવવા ચાહે તો હુજ્જતે ખુદા સિવાય બીજું કોઇ માધ્યમ કામ લાગશે નહીં. ગયબતના યુગમાં ઇમામની તરફ એકાગ્ર થવું અને તેમની ઉપર ઇમાન રાખવું એ હકીકતમાં એક મહત્વની વાત છે. આ મુદ્દાના અનુસંધાને રસુલે ખુદા (સ.અ.વ.) ની એક રિવાયત નોંધવામાં આવી છે. જેમાં આપે ફરમાવ્યું :

યા અલીય્યો અઅજબુન્નાસે ઇમાનન વ અઅઝમોહુમ યકીનન કવ્મુન યકૂનૂન ફી આખેરીઝઝમાને લમ યલહકુન્નબીય વ હજબ અનહોમુલ હુજ્જતો ફઆમનૂ બે સવાદીન અલા બે યાઝીન (મન લા યહઝરહુલ ફકીહ)

અય અલી, આખરી ઝમાનામાં એક કૌમ હશે જે ઇમાનમાં સૌથી વધારે હૈરત, અંગેઝ, અને યકીનમાં સૌથી વધારે ઉચ્ચ હશે. આ એવા લોકો હશે કે જેઓ નબીએ કરીમ (સ.અ.વ.) નો યુગ પામી નહીં શકે અને હુજ્જતે ખુદા (એટલે કે ઇમામે ઝમાના અ.સ.) તેમનાથી ગયાબ રહેશે. તેઓના ઇમાનનો આધાર માત્ર કેટલાક લખાણ (કિતાબો) પર હશે.

(૨૧) અયન સ્સબબુલ મુત્તસેલો બયનલ અરઝે વસ્સમાએ.

ક્યાં છે એ જે જમીન અને આસમાનની વચ્ચે કડી અને સંપર્કનું કારણ (સબબ) છે ?

જો આ સૃષ્ટિ હુજ્જતે ખુદાથી ખાલી થઇ જાય તો તે જ વખતે તબાહ થઇ જશે કારણ કે હુજ્જતે ખુદા કાએનાતનું કેન્દ્ર બિંદુ છે. તેઓ એ ઇન્સાને કામિલ છે, જેના તુફૈલમાં આલમે ઇમકાન (સમગ્ર સૃષ્ટિ) ખુદાવન્દે આલમથી ફાયદો મેળવી રહી છે.

(૨૨) અયન સાહેબો યવ્મીલ ફત્હે વનાશેરો રાયતિલ હોદા.

ક્યાં છે એ જે રોઝે ફત્હના માલિક અને હિદાયતના ધ્વજ લહેરાવનાર છે ?

દોઆનું આ વાક્ય પડનાર એક અજબ અફસોસ વક્ત કરતા ગમમાં વ્યાકૂળ થઇ જાય છે કે તેને ગયબતના જમાનાની આ ઝીલ્લતોને ક્યાં સુધી સહન કરવી પડશે. તે એ વાતની પ્રતિક્ષા કરી રહ્યો છે કે તેની ઝીલ્લતોનો અંત ક્યારે આવશે અને હક્કાનીયતનો ધ્વજ ક્યારે લહેરાશે ?

(૨૩) અયન મોઅલ્લેફો શમ્લીસ્સલાહે વરરેઝા.

એ ક્યાં છે જે સાહેબાને ખૈર અને મરઝીએ ઇલાહી પ્રમાણે અમલ કરનારાઓને એકઠા કરશે ?

(૨૪) અયનત તાલેબો બેઝોહુલીલ અંબિયાએ વ અબનાઇલ અંબિયાએ. અયનત-તાલેબો બે દમીલ મક્તૂલે બેકરબલાએ.

એ ક્યાં છે જે અંબિયા અને અવલાદે અંબિયાના ખૂનનો બદલો લેશે ? ક્યાં છે એ જે શોહદાએ કરબલાના ખૂનનો બદલો લેનાર છે ? હા, નિશંક આ વાક્ય સુધી પહોંચીને ઇમામે ઝમાના (અ.સ.) ખૂબજ રૂદન ફરમાવતા હશે. બની ઇસરાઇલના જલ્લાદો એકજ રાતમાં સિત્તેર પયગંબરોને કત્લ કરતા હતા, પરંતુ પરવરદિગારે આલમે તેની રસ્સી લાંબી રાખી હતી. પરાકાષ્ઠા તો વાકએ - કરબલામાં આવી ગઇ, જ્યારે યઝીદે મલઉને એવી બરબરીયત દેખાડી જેનું ઉદાહરણ માનવતાના ઇતિહાસમાં ક્યાંય જોવા મળતું નથી. આપણે ગૈર માઅસુમના મુખેથી મસાએબે કરબલાનું વર્ણન સાંભળીને ગીર્યારૂદન અને વિલાપ કરીએ છીએ. જ્યારે આપણા મઝલુમ ઇમામે (અ.સ.) પોતે તો કરબલાની કરૂણ ઘટનાને પોતાની અશ્રુભરી આંખે જોઇ રહ્યા છે. જેમ કે આપ પોતે ઝિયારતે નાહીયામાં ફરમાવે છે. : **ફલ અનદોબન્ન અલય્ક સાબહન વમસાઅન વલ અબકયન્ન અલય્ક બદલદ દોમૂએ દમા.**

જદ્દે મઝલૂમ બેશક હું આપની ઉપર સવાર સાંજ રૂદન કરતો રહું છું અને અશ્રુની બદલે ખૂનના આંસુ વહાવું છું. બેશક ખૂને હુસૈન (અ.સ.) નો બદલો લેવો અને ઇમામે ઝમાના (અ.સ.) ના કાર્યોના અગ્રતાક્રમમાં સૌથી પહેલું કાર્ય છે.

(૨૫) અયનલ મન્સૂરો અલા મનેઅતદા અયહેવફ તરા.

ક્યાં છે એ જે દરેક ઝુલ્મ અને અત્યાચાર કરનાર અને જૂઠ અને અન્યાય કરનાર પર, ખુદાવન્દે આલમના સમર્થનથી વિજય અને પ્રભુત્વ મેળવનાર છે ?

(૨૬) અયનલ મુઝતરહો અલ્લઝી યોજાબો એઝાદઆ.

ક્યાં છે એ જે હતાશ અને પરેશાન દોઆ કરે છે ત્યારે તેની દોઆ કબુલ થાય છે ?

ઉપરના વાક્યથી એ વાત સ્પષ્ટ થઇ જાય છે કે કુરઆની આયત 'અમ્મંય યોજીબુલ મુઝતરર એઝા દઆહો વ યકશે ફેસ્સુઅ'

આ મુઝતર, આપણ મુસીબતઝદા ઇમામ છે, જે આપણા માટે પરવરદિગાર પાસે દોઆ કરે છે. અને તેઓ (અ.સ.) ની દોઆ કબુલ થાય છે. જો અત્યારે ઇસ્લામ અને મુસલમાનોની પડતી જોઇને દર્દમંદ અને મુખ્લીસ (નિર્મળભાવતાવાળા) મુસલમાનો, કે જેમને બધી બાબતની જાણકારી નથી. અને જેઓ દિલની વાતો (રહસ્યો) જાણતા નથી, તેઓ પરેશાન થઇ જાય છે, તો પછી ઇમામે વક્ત કેટલા બધા મુઝતર અને પરેશાન થતા હશે ? જેઓ

(અજ.) ની નજરોમાં તમામ વાકેઆત છે અને જેઓ જાહેર એન બાતિન બંનેની જાણકારી ધરાવે છે.

(૨૭) અયન સદરુલ ખલાએકે ઝુલ બીરરે વત્તકવા.

એ ક્યાં છે જે તમામ મખ્લુકાત (સજીવ સૃષ્ટી) નેક કાર્યો કરનારા અને સાહેબાને તકવાના સૈયદો સરદાર છે ?

(૨૮) અયનબ્નો નબીય્યીલ મુસ્તુફા વબ્નો અલીય્યીલ મુરતજા વબ્નો ખદીજતુલ ગરરા વબ્નો ફાતેમતલ કુબ્રા

ક્યાં છે, રસુલે ખુદા (સ.અ.વ.) ના ફરઝંદ, અલી એ મુરતુઝા (અ.સ.) ના દિલબંદ, ખદીજએ રોશનજબીના દિલબર, ફાતેમાએ કુબરાના લખ્તેજીગર ? આ વાક્યમાં ઇમામ (અ.સ.) પોતાની ઓળખ, પોતાના હસબ-નસબથી કરાવી રહ્યા છે.

પ્રસ્તુત લેખમાં અમે માત્ર એવા વાક્યોનો ઉલ્લેખ કર્યો છે જે ઇમામે ઝમાના (અ.સ.) ના વ્યક્તિત્વ ઉપર પ્રકાશ પાથરે છે. આ વાક્યોથી અમૂક બાબતો સ્પષ્ટ થાય છે તે એ છે : જો આપણે એમ ઇચ્છતા હોઇએ કે ઇમામ અલયહિસ્સલામ જલ્દી ઝુહુર ફરમાવે તો આપણે દરેક જુમ્આ (શુક્રવાર) ના દિવસે આ દોઆ (દોઆએ નુદબહ) પઢવી જોઇએ. પરંતુ આ દોઆ માત્ર રિવાજ (રસમ) જોઇ કે આપણા કોઇ અઝીઝ આપણી નજરોથી ઓઝલ (છૂપા) છે અને આપણે તેના વિરહમાં ઝુરી રહ્યા છીએ. આ ઉપરાંત આ દોઆ પડવામાં ખુલુસ નિય્યત હોવી જોઇએ. અને સતત નેક કાર્યો પણ કરતા રહેવું જોઇએ. ઇમામ અલયહિસ્સલામનો ઝુહુર ફક્ત તમન્ના અને આરઝુ કરવાથી નહીં થઇ જાય. પરંતુ તે માટ પણ ખુલુસ અને નેક અમલ આવશયક છે.

બીજી મહત્વની એ વાત છે કે : જ્યારે ઇમામે ઝમાના (અ.સ.ા તશરીફ લાવશે ત્યારે (તેઓ) ઝુલ્મ, અત્યાચાર, અન્યાય, ગુનાહ, બદકારી, બેશર્મી અને બીજા શયાતાનીકાર્યોનો અંત લાવી દેશે. દુનિયાને અદલો ઇન્સાફથી ભરી દેશે. જો આપણામાં કોઇ પણ આ પ્રકારના દુર્ગુણો દેખાતા હોય, આપણે કોઇ પ્રકારના બિન ઇસ્લામી કાર્યો કરતા હોઇએ તો આપણે તુરતજ આપણી સુધારણા કરવી જોઇએ કારણ કે ઇમામ અલયહિસ્સલામ કાનૂને ઇલાહીના અમલમાં કોઇને પણ કોઇ પ્રકારની છુટછાટ આપશે નહીં.

ત્રીજી વાત એ છે કે : ઇમામ અલયહીસ્સલામના અસ્હાબ માત્ર એ લોકો જ બની શકે છે કે જેઓ પરહેઝગાર, નમાઝી, હામિલે કુરઆન (સંપૂર્ણ કુરઆનવાળા) અને અલ્લાહની ઇતાઅત (અલ્લાહના તમામ હુકમોનું સંપૂર્ણ પણે પાલન) અને ફરમાંબરદારી કરતા હોય. જો આપણે દીનના હુકમને અનુસરતા ન હોઇએ તો આપણા માટે ઇમામ અલયહિસ્સલામના ખયમા (નિવાસ્થાન) માં કોઇ સ્થાન નથી.

આવો, આપણે બધાં અહદ કરીએ કે ઇમામે ઝમાના અલયહિસ્સલામના ઝુહુર માટે દોઆ કરીશું વઅને એવા દરેક કાર્યો કરશું જે કાર્યો આપણને આપણા આકા અને મૌલાથી દૂર કરે, તેવા દરેક કાર્યોથી આપણે દૂર રહીશું. કારણ કે જો આપણે ગંભરીતાપભૂવક વિચારીએ તો એ વાત સ્પષ્ટ થશે કે આપણા માટે આ દુનિયામાં એ કરીમ ઇમામ સિવાય બીજું કોઇજ નથી, ક્યાંક એવું ન બને કે આપણા દૂરાચાર અને ખરાબ કાર્યોને લીધે આપણ ઇમા આપણાથી વિમુખ (નારાજ) થઇ જાય. ખુદાના ખાસ્તા, જો આપણા ઇમામ આપણથી મુખ ફેરવી લેશે તો આપણે ક્યાંયના નહીં રહીએ.

વ આખેરો દઅવાના અનીલ હમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન.

ઇમામે ઝમાના (અલયહીસ્સલામ)
મજબૂત આશ્રય સ્થાન

વ બેકુમ યોનફ્ફેસુલ હમ્મ વ યકશેફૂઝ ઝરરા

''આપના થકી જ અમને ગમથી મુક્તિ મળે છે અને અમારી પરેશાનીઓ દૂર થાય છે.'' (ઝિયારતે જામેઆ)

''વલવ લા ઝોક લનઝલ બે કોમુલ - અઅવાઓ વ સતલમકોમુલ અઅદાઓ.''

જો અમે તમારી હીફાઝત ન કરતે તો કેટલીય બલાઓ તમને ઘેરી વળત અને દુશ્મનો તમને નિસ્ત નાબૂદ કરી દેત. (તૌકીએ હઝત હુજ્જત, એહતેજાજે તબરસી ૨/૪૯૭)

ઇન્સાન વિરોધભાસી ગુણોનો મીલક છે. ક્યારેક ઇન્સાન એટલો બધો નીડર અને બહાદૂર હોય છે કે મોટા મોટા યુદ્ધમાં વિજય મેળવી લે છે. જંગલો અને રણમાંથી એકલો જ પસાર થઇ જાય છે. સમુદ્રોના ઉંડાણ અને અવકાશમાબ્ના અત્યંત ઉચ્ચ વાતાવરણમાં પ્રયાસ પણ કરે છે. તો તેજ ઇન્સાન ક્યારેક એટલો બધો ડરપોક અને ભયભીત થઇ જાય છે કે અંધકાર ને પોતાના જ પડછાયાથી ડરવા લાગે છે. મુશ્કેલીઓ દૂર થવામાં વિલંબ થાય, ત્યારે વહેમ અને (નકામી) નિરર્થક વાતો નો શિકાર બની જાય છે. મુશ્કેલીઓ એવી હોય છે જે મોટા મોટા વીરલાઓને પણ પીગળાવી દે છે. જ્યારે મુશ્કેલીઓ તો હોય પણ કોઇ મુશ્કલી કુશા (મુશ્કેલીઓનો નીવડો લાવનાર) ન હોય તેવા સંજોગોમાં મુશ્કેલીમાં ફસાએલા ઇન્સાનની હાલત જોવા જેવી થતી હોય છે. જો મુશ્કીલ કુશા મૌજુદ હોય તો મોટામાં મોટી મુશ્કેલીઓ પણ આસાન થઇ જતી હોય છે. અને અસાધ્ય રોગોનો પણ ઇલાજ થઇ જાય છે. દિલ સ્વસ્થ રહે છે, ઇરાદા દ્રઢ રહે છે. વિચાર અને હોશો હવાસ કાબુમાં રહે છે.

ખુદાવન્દે આલમે આપણને અનેક પ્રકારની નેઅમતો આપી છે તેની સાથે એક અત્યંત મહત્વની નેઅમત પણ અતા કરી છે, અને તે છે મુસીબતો, પરેશાનીઓ, દુઃખ, દર્દ તકલીફ..... વગેરેમાં એહલેબયત અલયહેસ્સલામનો વસીલો અને વાસ્તો. આ એક એવી અઝીમ નેઅમત છે જેના લીધે મોહીબ્બે એહલેબયત અલયહેમુસ્સલામ ક્યારેય કોઇ પણ મુશ્કેલીમાં ગભરાતો નથી. જેમ જેમ તેન મુશ્કેલીઓ અને દુઃખોમાં વધારો થતો જાય છે, તેમ તેમજ એહલેબયત અલયહેમુસ્સલામથી તવસ્સુલ (નિમિત્ત મધ્યસ્થતા) અને નીકટતામાં વધારો થતો જાય છે. હઝરત વલીએ અસ્ર અરવાહોના ફીદાહના લકબો પૈકીનો એક લકબ 'અલ ગવ્સ', 'ગવ્સુલ ફોકરા' છે. જેનો અર્થ ''ફરિયાદમાં મદદે પહોંચનાર'' ''ગરીબો અને ફકીરોની ફરિયાદમાં તેમની મદદ કરનાર'' થાય છે.

આ એક સ્પષ્ટ હકીકત છે કે આપણા અઇમ્મા અલયહેમુસ્સલામ તમામ સિફાતે કમાલ (બધીજ શ્રેષ્ઠ સિફતો) ના માલિક છ, કોઇ એક (માઅસુમ) માં કોઇ એક સિફતે કમાલ ઓછી નથી. અમૂક અઇમ્મા સાથે અમૂક સિફાતો એ માટે ખાસ જોડવામાં આવી છેકે તેઓમાં એ સિફાત વધારે જાહેર (વ્યક્ત) થઇ છે. દાખલા તરીક હઝરત ઇમામ મુસા બિન જઅફર અલયહીસ્સલામને ''અલ કાઝિમ'' એ માટે કહેવામાં આવે છે કે : 'કાઝિમ' ની (ગુસ્સાને કાબુમાં રાખવાની) એ સિફત આપના જીવનનમાં વધારે પ્રમાણમાં વ્યક્ત થતી હતી. હકીકતમાં દરેક ઇમામ ''કાઝેમુલ ગયઝ'' છે. હઝરત ઇમામે ઝમાના અલયહીસ્સલામ, (આપણી જાન તેઓ ઉપર કુરબાન થઇ જાય) ની પવિત્ર ઝાત સાથે ''અલ ગવ્સ'' થાવ ''ગવસુલ ફોકરા'' નો લકબ જોડાએલ છે જે એ વાતન સ્પષ્ટ કરે છે કે ફરિયાદ કરનારને મદદ કરવાની સિફત આપનામાં વધારે છે આ સિફતથી એ વાત સ્પષ્ટ થાય છે કે આપણા અઇમ્માએ માસુમની અલયહેમુસ્સલામ સિફાતને કમાલે ઇલાહી (અલ્લાહની સિફાતો કમાલાતા) ના કેન્દ્ર અને અરીસા સમાન છે.

''અલ ગવ્સ'' શબ્દમાં કોઇ શરત કે પ્રતિબિંબ નથી. જેનાથી એ જાણવા મળે છે કે આપ દરેકની ફરિયાદમાં મદદ કરનાર છે. દુનિયાના કોઇ પણ ખૂણામાંથી કોઇપણ વ્યક્તિ, કોઇપણ સમયે, કોઇપણ મુશ્કેલીમાં મદદ કરવા માટે પોકારે તો આપ (અજ.) તેની મુશ્કેલીને પોકારે છે એવું નથી બનતું બલ્કે સૈકંડો, હજારો, લાખો લોકો દુનિયાના ખૂણેખૂણામાંથ પોત-પોતાની ભાષામાં આપ (અજ.) ને પુકારે અરે, અમૂ લોકો તો એવા હોય છે જેઓ તેમની જીભથી ફરિયાદ પણ કરતા નથી પણ તેઓ ખુદ પોતેજ ''ફરિયાદની શકલ'' હોય છે. જેનો ભાવાર્થ નીચેના મુદ્દાઓમાં તારવવામાં આવ્યો છે, જે અત્રે રજુ કરવામાં આવે છે.

(૧) એક અવાજ (એકનું પોકારવું) બીજા અવાજમાં અવરોધરૂપ બનતું નથી. દરેક ઇન્સાનની એ મર્યાદા હોય છે કે તે એક વખતમાં માત્ર એક જમાણસનો અવાજ સાભળી શકે છે અને એકજ માણસને જવાબ આપી શકે છે. જો કોઇ માણસને એક સાથે રુણા બધા લોકો બોીાવવા માડે તો તે બધાને જવાબ આપી શક્તો નથી. એટલુંજ નહીં, તે એ પણ નક્કી કરી શક્તો કે ખરેખર તેને કોણ બોલાવી રહ્યું છે !

ઇમામ અલયહીસ્સલામ દરેક ફરિયાદ કરનારની મદદ કરે છે એ દર્શાવે છે કે આપ (અજ.) એક જ વખતે બધાને અવાજ સાંભળે છે દરેકનો અવાજ ઓળખે છે. અને દરેકની મુશ્કેલીઓને દૂર પણ કરે છે.

(૨) લોકો માત્ર એક જ ભાષામાં તો ઇમામ (અ.સ.) ને બોલાવતા નથી ? બલ્કે પોતપોતાની ભાષામાં અને લહેજામાં સંબોધન કરે છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે ઇમામ અલયહીસ્સાલમ દુનિયાની બધી જ ભાષાઓ અને લહેજાઓથી વાકેફ છે. સમગ્ર

કાએનાતના ઇમામ હોવાની આ ખાસીયત છે. એ લોકો ઉમ્મતની ઇમામત ક્યાંથી કરી શકવાના કે જેઓ બધા લોકોની ભાષા અને બયાનથી પણ વાકેફ નથી ?

(૨) લોકો માત્ર એકજ ભાષામાં તો ઇમામ (અ.સ.) ને બોલાવતા નથી ? બલ્કે દરેક પોતપોતાની ભાષામાં અને લહેજામાં સંબોધન કરે છે. જેનથી સ્પષ્ટ થાય છે કે ઇમામ અલયહીસ્સલામ દુનિયાની બધી ભાષાઓ અને લહેજાઓથી વાકેફ છે. સમગ્ર કાએનાતના ઇમામ હોવાની આ ખાસીયત છે. એ લોકો ઉમ્મતની ઇમામત ક્યાંથી કરી શકવાના કેજેઓ બધા લોકોની ભાષા અને બયાનથી પણ વાકેફ નથી ?

(૩) ઇમામને પોકારવા (મદદ માંગવા) માટેનો કોઇ ખાસ સમય નક્કી હોતો નથી પરંતુ ફરિયાદ કરનાર તો હંમેશા ફરિયાદ કતા હોય છે. કારણ કે મુશકેલી (આવવા) નો પણ કોઇ સમય નક્કી હોતો નથી ક્યારે કોની ઉપર કઇ મુશ્કેલી આવી પડે તેની કોઇને ખબર હોતી નથી. તેથી (મદદ માંગનારની) ફરિયાદનો સમય નક્કી હોતો નથી. ઇમામ (અ.સ.) હંમેશા દરેકની ફરિયાદ દૂર કરતા હોય છે. જેમાં તેઓન ઉંઘ (સ્વપ્ન) કે જાગૃતિની હાલત અવરોધરૂપ બનતી નથી. આથી એ વાત સ્પષ્ટ થઇ જાય છે કે જે ઇમામ (અ.સ.) ની શક્તિમર્યાદા એટલી વિશાળ હોય કે તેઓની ગયબત (હોવી કે) જાહેર હોવું એ બન્ને વચ્ચે કોઇ પ્રશ્ન રહેતો નથી. તેઓ (અ.જ.) ગયબતમાં પણે એવી જ રીતે ફરિયાદને દૂર કરે છે. જેવી રીતે જાહેર હોય ત્યારે ફરિયાદ દૂર કરશે. કારણ કે ઇમામ (અ.જ.) હાજર હોય તો પણ તેઓ કોઇ એકજ જગ્યાએ હાજર હોવાની બાકીની જગના લોકોની નજરથી ગાયબ જ રહેવાના. આથી એ વાત સાબિત થાય છે કે ગયબત એ ફરિયાદ કરનારની મદદ કરવા માટે અવરોધ બનતી નથી.

(૪) ઇમામની મદદ કોઇ ખાસ ફરિયાદ પુરતી મર્યાદીત નથી. બલ્કે કોઇ પણ મુશકેલીઓમાં ઇમામ (અજ.) મદદ કરેજ છે. જેમ કે ગરીબાઇ, ભુખમરો, બીમારી રોગ, ઘર, મકાન, અવલાદ, તાલીમ અને તરબીયત, આર્થિક સામાજીક પ્રશ્નો રાજકીય કે સુરક્ષાની મુશકેલી, ઝીલ્લત, ઇઝ્ઝત, તૌફીકાત, દુનિયા, બરઝખ, આખેરત વગેરે........ વગેરે.......... કોઇ પણ અને ગમે તેવી સખ્ત મુશ્કેલીમાંથી ઇમામ (અજ.) મુક્તિ અપાવે છે. જેનાથી ઇમામ અલયહિસ્સલામ અત્યંત (અમર્યાદિત) શક્તિમાન હોવાનું જાણવા મળે છે. જમીન, આસમાન, વનસ્પતિ, પ્રાણીઓ, પશુઓ, ઇન્સાનો જીન્ન, ફરિશ્તા દરેક પર આપ (અજ.) નો કાબુ છે અને દરેક આપ (અજ.) ના ફરમાંબરદાર છે.

નોંધપાત્ર વાત તો એ છે કે જ્યારે તેઓ (અજ.)મ કોઇ મુશકેલીને દૂર કરવા ચાહે છે ત્યારે તેઓ માધ્યમ અને સાધન પણ પોતે જ શોધી લે છે. એટલે કે કોઇ બિમારને સાજો કરવા માટે ડોકટર કે તબીબને સયમ અને દવાનો સહારો લેવો પડતો હોય છે. પરંતુ જ્યારે ઇમામ (અજ.) શફા (પુનઃતંદુરસ્તી) આપવા ઇચ્છે છે ત્યારે આંખના પલકારામાં જરૂર પડે છે કે ન તો દવાની જરૂર પડે છે. તેઓ જ્યારે વૃક્ષને ફળદાર કરવા ચાહે છે ત્યારે જમીનમાં બીજ વાવતા જ ફળદાર વૃક્ષ તૈયાર થઇ જાય છે.

ઉપરની કેટલીક બાબતો ઉપર વિચાર કરવાથી સમજાય છે કે ઇમાઉમે ઝમાના અલયહિસ્સલામ ખુદાવન્દે આલમની સિફત 'ગયાસલ મુસ્તગીસીન' ના સંપૂર્ણ કેન્દ્ર અને સંપૂર્ણ દર્પણ (સમાન) છે. જેવી રીતે તેઓ દરેકનો અવાજ સાંભળે છે અને દરેકની ભાષા જાણે છે. હંમેશા દરેકની ફરિયાદ સાંભળે છે અને દરેકની મુશ્કેલીઓને દૂર કરે છે. આમાં ફર્ક માત્ર એટલો છે કે આ સિફત ખુદાવન્દે આલમની ઝાતી સિફત છે. અને તેણે જે ઇમામ (અ.સ.) ને આ સિફત અતા ફરમાવી છે તે (અલ્લાહ) ખાલીક છે અને આ (ઈમામ અજ.) મખ્લુક છે તે વાજીબ છે અને આ મુમ્મકીન છે.

આ ચર્ચાને વધુ ન લંબાવતા અમે કેટલીક દોઆઓ અને ઇસ્તગાસાનો ઉલ્લેખ કરીશું જેથી મુશ્કેલીઓમાં આપણા ઇમામ અલયહિસ્સલામને એ દોઆના શબ્દોથી યાદ કરી શકાય. પરંતુ તેની સાથો સાથે દોઆ કરવાના અમૂક આદાબનો ઉલ્લેખ પણ કરીશું કેમ કે જેને મદદ માટે બોલાવવા છે તેને બોલાવવા (દોઆ કરવા) ના આદાબથી વાકેફ થવું ખાસ જરૂરી છે.

(૧) બા વઝુ હોવું. શરીર ઉપર પાકીઝા કપડા પહેરવા.

(૨) ઇસ્તગફાર કરવો (ગુનાહોની માફી માંગવી)

(૩) મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (સ.અ.વ.) ઉપર દુરૂદ અને સલામ મોકલવી.

(૪) ઇમામ અલયહિસ્સલામને હાઝીર નાઝીર જાણવા (હાજર અને નજરની સામે હોય તેમ માનવું) જાણે કે હઝરત તેને (દોઆ કરનારને) જોઇ રહ્યા છે. અને તે પોતે હઝરત (અજ.) ની સામે ઉભો છે. (જાણે કે) હજરત તેની વાતોને સાંભળી રહ્યા છે, કેમ કે હઝરત તેની દરેક મુશ્કેલીઓને હલ કરવાની શક્તિ ધરાવે છે. ખુદાવન્દે આલમ રફથી જે કોઇની પણ ઉપર ફૈઝ અને બરકત નાઝીલ થાય છે તે બધા એ હઝરત (અજ.) ના વસીલાથી જ નાઝીલ થાય છે. શબે કદ્રમાં બધાજ કાર્યો સાહેબલ અમ્ર (અજ.) ની ખિદમતમાં આવે છે.

(૫) એ વાત નિશ્ચિતપણે માનવી કે ઇમામ (અ.સ.) શિયાઓ અને તેઓના દોસ્તોને તેઓના વાલેદૈન અને સગાસંબંધીઓ કરતા પણ વધારે માનવંતા (દોસ્ત) ગણે છે. એક રિવાયતમાં છે કે અમે અમારા શિયાઓને એટલા બધા માનવંતા (દોસ્તી) રાખીએ છીએ કે જ્યારે તેમને તાવ આવે છે ત્યારે તેની ગરમી અમે મેહસુસ કરીએ છીએ. આની અસર એ છે કે જેની સામે આપણે આપણા પ્રશ્ન (મસાએલ) રજુ કરીએ છીએ તે આપણા વાલેદૈન કરતા પણ આપણી ઉપર વધારે શફીક અને મહેરબાન છે. તેથી આપણી મુશ્કેલીઓને તેઓ અવશ્ય અને અનીવાર્યપણે હલ કરી આપશે.

(૬) ખુદાવન્દે આલમની બારગાહમાં આપણા તમામ ગુનાહોની વાસ્તવિક તૌબા કરવી. જેથી હૃદયના ઉંડાણપૂર્વક ઇમામે અસ્ર અલયહિસ્સલામથી નઝદીક થઇ શકાય. (જુએ તે આંતરિક ગુનાહ હોય અથવા બાહ્ય ગુનાહ હોય.)

(૭) જે કોઇ બિરાદરે મોમીનને સતાવયો હોય અથવા તેનું દિલ દુભાવ્યું તો તેને (પોતાનાથી) રાજી કરી લેવો જોઇએ. જો આપણ દિલ સાફ નહીં હોય તો આપણે ઇમામે અસ્ર અલયહિસ્સલામની ખિદમતમાં દ્વષપૂર્ણ દિલ લઇને કેવી રીતે જઇશું ? કેમ કે, ભાઇઓના દિલ દુખાવવા ખુદા, રસૂલ અને ઇમામને પસંદ નથી.

(૮) ત્યાર પછી દોઆ (કરવી-માંગવી) શરૂ કરે અને તેના કબુલ થવાની ખાત્રી રાખે.

ઉપર જણાવ્યા મુજબની કેટલીક દુઆઓ અને ઇસ્તગાસાની વિગત અત્રે પ્રસ્તુત કરીએ છીએ.

(૧) યા મોહમ્મદો, યા અલીય્યો, યા ફાતેમતો, યા સાહેબઝઝમાને અદરીકની વલા તોહલીકની.

(૨) રણમાં અથાવ કોઇ વિશાળ અને એકાંત જગ્યામાં માથું ખુલ્લુ રાખીને આ શબ્દોમાં ફરિયાદ કરે.

યા અલ કાસિમ અગીસ્ની યા અબા સાલેહ અલ મહદી અદરીકની અદરીકની વલા તદઅની ફઇન્ની ઝલીલુન આજેઝુન.

અનુવાદ : અય અબુલ કાસિમ (આ ઇમામની કુન્નિયત છે.) મારી ફરિયાદ પહોંચો, અય અબા સાલેહ અલ મહદી (આ પણ ઇમામે ઝમાના અ.સ. ની કુન્નિયત અને લકબ છે.) મારી મદદ ફરમાવો, મને એકલો અટુલો ન છોડી દો હું ઝલીલ છું, બીચારી છું, મજબુર-નિરાધાર છું.

(૩) એક દોઆ આ પ્રમાણે છે.

અલ્લાહુમ્મ ઇન્ની અસઅલોક બેહક્કે વલીય્યકે વ હુજ્જતેક સાહેબઝઝમાન ઇલ્લા અઅનતની બેહી અલા જમીએ ઓમૂરેઇ વ કફયતની બેહી મઓનત કુલ્લે મૂઝીન વ તાગીન વ બાગીન વ અઅનતની બેહી ફકદ બલગ મજહુદી વ કફતયની કુલ્લ હોદુવવીન વ હમ્મીન વગ ગમ્મીન વ દયનીન વ વલદી વ જમીએ અહલી વ ઇખ્વાની વ મન યોઅનેની અમ્રોહુ વ આસ્સતી આમીન રબ્બલ આલમીન.

(બેહારુલ અન્વાર ભાગ ૯૪, પાના નં. ૩૫)

પરવરદિગાર હું તારા વલી, તારી હુજ્જત (હુજ્જતે આખિર) સાહેબઝઝમાનના હકના માધ્યમ દ્વારા તને સવાલ કરી રહ્યો છું. મારી મુશ્કેલીઓ સમસ્યાઓ માં મારી મદદ ફરમાવ. દરેક મૂઝી ત્રાસદાયક બગાવત કરનાર સરકશથી બુરાઇથી મારૂં રક્ષણ કર. હઝરત (અજ.) દ્વારા મારી મદદ કર. મારા પ્રયત્નો પરાકાષ્ટાએ પહોંચી ગયા છે. મારા પરથી અને મારી અવલાદ, મારા તમામ કુટુંબીજનો, મારા ભાઇઓ, અને દરેક એવી વ્યક્તિઓ જેની જવાબદારી મારી ઉપર છે તે બધા ઉપરથી દરેક પ્રકારના દુશ્મનો, ગમ, મુસીબતો અને કર્ઝ (દેવા) ને દૂર રાખ. મારી નજદિકના તમામ લોકોને નજાત અતા કર. આમીન અય તમામ દુનિયાઓના પરવરદિગાર.

(૪) અબુલ હસન મહમદ બિન અહમદ બિન અબીલ લયસ (રહ.) ને એ જમાનાના બાદશાહ તરફથી કત્લ થઇ જાવાનો ભય હતો. એ જોખમના કારણે તેમણે શહેર છોડી દીધું અને કબ્રસ્તાનમાં શરણ લીધું હઝરત ઇમામે ઝમાના અલયહિસ્સલામે તેઓને નીચે મુજબની દોઆની તાલીમ આપી, જે પઢવાની બકતથી અબુ હસનને કત્લ થવાથી મુક્તિ મળી અને તેનો જીવ બચી ગયો. તે દોઆ નીચે પ્રમાણે છે.

અલ્લાહુમ્મ અઝોમો બલા વ બરેહલ ખફાઅ વન કતઅર રજાઅ વન કશફલ ગેતાઓ વ ઝાકતિલ અરઝો વ મોનેઅતીસ્સમાઓ વ એલય્ક યા રબ્બે અલ મુશતકા વ અલય્કલ મોઅવ્વલો ફીશશીદ્દતે વર ખાએ અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદીંવ વ આલે મોહમ્મદીન ઉલીલ અમ્રીલ લઝીન ફરઝત અલય્ના તાઅતહુમ વ અરરફતના બેઝાલેક મન્ઝેલતહુમ ફફરીંજ અન્ના બે હક્કેહીમ ફરજન આજેલન કરીબન કલમહીલ બસરે અવ હોવ અકરબો યા મોહમ્મદો યા અલીય્યો યા અલીય્યો યા મોહમ્મદો, ઇકફેયાની ફ ઇન્નકોમા કાફેયાય, વન સોરાની ફ ઇન્નકોમા નાસેરાય, યા મવ્લાય યા સાહેબઝઝમાન, અલ ગવ્સ, અલ ગવ્સ, અલ ગવ્સ,અદરીકની અદરીકની, અદરીકની

(૫) મિરઝા મોહમ્મદ સઇદના પગમાં દર્દ શરૂ થયું ધીરે ધીરે બંને પગ ઉપર સોજા ચડી ગયા. તે દર્દ એટલું વધી ગયું હતું કે તેઓ સીધા ચાલી શક્તા ન હતા, તેથી લંગડાઇને ચાલતા હતા. તેઓએ ડોક્ટરો પાસે ઇલાજ કરાવ્યો પણ થોડા સમય પૂરતો ફાયદો થયો. થોડા દિવસ પછી પાછો દુખાવો શરૂ થઇ ગયો એટલું જ નહીં બંને પગમાં રસી થઇ ગઇ. તેમજ તેન અસર આખા શરીરમાં થઇ થઇ. શરીરમાં જગ્યા જગ્યાએથી રસી નીકળતી હતી. તેને કોઇ પણ દવાથી કોઇ ફાયદોથત ન હતો. તેના દર્દમાં દિવસે દિવસે વધારો થતો હતો છેવટે તેન હાલત એવી થઇ ગઇ કે તે જમીન પર પગ માંડી શક્તો ન હતો. તેના શરીરમાં એટલું બધું લોહી વહી ચૂક્યું હતું કે શરીર ઉપર માત્ર ચામડ અને હાડકા બાકી રહ્યા હતા. તને સતત દર્દ થતું હોવાને કારણે તેનો સ્વભાવ ચીડીયો થઇ ગયો હતો. તેની આ બીમારીને લીધે કુટુંબના બધાજ સભ્યો પરેશાન થઇ ગયા હતા. તેનું આખુ શરીર એટલું બધું સડી ચૂક્યું હતું કે કોઇ તેના શરીરના એક ભાગમાંથી રસી બહાર આવી જતી હતી. યોગાનુયોગ એવો થયો કે એ દિવસોમાં ''નાઇન'' શહેરમાં ''વબા'' (પ્લેગ) ની બીમારી ફાટી નીકળી હતી. તેથી પ્લેગાન ડરથી તે લોકો બીજે ગામ ચાલ્યા ગતા. ત્યાં આકા યુસુફ નામના એક નિષ્ણાંત તબિબ હતા. તેમને મિરઝા મોહમદની તબિયત દેખાડવામાં આવી, લાંબા સમય સુધી જોયા પછી તેણે દર્દીના માસા અબ્દુલ વહાબને ખુણામાં લઇ જઇને કાંઇ કહ્યું જેનાથી એમ જણાઇ આવતું હતું કે આ

જાણકાર અને નિષ્ણાંત તબિત પણ તેના ઉપચાર કરવા માટે લાચાર છે. તે પીછ તો તેના ઘરના સભ્યોની નિરાશામાં વૃદ્ધિ થઇ ગઇ. તેઓ વધુ હતાશ થઇ ગયા. એવામાં એવી જાણકારી મળી કે એક ગામમાં મિરઝા અબૂ તાલીબ નામનો એક માણસ ખૂબજ મુત્તકી અને પરહેઝગાર છે. તેની પાસે હઝરત ઇમામ અસ્ર અલયહિસ્સલામની ખિદમતમાં પ્રસ્તુત કરવા માટે એક અરીઝા અને એક 'ઇસ્તેગાસા' છે. જે અરીઝા ખૂબજ અસરકારક અને અકસીર છે. બીમાર માણસની માતા મિરઝા અબુ તાલીબની પાસે પહોંચી. તેણે પોતાના બીમાર ફરઝંદની શફા માટે અરીઝા લખવાની વિનંતી કરી. જુમ્આના દિવસે તેઓએ એક અરીઝા લખી આપી. બીમાર માણસની માતા તે અરીઝા લઇને એક કુવા પાસે અરીઝા નાખવા માટે ગઇ. જ્યારે તેણીએ તે અરીઝા નાખી દીધી તો તે અરીઝા અધવચ્ચે જ રહી ગઇ. આ જોઇને તે સ્ત્રી ખૂબજ રડવા લાગી. બીમારના ભાઇએ રાતના એક સ્વપ્ન જોયું કે : ઇમામે અસ્ર અલયહિસ્સલામ તશરીફ લાવ્યા છે. તેઓના હાથ મુબારકમાં એક નેઝો છે. જે નેઝાને તેઓ (અજ.) એ મારા ભાઇના પડખા પરા રાખ્યો અને ફરમાવ્યું : ઉઠો અને તમારા (ખાલુ) માસાનું સ્વાગત કરો. (તેના માસરા ઘણા સમયથી પ્રવાસમાં ગયા હતા, તેના વિશેના કોઇ સમાચાર ન હતા તેથી તેમના વિશે પણ કટુંબીજનો ચિંતિત હતા.) મારો ભાઇ ઉઠ્યો અને ઉભો થઇને દરવાજા સુધી માસાના સ્વાગત માટે ગયો. આ સ્વપ્ન જોયા પછી બીમારના ભાઇની આંખો ખુલી ગઇ. સવારનો સમય છે, ઘરના બધા લોકો સુતા છે, તે તુરતજ પોતાના બીમાર ભાઇની પાસે આવ્યો. તેને જગાડ્યો અને કહ્યું : ભાઇ ઉઠો, તમને ઇમામે અસ્ર અલયહિસ્સલામે શફા આપી છે. આમ કહેતા તેના હાથ પકડીને તેને ઉઠાડ્યો. જે બીમાર ભાઇ રાત સુધી જમીન ઉપર પગ પણ મૂકી શક્તો ન હતો, તે ખૂરજ સારી રીતે ઘરમાં ચાલી રહ્યો હતો. તેના આખા શરીરમાં રોગનું કોઇ નામો નિશાન ન્હોતું. તે અરીઝા અને ઇસ્તગાસા નીચે મુજબ છે.

બિસ્મિલ્લાહીર રહમાનીર રહીમ તવસ્સલ્તો - એલય્ક યા અબલ કાસિમ મોહમ્મદીબ્ની હસનીબ્ને અલીય્યીબ્ને મોહમ્મદીબ્ને અલીય્યીબ્ન મુસબ્ને જઅફરીબ્ને મોહમ્મદીબ્ને અલીય્યીબ્નીલ હુસયનીબ્ને અલીય્યીબ્ને અબી તાલેબન્નબા ઇલ અઝીમે વસ્સેરાતિલ મુસ્તકીમે વ ઇસ્મતીલ અજ્ઞીન બેઉમ્મેદ સય્યદતે નેસાઇલ આલમીન વ બે આબાએકત્તાહેરીન વ બે ઉમ્મહાતેકત્તાહેરાતે બે યાસીન વલ કુરઆનિલ હકીમ વલ જમબરૂતીલ અઝીમ વ હકીકતીલ ઇમાન વ નૂરીન્નૂર વ કેતાબી મસ્તુરીન અન તકૂન સફીરી એલલ્લાહે તઆલા ફીલ હાજતે લે ફૂલાં અવહલાક ફૂલા બિન ફૂલા (ફૂલાં ની જગ્યાએ પોતાની હાજત બયાન કરવી.)

ઉપર મુજબની અરીઝા લખીને વહેતા પાણીમાં અથવા કૂવામાં નાખી દેવી અને તે વખતે નીચે મુજબ કહેવું, ઉસ્માન બિન સઇદ અને મોહમ્મદ બિન ઉસ્માન (આ બંને બુઝુર્ગ મરતબાવાળા હઝરત ઇમામે અસ્ર અલયહિસ્સલામના પહેલા અને બીજા નાએબ ખાસ છે. જેઓ લોકોના મસાએલને હઝરત વલીએ અસ્ર અલયહિસ્સલામની ખિદમતમાં રજૂ કરે છે.)

યા ઉસ્માન બિન સઇદ વ યા મોહમ્મદ બિન ઉસ્માન અવસેલા કિસ્સત એલા સાહેબીઝઝમાન સલવાતુલ્લાહ અલયહ.

ખુદાવન્દા, અમને બધાને હઝરત બકીય્યતુલ્લાહ, વલીએ અસ્ર ઇમામે ઝમાના, હઝરત હુજ્જતીબ્નીલ હસન અલ અસ્કરી અરવાહના ફીહાદની વધુને વધુ નીકટ ફરમાવ. તેઓ સાથે તવસ્સુલ (વસીલો માધ્યમ) અને ઇસ્તગાસા કરવાની (મદદ માટે પોકારવાની) તૌફીકાત ઇનાયત ફરમાવ. તેઓની ચરણરજમાં અમને દુનિયાના ફીત્ના ફસાદ, અખ્લાકની તબાહી, દીનની બરબાદી, દિલના અયબો, બે તૌફીકી, બે અમલી વગેરે બૂરાઇઓથી મુક્તિ આપ.

પરવરદિગાર અમારી બધાની અન્સારે હુસૈન અલયહિસ્સલામના સદકામાં ઇમામે ઝમાના અલયહિસ્સલામના મુખ્લીસ ગુલામોમાં ગણત્રી કરે.